RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 15 | Issue : 124 | Dt. 27-11-2025 | Page : 08 | Price : Rs 3




Editor : **PRATIPALSINH NARENDRASINH JADEJA**, Publisher, Printer & Owner : **YASHPALSINH JAYCHANDRASINH JADEJA**
Place of Publication and Printing : **201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT**

# ખનીજ માટે ૭ હજાર કરોડનો માસ્ટર પ્લાન

## ચીન પરની નિર્ભરતાનો આવશે અંત, ભારત વિશ્વમાં જમાવશે વર્ચસ્વ

નવીદિલ્હી , તા . ૨૬

દુર્લભ પૃથ્વીના ખનિજો આજના આધુનિક વિશ્વની કરોડરજ્જુ છે. તમારી ઈલેક્ટ્રિક કાર, સૌર પેનલ અને આવશ્યક સંરક્ષણ સાધનો પણ તેમના વિના અશક્ય છે. ચીન આ આવશ્યક તત્વો પર વિશ્વભરમાં પોતાનું વર્ચસ્વ જમાવી રહ્યું છે. કેન્દ્રીય મંત્રીમંડળ આજે ચીનના ઉગ્ર વલણને પડકારવા માટે એક મોટા નિર્ણયને મંજૂરી આપી શકે છે. મંત્રીમંડળની બેઠકમાં દુર્લભ પૃથ્વીના કાયમી ચુંબક માટે એક નવી પ્રોત્સાહન યોજનાને મંજૂરી મળે તેવી શક્યતા છે. અહેવાલ મુજબ, સરકાર આ યોજના પર આશરે ૭,૦૦૦ કરોડ ખર્ચવાની યોજના ધરાવે છે, જે અગાઉના અંદાજિત ૨,૫૦૦ કરોડથી નોંધપાત્ર વધારો છે. આ પગલાથી ભારતને ઈલેક્ટ્રિક વાહનો (EVs), નવીનીકરણીય ઉર્જા અને સંરક્ષણ ઉત્પાદન માટે જરૂરી મહત્વપૂર્ણ સામગ્રીનો પુરવઠો સુરક્ષિત કરવામાં મદદ મળશે.

હકીકતમાં, ચીન આજે વૈશ્વિક સ્તરે ઉપયોગમાં લેવાતા કાચા દુર્લભ પૃથ્વીના ૬૦



થી ૭૦% ઉત્પાદન કરે છે અને તેમની પ્રક્રિયાના ૯૦% સુધી નિયંત્રિત કરે છે. જ્યારે ચીને એપ્રિલમાં આ મહત્વપૂર્ણ ખનિજો પર નિકાસ નિયંત્રણો કડક કર્યા, ત્યારે વિશ્વભરમાં પુરવઠા શૃંખલા ખોરવાઈ ગઈ. અમેરિકા સાથેના વેપાર તણાવ વચ્ચે ચીન આ ખનિજોનો હથિયાર તરીકે ઉપયોગ કરી રહ્યું છે. જુલાઈમાં, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સ્પષ્ટતા કરી હતી કે મહત્વપૂર્ણ ખનિજોને શસ્ત્ર બનાવવું જોઈએ નહીં અને સ્થિર અને વૈવિધ્યસભર પુરવઠા શૃંખલાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. ભારત પણ તેની જરૂરિયાતોનો મોટો હિસ્સો ચીનમાંથી મેળવે છે. સરકારી માહિતી અનુસાર, ભારતે ૨૦૨૩-૨૪માં ૨,૨૭૦ ટન દુર્લભ પૃથ્વી ધાતુઓ અને સંયોજનોની આયાત કરી હતી, જે એક વર્ષ અગાઉ કરતા લગભગ ૧૭% વધુ છે. આ પુરવઠાનો ૬૫% થી વધુ ભાગ ચીનમાંથી આવ્યો હતો. તેથી, માત્ર ₹૨,૫૦૦ કરોડની નાની યોજના સાથે આત્મનિર્ભરતા પ્રાપ્ત કરવી મુશ્કેલ હતું. ભારતને તેની પુરવઠા શૃંખલા વિકસાવવા માટે નોંધપાત્ર રોકાણની જરૂર હતી, અને આ ₹૭,૦૦૦ કરોડની યોજના તે દિશામાં એક મોટું પગલું છે.

જોકે, ભારત આ ક્ષેત્રમાં કેટલાક નોંધપાત્ર પડકારોનો સામનો કરે છે. દુર્લભ પૃથ્વી ખાણકામ સાથે સંકળાયેલા પર્યાવરણીય જોખમો એક જટિલ મુદ્દો છે. વધુમાં, અપૂરતું ભંડોળ, તકનીકી કુશળતાનો અભાવ અને લાંબા પ્રોજેક્ટ સમયરેખાએ રાજ્યના સમર્થન વિના વાણિજ્યિક ઉત્પાદન થતું અટકાવ્યું છે. જો કે, સરકાર નિષ્ક્રિય બેઠી નથી. અહેવાલો અનુસાર, ઘણા વૈશ્વિક સપ્લાયર્સ આશરે ૨,૦૦૦ ટન ઓક્સાઇડની ભારતની વાર્ષિક માંગને પહોંચી વળવામાં રસ ધરાવે છે.

## આધાર કાર્ડની છેતરપિંડી અટકાવવા સરકારનો માસ્ટર સ્ટોક

# બે કરોડ આધારકાર્ડ રદ્દ

## મૃત લોકોના આધાર નંબર કાયમી ધોરણે નિષ્ક્રિય કરવામાં આવ્યા

નવીદિલ્હી, તા. ૨૬

આધાર કાર્ડની છેતરપિંડી અટકાવવા માટે UIDAIએ એક મોટું પગલું ભર્યું છે. UIDAI એ તેના ડેટાબેઝમાંથી ૨૦ મિલિયન લોકોના નામ દૂર કર્યા છે. ૨૦ મિલિયન લોકોના આધાર કાર્ડ નિષ્ક્રિય કરવામાં આવ્યા છે. જે લોકો મૃત્યુ પામ્યા છે તેમના નામ દૂર કરવામાં આવ્યા છે. પરિણામે, કોઈપણ પ્રકારની છેતરપિંડી અટકાવવા માટે તેમના આધાર નંબર નિષ્ક્રિય કરવામાં આવ્યા છે. આધાર નંબરનો ઉપયોગ કરીને હેકર્સ દ્વારા થતી છેતરપિંડીના વધતા કિસ્સાઓ અને આધારના દુરુપયોગને રોકવા માટે, મૃત લોકોના આધાર નંબર કાયમી ધોરણે નિષ્ક્રિય કરવામાં આવી




રહ્યા છે. આ માટે, સચોટ માહિતી મેળવ્યા પછી તેમને ડેટાબેઝમાંથી દૂર કરવામાં આવી રહ્યા છે.

UIDAIએ ૨૦ મિલિયન આધાર નંબર નિષ્ક્રિય કર્યા છે. મૃત લોકોના આધાર કાર્ડની માહિતી ભારતના રજિસ્ટ્રાર જનરલ, રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશો, જાહેર વિતરણ વ્યવસ્થા, રાષ્ટ્રીય સામાજિક સહાય કાર્યક્રમ અને અનેક સરકારી વિભાગો પાસેથી મેળવવામાં આવી હતી. સચોટ માહિતી મેળવ્યા પછી, આ આધાર કાર્ડ નિષ્ક્રિય કરવામાં આવ્યા છે. UIDAI એ સ્પષ્ટતા કરી છે કે નિષ્ક્રિય કરવામાં આવી રહેલા મૃત વ્યક્તિઓના આધાર નંબર ફરીથી સોંપવામાં આવશે નહીં. જો તમારા ઘરના મૃત વ્યક્તિઓના આધાર નંબર હજુ પણ સક્રિય છે, તો તમે myAadhaar પોર્ટલ દ્વારા તેમની જાણ કરી શકો છો. myAadhaar સુવિધા ૨૫ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ઉપલબ્ધ છે. તમે આપેલી માહિતીની ચકાસણી કર્યા પછી નિષ્ક્રિયકરણ પ્રક્રિયા કરવામાં આવે છે.

જોકે નિષ્ણાતોએ ચેતવણી આપી છે કે દેશના કેટલાક વિસ્તારોમાં મૃત્યુ નોંધણી હજુ પણ અધૂરી છે, જેના કારણે ભૂલભરેલા નિષ્ક્રિયકરણનું જોખમ વધી રહ્યું છે, UIDAI કહે છે કે બહુ-સ્તરીય ડેટા મેચિંગ અને ચકાસણી પદ્ધતિઓએ આવી ભૂલોને ઓછી કરી છે. જો કોઈ જીવંત વ્યક્તિનો આધાર આકસ્મિક રીતે નિષ્ક્રિય થઈ જાય, તો તેઓ UIDAIની સ્થાપિત પ્રક્રિયાઓ હેઠળ ફરીથી સક્રિયકરણ માટે અરજી કરી શકે છે અને જરૂરી દસ્તાવેજો પ્રદાન કરી શકે છે.

# ગુજરાત કોમનવેલ્થ ગેમ્સના યજમાન પદે

## સમગ્ર દેશ-ગુજરાત માટે ગૌરવની ક્ષણ : 'વિકસિત ભારત ૨૦૪૭'ને મળશે વેગ : CMએ કહ્યું ગુજરાત બનશે દેશનું સ્પોર્ટ્સ કેપિટલ



રાજકોટ, તા. ૨૬

આખરે જે ક્ષણની આતુરતાથી રાહ જોવાઈ રહી હતી, તે ઘડીને સત્તાવાર મહોર લાગી ગઈ છે. અમદાવાદ વર્ષ-૨૦૩૦માં આયોજિત થનારા કોમનવેલ્થ ગેમ્સની યજમાની કરશે. આ અંગેની જાહેરાત ગ્લાસગ્લો, સ્કોટલેંડ ખાતે આયોજિત 'કોમનવેલ્થ સ્પોર્ટ્સ જનરલ એસેમ્બલી'ની બેઠકના અંતે કરવામાં આવી છે. આ ક્ષણ સમગ્ર દેશ અને ગુજરાત માટે ગૌરવની ક્ષણ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના રમતગમતની સંસ્કૃતિને સતત પ્રોત્સાહન અને દૂરદર્શીતા, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તથા નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના અથાક પ્રયાસોના લીધે ભારત ખેલકૂદના ક્ષેત્રમાં સતત આગેકુચ કરી રહ્યું છે. જેના પરિણામસ્વરૂપે કોમનવેલ્થ રમતોત્સવની શતાબ્દી અંતર્ગત ૨૪-મા કોમનવેલ્થ રમતોત્સવની યજમાની અમદાવાદને પ્રાપ્ત થઇ છે. કોમનવેલ્થ ગેમ્સનો પ્રારભ થયા'ના શતાબ્દી વર્ષની ઉજવણી વર્ષ-૨૦૩૦માં થઇ રહી હોઈ, આ નિર્ણય ભારત અને કોમનવેલ્થ સપોર્ટસ મુવમેન્ટ માટે એતિહાસિક ક્ષણ બની રહેશે. આ નિર્ણય કોમનવેલ્થ રાષ્ટ્રોની રમતગમત પ્રત્યેની શ્રેષ્ઠતા, એકતા અને સંયુક્ત પ્રગતિના ૧૦૦ વર્ષની ઉજવણીના પ્રતિકરૂપ બની રહેશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ભારતમાં રમતગમતની સંસ્કૃતિને પ્રોત્સાહન આપવા માટે 'ખેલો ઇન્ડિયા'થી પ્રતિભાવંત ખેલાડીઓની શોધ અને તેમના સંવર્ધન માટે સતત પ્રવૃત એવા દેશના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના સતત માર્ગદર્શનના લીધે દેશને કોમનવેલ્થ રમતોત્સવની યજમાની કરવાનું ગૌરવ પ્રાપ્ત થયું છે. આ ક્ષણને વધાવી લેતા કેન્દ્રિય ગૃહ મંત્રી અમિત શાહે દેશના સૌ નાગરિકોને અભિનંદન પાઠવતા જણાવ્યું હતું કે, આ મોદીજીના સતત પ્રયાસોને આભારી છે. રમતગમતને લગતી સબળ માળખાકીય સુવિધાઓ અને ખેલાડીઓ ઉભા કરીને તેને આંતરરાષ્ટ્રીય કક્ષા સમકક્ષ મુકવાના લીધે જ આ બહુમાન ભારત અને ખાસ કરીને અમદાવાદને પ્રાપ્ત થયું છે.

'અમદાવાદ, ગુજરાત અને ભારત માટે આ અપ્રતિમ ગૌરવની ક્ષણ છે'. ગુજરાત હવે દેશના સપોર્ટસ કેપિટલ તરીકે ઉભરશે. એટલું જ નહિ, વિકસિત ગુજરાતથી વિકસિત ભારતની સંકલ્પનાને વધુ મજબુત કરશે. આ પ્રસંગે કેન્દ્રિય રમતગત અને યુવા બાબતોના મંત્રી ડો.મનસુખ માંડવીયાએ જણાવ્યું હતું કે, 'અમદાવાદમાં યોજાનારી કોમનવેલ્થ ગેમ્સ-૨૦૩૦ એ ભારતની વિકાસયાત્રાનો તથા રમતગમતને રાષ્ટ્રીય વિકાસના સાધન તરીકે અપનાવવાની પ્રતિબદ્ધતાનો ઉત્સવ બની રહેશે. આ સીમાચિહ્ન 'વિકસિત ભારત૨૦૪૭'ના આપણા વિઝનને મજબૂત બનાવશે અને પ્રભાવશાળી, સમાવેશી તથા ટકાઉ રમતગમત કાર્યક્રમોનું આયોજન કરવામાં ભારતની વૈશ્વિક નેતૃત્વક્ષમતાને વધુ સુદ્રઢ કરશે.

ગુજરાતના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ ઉત્સાહભેર જણાવ્યું હતું કે, આ ક્ષણ ગુજરાત તથા ભારત માટે અત્યંત ગૌરવપ્રદ ક્ષણ છે. સો વર્ષ પૂર્ણ થતી કોમનવેલ્થ ગેમ્સનું આયોજન કરવું એ અમારા માટે સન્માન અને જવાબદારી બંને છે. અમદાવાદ અને ભારતની પ્રગતિ, સમાવેશી વિચારસરણી તથા આતિથ્યની ઝલક દર્શાવતા આ ઉત્સવ સાથે વિશ્વનું સ્વાગત કરવા અમે સંપૂર્ણપણે તૈયાર છીએ. આ રમતો આપણી માળખાકીય સુવિધાઓ અને પ્રતિભાનું પ્રદર્શન જ નહીં, પરંતુ એકતા, ટકાઉ વિકાસ તથા શ્રેષ્ઠતા જેવા આપણા મૂલ્યોનું પણ પ્રતિબિંબ પાડશે.

આ તકે કોમનવેલ્થ ગેમ્સ એસોસિએશન ઓફ ઈન્ડિયાના પ્રમુખ ડો. પી. ટી. ઉષાએ જણાવ્યું હતું કે, કોમનવેલ્થ સ્પોર્ટ દ્વારા અમારા પર જે વિશ્વાસ મુકવામાં આવ્યો છે તેનાથી અમે ખૂબ જ ગૌરવાન્વિત છીએ. વર્ષ-૨૦૩૦ની રમતો માત્ર કોમનવેલ્થ ચળવળના સો વર્ષની ઉજવણી જ નહીં, પરંતુ આવનારી સદીનો પાયો પણ નાખશે. આ રમતો કોમનવેલ્થના તમામ દેશોના ખેલાડીઓ, સમુદાયો અને સંસ્કૃતિઓને મિત્રતા તથા પ્રગતિની ભાવના સાથે એકસૂત્રે બાંધશે.

# રાજકોટના સાત વિસ્તારોની હવા પ્રદુષિત!

## ત્રિકોણ બાગ સહિતના સાત વિસ્તારોના કારણે રાજકોટને લાગ્યું પ્રદૂષનું કલંક : વસતી, વાહનો અને ટ્રાફિકના કારણે સર્જાઇ સમસ્યા

રાજકોટ તા. ૨૬

રાજકોટ શહેરનો વિકાસ રાજાની કુંવરીની જેમ દિવસે દિવસે વધી રહ્યો છે. વસતી અને વિસ્તારો વધવાની સાથે ટુ વ્હીલર થી માંડીને ફોર વ્હીલર જેવા વાહનો હવે દરેક ઘર પરિવારની જરૂરિયાત બની ચૂક્યા છે. વસતીની સાથે વાહનોની સંખ્યા પણ વધી રહી છે. એક પરિવારમાં સામાન્ય રીતે બે થી ત્રણ વાહનો હોવા એ હવે સામાન્ય બની ગયું છે. મહાનગરપાલિકાએ જ્યારે ૨૦૨૧ -૨૨ના વર્ષમાં પાર્કિંગ પોલિસી બનાવી હતી તેમાં ૨૦૧૮- ૧૯ ના વર્ષ મુજબ રાજકોટમાં વાહનોની સંખ્યા ૫૮,૪૩૭ હોવાનો અંદાજ મુકાયો હતો. આ આંકડો મહાનગરપાલિકાની વેરા વસુલાત શાખાને વાહન વેરા મળેલા આંકડા પરથી જાહેર કરવામાં આવ્યા હતા.

આ પછી આર.ટી.ઓ. દ્વારા ૨૦૨૩મા પોલીસ વિભાગ સાથેની બેઠકમાં રાજકોટ જિલ્લામાં ૩૦ લાખ વાહનો હોવાનું જણાવ્યું હતું. ઉલ્લેખનીય છે કે આર ટી ઓ દ્વારા જિલ્લા કક્ષાએ નોંધાયેલા વાહનોની જ નોંધ કરાય છે. શહેરમાં નોંધાયેલા વાહનોની કોઈ અલગથી નોંધ કરાતી નથી. આથી, મહાનગરપાલિકામાં વાહન વેરા માટે નોંધાયેલા આંકડા ઉપર જ આધાર રાખવો પડે છે.

રાજકોટના મુખ્ય માર્ગો અને આંતરિક માર્ગો ટૂંકા હોવાની સાથે મહાનગરપાલિકાના



પાપે દબાણોથી ભરપૂર છે. સાથે સાથે શહેરમાં ટ્રાફિક નિયંત્રણ નામ પુરતું જ છે. શહેરના જુના વિસ્તારમાં, જ્યાં નેટવર્ક નવા વિકાસમાં નિયમિત ગ્રીડ નેટવર્ક જેવી કોઈ ખાસ પદ્ધતિને અનુસરતું નથી. શહેરના રસ્તાઓ એક રિંગ-ત્રિજ્યા પેટર્ન બનાવે છે, જેમાં છ કેન્દ્રમાંથી નીકળતા રસ્તાઓ અને એક મુખ્ય રોગ છે. મોટાભાગના શહેરના રસ્તાઓ પર વ્યાપારી પ્રવૃત્તિઓ વિકાસ પામેલ છે. મોટા ભાગના રસ્તાઓ ઓછી પહોળાઈ સાથેનાં તથા સાંકડા તેમજ દબાણયુક્ત હોવાનાં કારણે વાહનો અવારનવાર ટ્રાફિકમા અટવાઈ જાય છે. આ કારણે શહેરમાં ધૂમાડા નું પ્રદુષણ સાથે સતત હોર્ન વગાડીને કે પછી વાહનોના અવાજને કારણે હવા પ્રદુષિત બની રહી છે અને ધ્વની પ્રદુષણ પણ વધી રહ્યું છે

શહેરના તમામ વાહનોની સરેરાશ ગતિ ૧૬ કિ.મી. પ્રતિ કલાકની છે. અને સાંકડા શેરીઓ અને શેરીઓમાં ચાલતા લોકોના કારણે જુના શહેર વિસ્તારમાં આ ગતિ ઘણી ઓછી છે. મોટાભાગના વિસ્તારોને જોડતા રસ્તાઓ પર વાહનોની સરેરાશ ગતિ ૨૦ કિમી પ્રતિ કલાકથી વધુ અને આંતરિક સશેરીઓમાં દર એક કિલોમીટર પર આવેલ જુદા જુદા જંકશનોના કારણે સરેરાશ ગતિ ૧૦ કિ.મી /પ્રતિ કલાકની હોય છે.

રાજકોટ શહેર અને આસપાસના વિસ્તારોમાં વિવિધ વ્યાપારી અને ઔદ્યોગિક એકમોને કારણે રાજકોટ શહેરથી આજુબાજુના વિસ્તારો જેવા કે શાપર વેરાવળ, મેટોડા, લોધિકા તરફ જતા રસ્તાનું નેટવર્ક ભારે ભીડથી ભરાયેલું છે. ટ્રાફિકની આ વધતી તીવ્રતાને કારણે શહેરની હવા વધુ ને વધુ પ્રદુષિત બની રહી છે. આ પ્રદુષિત હવા ભવિષ્યમાં રાજકોટ માટે જોખમી પૂરવાર થઈ શકે તેમ છે

મહાનગરપાલિકા દ્વારા દરરોજ શહેરના અલગ અલગ ૨૦ વિસ્તારોના જાહેર માર્ગો પર વાહનોને કારણે ફેલાતા હવા પ્રદૂષણ અને ધ્વની પ્રદુષણના આંકડા એકત્રિત કરવામાં આવે છે. જેમાં ડિલક્સ ચોક, છબઈ ઈસ્ટ ઝોન, રેસ કોર્સ, કોઠારીયા, મહિલા કોલેજ, આજીડેમ, જડુસ, મોરબી રોડ, ગ્રીનલેન્ડ ચોકડી, દેવપરા, જિલ્લા પંચાયત ચોક, અટિકા, રેલવે સ્ટેશન, ત્રિકોણ બાગ, છબ્બઈ સેન્ટ્રલ ઝોન, જામ ટાવર, રામદેવ પીર ચોકડી, સોરઠિયા વાડી, નાના મવા સર્કલ , પ્રદ્યુમન પાર્ક જેવા વિસ્તારોમાં દર બે કલાકે હવાના પ્રદૂષણનાં આંકડા એકત્રિત કરવામાં આવે છે. આમાં કેટલાક વિસ્તારોમાં હવાનું પ્રદૂષણ સરેરાશ ૭૫ થી ૧૨૫ને બદલે કાયમ ૧૫૦ થી ૧૭૫ થી વધુ એવરેજમા નોંધાતુ રહ્યું છે.

### આ વિસ્તારોમાં હવાનું પ્રદૂષણ સરેરાશ કરતાં વધુ

- ડિલક્સ ચોક (૧૦૬)
- ગ્રિન લેન્ડ ચોકડી (૮૦)
- મોરબી રોડ (૮૯)
- અટિકા (૧૧૨)

### હવાનું પ્રદૂષણ કેટલું સારું કેટલું ખરાબ? સમજો આંકડાકિય રીતે

- શુન્ય થી ૫૦ પોઈન્ટઃ ખુબ જ સારું (જે સામાન્ય રીતે ગ્રામ્ય વિસ્તારોમાં, જંગલ વિસ્તારમાં કે હિલ સ્ટેશન પર હોય છે)
- ૫૧ થી ૧૦૦ પોઈન્ટઃ સંતોષકારક
- ૧૦૧ થી ૨૦૦ પોઈન્ટઃ એવરેજ ( સારૂં પણ નહીં ખરાબ પણ નહીં)
- ૨૦૧ થી ૩૦૦ પોઈન્ટઃ ખરાબ
- ૩૦૧ થી ૪૦૦ પોઈન્ટ : સામાન્ય ખરાબ થી વધુ ખરાબ
- ૪૦૧ થી ૫૦૦ પોઈન્ટઃ ખુબજ અને અતિ ગંભીર

### આ સાત વિસ્તારોમાં હવાનું પ્રદૂષણ ઝેરી બની શકે છે

- સોરઠિયા વાડી (૩૨૨ પોઈન્ટ)
- છબ્બઈ સેન્ટ્રલ ઝોન કચેરી વિસ્તાર (૩૧૨ પોઈન્ટ)
- જામ ટાવર (૩૧૨ પોઈન્ટ)
- નાના મવા સર્કલ ( ૩૧૦)
- રામદેવ પીર ચોકડી (૩૦૬ પોઈન્ટ)
- પ્રદ્યુમન પાર્ક (૨૦૮)

### આ રહ્યા હવા પ્રદુષિત થવાનાં કારણો

- માર્ગો પર મહત્તમ ટ્રાફિક
- અવારનવાર ટ્રાફિક જામ થવો
- ટ્રાફિક સિગ્નલ પર ટ્રાફિક પોલીસ દ્વારા ટ્રાફિક નિયંત્રણ અને નિયમનનો સદંતર અભાવ
- ગ્રિન કવર એટલે કે, વૃક્ષ આચ્છાદિત માર્ગોનો સદંતર અભાવ



# કરમસદથી કેવડિયા ૧૫૨ કિ.મી. લાંબી પદયાત્રા

## સરદાર ૧૫૦ : રાષ્ટ્રીય યુનિટી માર્ચનો પ્રચંડ જનમેદનીના અદમ્ય ઉત્સાહ વચ્ચે પ્રારંભ કરાવતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

રાજકોટ, તા. ૨૬
વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી દેશભરમાં સરદાર પટેલની ૧૫૦મી જન્મજયંતી અવસરે ઉજવાઈ રહેલી કરમસદથી કેવડિયા સુધીની રાષ્ટ્રીય પદયાત્રા 'સરદાર૧૫૦ : યુનિટી માર્ચ'ને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને ત્રિપુરાના મુખ્યમંત્રી માનિક સાહાએ ફ્લેગ ઓફ આપી પ્રસ્થાન કરાવ્યું હતું. પ્રચંડ જનમેદનીના અદમ્ય ઉત્સાહ અને જય સરદારના ગગનભેદી ગુંજારવ સાથે આ રાષ્ટ્રીય પદયાત્રા સરદાર પટેલની વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા એટલે કે સ્ટેચ્યુ ઓફ યુનિટી એકતાનગર ખાતે ૬ ડિસેમ્બરે પહોંચશે.

૧૫૦ કાયમી પદયાત્રીઓ સાથે આણંદ ઉપરાંત વડોદરા અને નર્મદા જિલ્લામાંથી પસાર થનારી આ પદયાત્રાનો ભવ્ય પ્રારંભ કરાવતા મુખ્યમંત્રીએ જણાવ્યું કે, 'સરદાર૧૫૦ : યુનિટી માર્ચ' પદયાત્રા રાષ્ટ્રભક્તિનો રાજમાર્ગ પ્રશસ્ત કરશે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી પ્રેરિત આ પદયાત્રા સરદાર પટેલને શ્રેષ્ઠ અંજલિ છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સંવિધાન દિવસના અવસરે ડો. બાબાસાહેબ આંબેડકર અને સંવિધાન સભાના સૌ સદસ્યોને આદરપૂર્વક નમન કરીને જણાવ્યું હતું કે, વિશ્વ નેતા તથા એક ભારત, શ્રેષ્ઠ ભારતના પ્રેરણા સ્રોત નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ દેશભરમાં સરદાર સાહેબની ૧૫૦મી જન્મ જયંતીની ભવ્ય ઉજવણીનું આયોજન થયું છે. આ ઉપક્રમે સરદાર સાહેબનું બાળપણ અને શાળા શિક્ષણ જ્યાં થયું હતું, તે પવિત્ર ભૂમિ કરમસદ થી એકતાના પ્રતીક સ્ટેચ્યુ ઓફ યુનિટી, કેવડિયા સુધી યુનિટી માર્ચ યોજાઈ રહી છે.

મુખ્યમંત્રીએ સ્ટેચ્યુ ઓફ યુનિટીના નિર્માણને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા લોહપુરુષ સરદાર સાહેબને આપેલી સાચી અંજલિ ગણાવતા કહ્યું કે, સરદાર સાહેબની આ અભૂતપૂર્વ પ્રતિમા વિશ્વભરમાં ભારતના સામર્થ્ય અને ગૌરવના ઈતિહાસનું જીવંત પ્રતિક બની છે. સરદાર સાહેબે આઝાદી પછી દેશના પ્રથમ નાયબ વડાપ્રધાન અને ગૃહમંત્રી તરીકે ૫૬૨ દેશી રજવાડાઓનું વિલીનીકરણ કરીને અખંડ ભારતનું નિર્માણ કર્યું હતું. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સરદાર સાહેબના માર્ગ પર આગળ વધીને 'એક ભારત, શ્રેષ્ઠ ભારત' અને 'આત્મનિર્ભર ભારત' બનાવવા માટે સતત પ્રયત્નશીલ છે.

સરદાર સાહેબના મૂલ્યોના આધારે નવા ભારતના નિર્માણનું મહાકાર્ય થઈ રહ્યું હોવાનો ઉલ્લેખ કરતા મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, કરોડો હિંદુઓના આસ્થાના પ્રતિક રામ મંદિરમાં શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે ધ્વજારોહણથી મંદિર નિર્માણ કાર્ય સંપન્ન થયું છે. થોડા દિવસો અગાઉ દેશની શ્રમ શક્તિનું સન્માન કરતા ઐતિહાસિક ચાર લેબર કોડ્સ દેશમાં લાગુ થયા છે. સરદાર સાહેબ હંમેશા શ્રમિકો અને ખેડૂતોના હિત માટે કાર્યરત રહ્યા, જેમણે અમદાવાદના કામદારોના હક માટે અને ખેડા તથા બારડોલીના ખેડૂતોના ન્યાય માટે અંગ્રેજી હકુમતને હચમચાવી નાખી હતી તેમ તેમણે ઉમેર્યુ હતું.

'સૌના સાથ, સૌના વિકાસ' ના મંત્ર થકી વિકસિત ભારત બનાવવાના પ્રધાનમંત્રીના સ્વપનને સાકાર કરવાનો અનુરોધ કરતાં મુખ્યમંત્રીએ ઉમેર્યું હતુ કે, વડાપ્રધાનએ તેમનું સમગ્ર જીવન 'રાષ્ટ્ર પ્રથમ'ના ભાવ સાથે દેશ માટે સમર્પિત કર્યું છે. ત્યારે આપણે સૌ એકતાના મૂળ મંત્રને આત્મસાત કરીને આત્મનિર્ભર ભારતના નિર્માણ માટે આગળ વધીશું તે જ સરદાર સાહેબને સાચી શ્રદ્ધાંજલિ છે. ત્રિપુરાના મુખ્યમંત્રી માનિક સાહાએ આ કાર્યક્રમમાં વિશેષ ઉપસ્થિત રહીને પોતાના પ્રેરક ઉદ્દબોધનમાં 'સરદાર૧૫૦ : યુનિટી માર્ચ' અંતર્ગત ત્રિપુરા રાજ્યમાં કરાયેલી ઊજવણી અને આયોજનની રૂપરેખા આપી હતી. આ પદયાત્રા કોઈ સામાન્ય પદભ્રમણ નથી, પરંતુ દેશની એકતા, અખંડતા અને રાષ્ટ્રીય સ્વાભિમાનના પ્રતીક સમા લોહપુરુષ સરદાર પટેલને સમર્પિત વિશેષ આયોજન છે, તેમ મક્કમપણે જણાવી તેમણે રાજ્યની જનતા અને ત્રિપુરાની તરફથી ઉપસ્થિત સૌને અભિનંદન પાઠવ્યા હતા.

# ભારતનું બંધારણ સ્વાતંત્ર્ય સેનાનીઓની મહેનતનું અર્ક

## ગુજરાત વિધાનસભા પોડિયમ ખાતે વિધાનસભાના અધ્યક્ષ શંકરભાઈ ચૌધરીની અધ્યક્ષતામાં બંધારણનું પૂજન અને આમુખનું વાંચન કરાયું



રાજકોટ, તા. ૨૬
વિધાનસભા પોડિયમ ખાતે બંધારણ દિવસ નિમિત્તે વિધાનસભાના અધ્યક્ષ શંકરભાઈ ચૌધરીની અધ્યક્ષતામાં બંધારણનું પૂજન અને બંધારણના આમુખનું વાંચન કરાયું હતું. રાજ્ય મંત્રીમંડળના સભ્યો સહિત ઉપસ્થિત સૌએ બંધારણના આમુખનું સામૂહિક પઠન કર્યું હતું. આ પ્રસંગે ગુજરાત વિધાનસભા અધ્યક્ષ શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, ભારતનું બંધારણ વિશ્વનું સૌથી મોટું લેખીત બંધારણ છે. ભારતનું બંધારણ દેશને આઝાદી અપાવનારા બાહોશ સ્વાતંત્ર્ય સેનાનીઓની મહેનતનું અર્ક છે. ભારતીયતા આપણો ધર્મ છે તો બંધારણ આપણો ધર્મગ્રંથ છે. સંવિધાનના સુયોગ્ય અમલીકરણ થકી નાગરીકોના જીવન સરળ બની રહ્યાં છે. નાગરીકોની સમસ્યાઓનો ઉકેલ આપણાં બંધારણમાં છે. સંવિધાનમાં લોક કલ્યાણ, કાયદો, ન્યાય, સુરક્ષા નાગરીકોના હક અને ફરજો તમામનો સમાવેશ કરવામાં આવ્યો છે. બંધારણને માત્ર પુસ્તક સ્વરૂપે ન જોતાં તેના રાષ્ટ્રહિત સર્વોપરીના ભાવને જીવન શૈલી બનાવવા અધ્યક્ષએ અનુરોધ કર્યો હતો.

બંધારણના આમુખ વાંચન પ્રસંગે ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર મીરાબેન પટેલ, ઊર્જા મંત્રી ઋષિકેશ પટેલ, સામજિક ન્યાય અધિકારીતા મંત્રી પ્રદ્યુમનભાઈ વાજા, કૃષિ રાજ્ય મંત્રી રમેશ કટારા, શહેરી વિકાસ રાજ્ય મંત્રી દર્શનાબેન વાઘેલા, કાયદા રાજ્ય મંત્રી કૌશિકભાઈ વેકરીયા, રાજ્યમંત્રી સ્વરૂપજી ઠાકોર, શિક્ષણ રાજ્ય મંત્રી રીવાબા જાડેજા, ધારાસભ્ય રીટાબેન પટેલ, વિધાનસભા સચિવ સી. બી. પંડ્યા સહિત અધિકારીઓ-કર્મચારીઓ તથા જે. એમ. ચૌધરી શાળાના વિદ્યાર્થીઓ પણ ઉપસ્થિત રહ્યાં હતા.

# હસ્તકલાકારોના કારણે 'હર ઘર સ્વદેશી' અભિયાનને વેગ

## આધુનિક જીવનશૈલી સાથે જોડીને સ્વદેશી વસ્તુઓને આપ્યું પ્રોત્સાહન : ગુજરાતનું વધ્યું ગૌરવ

રાજકોટ, તા. ૨૬
વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'હર ઘર સ્વદેશી' અને 'વોકલ ફોર લોકલ'ના આહ્વાનને ગુજરાત રાજ્ય મજબૂત સમર્થન પૂરું પાડી રહ્યું છે. ખાસ કરીને, હસ્તકલા ક્ષેત્રે કારીગરોને પ્રોત્સાહન આપીને રાજ્યએ સ્વદેશી અભિયાનને નવી દિશા આપી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાત સરકાર આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારતના દષ્ટિકોણ સાથે સ્વદેશી કારીગરી અને પરંપરાગત હસ્તકલાને આધુનિક બજારમાં નવી ઓળખ આપી રહી છે. આ પ્રયાસમાં ગુજરાત સરકારની સંસ્થા ગરવી ગુર્જરી મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહી છે. ગરવી ગુર્જરીના માર્ગદર્શન અને પ્રોત્સાહનથી ગુજરાતના કારીગરો માટે નવા આયામો ખુલ્યા છે, જેમાં ગાંધીનગરના કલમકારી કલાકાર રિદ્ધિ ચાવડાની સફર ઉલ્લેખનીય છે.

વર્ષ ૨૦૧૯માં જ્યારે રિદ્ધિબહેને પહેલી વખત હાથમાં પેઈન્ટ બ્રશ ઉપાડ્યું ત્યારે તેમણે એવું વિચાર્યું પણ નહીં હોય કે તેમની પરંપરાગત કળાને નવી ઓળખ મળશે અને તે અન્ય લોકો માટે રોજગારીની તકો પણ લઈને આવશે. રિદ્ધિબહેન સુંદર કલમકારી કરીને ભારતીય લોક પરંપરાથી પ્રેરિત સુંદર ચિત્રો બનાવે છે. શરૂઆતના વર્ષોમાં તેમણે ઉત્કૃષ્ટ કારીગરી કરીને હેન્ડ-પેઈન્ટેડ કલમકારી સાડી, દુપટ્ટા અને કુશન બનાવ્યા હતા, જે પૌરાણિક કથાઓ, પ્રકૃતિ અને વિવિધ ભાવને પ્રતિબિંબિત કરતા હતા. રિદ્ધિબહેને જણાવ્યું કે, કલમકારી એ સુંદર કામ છે, પણ તે સમય માગી લે તેવી કળા છે અને ખર્ચાળ પણ છે. હું કલમકારીને લોકો માટે સુલભ બનાવવા માગતી હતી અને આ દરમ્યાન મારો પરિચય ગરવી ગુર્જરી સાથે થયો અને ત્યાંથી મારી કળાની નવી સફર શરૂ થઈ.



રિદ્ધિબહેને જ્યારે કસ્ટમાઇઝ્ડ ઓર્ડર લેવાનું શરૂ કર્યું એ દરમ્યાન તેમનો પરિચય ગરવી ગુર્જરી સાથે થયો, જે પરંપરાગત કારીગરોને પ્રોત્સાહન આપવા માટે જાણીતું મંચ છે. રિદ્ધિબહેને ગરવી ગુર્જરીના સહયોગ અને માર્ગદર્શન થકી પરંપરાગત કલમકારી કળાને રોજિંદા ઉપયોગી પ્રોડક્ટ્સમાં રૂપાંતરિત કરીને સ્વદેશી કળાને ઘરે-ઘરે પહોંચાડવાનો પ્રયાસ કર્યો. તેમણે પરંપરાગત કાપડ સુધી મર્યાદિત ન રહેતાં આધુનિક હોમ ડેકોર અને લાઈફસ્ટાઇલ પ્રોડક્ટ્સ પર પણ રંગો ઉતાર્યા. તેમણે ગરવી ગુર્જરીના સહકારથી તૈયાર કરેલી કેન્ડલ, ટ્રે, કોસ્ટર જેવી હોમ એક્સેસરીઝ અને અન્ય સુશોભનની વસ્તુઓ લોકપ્રિય બની છે. રિદ્ધિબહેનનો આ પ્રયાસ વડાપ્રધાનના 'હર ઘર સ્વદેશી' અભિયાનના હેતુ સાથે સુસંગત છે, જે ઘરે-ઘરે સ્વદેશી ઉત્પાદનોના ઉપયોગ પર ભાર મૂકે છે. ગરવી ગુર્જરી મારફતે મુખ્યમંત્રીના કાર્યાલય માટે દિવાળી ગિફ્ટ ઓર્ડર મળ્યા બાદ રિદ્ધિ ચાવડાએ પોતાના વર્કશોપમાં ૨૦થી વધુ મહિલાઓને રોજગારીની તક પૂરી પાડીને મહિલા સશક્તિકરણનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. રિદ્ધિબહેને જણાવ્યું કે, ગુજરાત સરકારની ગરવી ગુર્જરી સંસ્થાના સહયોગથી અમને વધુને વધુ ગ્રાહકો સુધી પહોંચવાની તક મળી છે. અમારું ધ્યેય આ હસ્તકળાના માધ્યમથી મહિલાઓને શક્ત બનાવવાનો અને સર્જનાત્મકતાને વિસ્તૃત કરવાનો છે.

રાજ્યની હસ્તકલા અને હાથશાળની સમગ્ર દેશ અને વિશ્વમાં આગવી ઓળખ પ્રસ્થાપિત કરવા, તેને ટકાવી રાખવા અને તેના વિકાસના મુખ્ય ઉદ્દેશ સાથે કાર્યરત ગુજરાત રાજ્ય હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમ ગુજરાતના આ પરંપરાગત વારસાના વેલાને સતત સિંચી રહ્યું છે. જીએસએચએચડીસીના 'ગરવી-ગુર્જરી' એમ્પોરિયમ થકી રાજ્યમાં ગ્રામ્ય કક્ષાના પરંપરાગત કલા-કારીગરીના વ્યવસાય ઝડપથી પ્રગતિ કરી રહ્યા છે. 'ગરવી-ગુર્જરી' હાથશાળ-હસ્તકલાની શ્રેષ્ઠ કૃતિઓનું સર્જન કરતા અંતરિયાળ ગામોના હજારો કારીગરોના કલા-કસબ તથા પરિશ્રમને લોકો સુધી પહોંચાડે છે અને તેમના ઉત્પાદનોના વેચાણમાં વધારો કરવાના સતત પ્રયત્નો કરે છે. ગરવી ગુર્જરી એ મંચ છે, જે કારીગરોને નાણાકીય સહાય, ડિઝાઈન માર્ગદર્શન અને માર્કેટ લિંકેજ પૂરી પાડીને 'સ્વદેશીથી સ્વાભિમાન' સુધીની સફર સુનિશ્ચિત કરે છે.

# મતદાર સુધારણા પ્રક્રિયા પુરજોશમાં

## ૨૯-૩૦ નવેમ્બરે ૧૮૨ વિધાનસભા મતવિસ્તારમાં તાલુકા સ્તરે કેમ્પ યોજાશે

રાજકોટ, તા. ૨૬
સમગ્ર ગુજરાતમાં મતદાર યાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશ હાથ ધરવામાં આવી રહી છે. આ ઝુંબેશમાં ગણતરીનો તબક્કો ૪ ડિસેમ્બર ૨૦૨૫ સુધી ચાલવાનો છે. હાલમાં આ ઝુંબેશમાં જોડાયેલા જિલ્લા ચૂંટણી અધિકારીઓથી માંડીને ચૂંટણીતંત્રના સૈનિકો સમાન ઈકઘ સુધીનું સમગ્ર ચૂંટણીતંત્ર સુમેળ અને સહકારની ભાવના સાથે નાગરિકોને મદદરૂપ બનવા માટે પ્રયાસરત છે. રાજ્યભરના ઈકઘ ગણતરી ફોર્મના વિતરણ, ફોર્મ ભરવા તથા ૨૦૦૨ની યાદીમાંથી નામ શોધવામાં મદદ કરીને ફોર્મમાં ભરવાની થતી વિગતો બાબતે નાગરિકોને માર્ગદર્શન આપી રહ્યા છે.

મતદારયાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશમાં નાગરિકોને મદદરૂપ થવા માટે ખાસ કેમ્પનું પણ આયોજન કરવા પણ મુખ્ય નિર્વાચન અધિકારી હારીત શુક્લાએ સુચના આપી છે. જે અંતર્ગત સમગ્ર રાજ્યમાં ૧૫ અને ૧૬ નવેમ્બર તથા ૨૨ અને ૨૩ નવેમ્બર, ૨૦૨૫ના રોજ ખાસ કેમ્પો યોજવામાં આવ્યા હતા. આ જ શૃંખલામાં હવે તા. ૨૯ અને ૩૦ નવેમ્બર ૨૦૨૫ એમ બે દિવસ માટે રાજ્યના તમામ ૧૮૨ વિધાનસભા મતવિસ્તારોમાં તાલુકા સ્તરે કેમ્પ યોજવા માટે મુખ્ય નિર્વાચન અધિકારીએ જિલ્લા ચૂંટણી અધિકારીઓને સુચના આપી છે. આવા કેમ્પમાં મામલતદાર, પ્રાંત કચેરીનો સ્ટાફ ઉપસ્થિત રહીને મતદારોને મદદ કરશે. અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્યના મતદારો પોતાના વિધાનસભા મતવિસ્તારની કચેરીએ ગણતરી ફોર્મ જમા કરાવી શકશે તથા ૨૦૦૨ની મતદાર યાદીમાં તેમના નામો શોધવા માટે મદદ પણ મળી રહેશે.

મુખ્ય નિર્વાચન અધિકારીએ આ કેમ્પોમાં મહત્તમ લાભ મેળવીને ગણતરી ફોર્મ ભરીને સુપરત કરવા પણ નાગરિકોને અપીલ કરી છે. જેથી સમયમર્યાદામાં ગણતરી ફોર્મ જમા કરાવી નાગરિકો આગામી તા. ૯ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ જાહેર થનારી ડ્રાફ્ટ મતદાર યાદીમાં તેમનું નામ સુનિશ્ચિત કરાવી શકે.

# કેન્દ્રીય ટુકડી દ્વારા ખેત નુકસાનીનો સર્વે

## ખેતી, માર્ગ મકાન, પી.જી.વી.સી.એલ. વગેરે વિભાગોને થયેલા નુકસાનથી ટીમ મેમ્બર્સ માહિતગાર થયા





રાજકોટ, તા. ૨૬

રાજકોટ જિલ્લાના ખેતી, માર્ગ- મકાન, પી.જી.વી.સી.એલ. વગેરે ક્ષેત્રોમાં વર્ષાઋતુ-૨૦૨૫ દરમિયાન થયેલી નુકસાનીનો તાગ મેળવવા માટે કેન્દ્રિય સચિવ કક્ષાની ટીમ રાજકોટ ખાતે આવી હતી અને વિવિધ ક્ષેત્રોમાં થયેલી નુકસાનીની સવિસ્તર વિગતો મેળવી હતી.

કલેક્ટર કચેરી ખાતે યોજાયેલી આ બેઠકમાં અધિક કલેકટર એ.કે.ગૌતમે કેન્દ્રીય ટીમના સભ્યોને આવકાર્યા હતા. કૃષિ, માર્ગ-મકાન, પી.જી.વી.સી.એલ. વગેરે વિભાગોએ પાવર પોઇન્ટ પ્રેઝન્ટેશનના માધ્યમથી વરસાદના કારણે થયેલ નુકસાનીની વિગતો રજૂ કરી હતી.

કેન્દ્રીય સચિવોએ ખેતી વિશેની તમામ સ્થાનિક જાણકારી ઉપસ્થિત સરકારી વિભાગોના અધિકારીઓ પાસેથી મેળવી હતી. ઓચિંતા વરસાદની પરિસ્થિતિમાં કપાસ અને મગફળીના પાકને બચાવવાના ઉપાયો વિષે કૃષિ વિભાગ દ્વારા કરાયેલી પ્રચાર-પ્રસારની કામગીરીની જાણકારી પણ ટીમના સભ્યોએ મેળવી હતી. રાજકોટ જિલ્લાની કૃષિ ક્ષેત્રની સાંપ્રત પરિસ્થિતિ, જિલ્લામાં લેવાતા ઋતુ પ્રમાણેના રોકડિયા તથા અન્ય કૃષિ પાકો, કૃષિ સંલગ્ન ઉદ્યોગો, કૃષિ ક્ષેત્ર માટે ઉપલબ્ધ આંતર માળખાકીય સવલતો, ગોંડલ-ઉપલેટા પંથકમાં કાર્યરત એમ.એસ.એમ.ઈ.(સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો), ખેતીને મુખ્ય વ્યવસાય તરીકે અપનાવતા ખેડૂતોની સામાજિક પરિસ્થિતિ વગેરે વિશે કેન્દ્રીય ટીમે ઉપસ્થિત વિવિધ સરકારી વિભાગોના અધિકારીઓ સાથે ઊંડાણપૂર્વક ચર્ચા કરી હતી.

ટીમ મેમ્બર્સ માર્ગ અને મકાન વિભાગ હેઠળના માઈનોર બ્રીજ, એપ્રોચ રોડ, ડાઈવર્ઝન વગેરેને થયેલા નુકસાનથી માહિતગાર થયા હતા. પી.જી.વી.સી.એલ.ના ટ્રાન્સફોર્મર્સ, વીજ થાંભલાઓ તથા વીજ લાઈનોને થયેલા નુકસાનની પણ વિગતો જાણી હતી. આંગણવાડી, સરકારી શાળા પરિસર વગેરેને થયેલા નુકસાન વિશે પણ સભ્યોએ જાણ્યું હતું. અને અણચિંતવી પરિસ્થિતિનો આયોજનબદ્ધ સામનો કરવા બદલ જિલ્લા વહીવટી તંત્ર તથા તમામ સરકારી વિભાગના અધિકારીઓની સરાહના કરી હતી.

કેન્દ્રીય ટીમ તથા સંબંધીત વિભાગોના અધિકારીઓ રાજકોટ જિલ્લાના વિવિધ અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લેશે અને કમોસમી વરસાદથી થયેલા નુકસાન અંગે રૂબરૂ નિરીક્ષણ કરી જાણકારી મેળવી હતી.

આ મુલાકાતમાં કેન્દ્રીય ગૃહ વિભાગના સંયુક્ત સચિવ અરવિંદ ખરે, કેન્દ્રીય નાણાં વિભાગના નાયબ સચિવ કંદર્પ પટેલ, કેન્દ્રીય ગ્રામ વિકાસ વિભાગના ઉપસચિવ આર.ક્રીશ્નાકુમારી, રાજ્યના રાહત વિભાગના નિયામક એસ.સી.સાવલીયા, જિલ્લા વિકાસ અધિકારી અનંદુ સુરેશ ગોવિંદ, કાર્યપાલક ઇજનેર એસ.આર.પટેલ, સંયુક્ત કૃષિ નિયામક ગૌરાંગ દવે, નાયબ ખેતીવાડી નિયામક તૃપ્તિબેન પટેલ, જિલ્લા શિક્ષણ અધિકારી દીક્ષિત પટેલ, ડીઝાસ્ટર મામલતદાર મીરાંબેન જાની અને અન્ય સંબંધિત સરકારી વિભાગના અધિકારીઓ કર્મચારીઓ જોડાયા હતા.

# વોર્ડ ૧૧ સીતાજી ટાઉનશીપ પાસેના રોડની હાલત દયનીય

### સરકારી શાળા નંબર ૮૮ ના બાળકોએ મુશ્કેલી બેઠી કરવી પડે છે

### અવરજવર : અનેક રજૂઆત છતાં કામગીરીના નામે કોઈ સુધારો નહીં



રાજકોટ, તા. ૨૬

મહાનગરપાલિકાની કામગીરી અંગે અનેકવિધ પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે અને તેમાં પણ ખાસ જે રોડ રસ્તા સંબંધિત મુદ્દાઓ છે તે અત્યંત વિકટ પુરવાર થયા છે નવા વિસ્તારોમાં પણ રોડ રસ્તાની સ્થિતિ એટલી હદે દયનીય છે કે લોકોને હેરાન થવું પડે છે. આ તમામ બાબતોની ગંભીરતાને ધ્યાને લઈ આજ દિન સુધી મહાનગરપાલિકા દ્વારા એવું કોઈ પગલું ભરવામાં આવ્યું નથી જેનાથી સ્થાનિકોને હેરાનગતિનો સામનો ન કરવો પડે. ત્યારે ફરી એક વખત વોર્ડ નંબર ૧૧ ના સીતાજી ટાઉનશીપ પાછળ આવેલી પ્રાથમિક શાળા ૮૮ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ જે રસ્તા ઉપર થી અવરજવર કરવું પડે છે તે અત્યંત જોખમી છે ત્યારે યોગ્ય મરામત કરાવવામાં આવે અને રોડની સ્થિતિ સારી થાય તે ખૂબ જરૂરી છે તે માટે મ્યુનિસિપલ કમિશનરને પત્ર લખવામાં આવ્યો છે.

આ સ્થિતિ માત્ર વોર્ડ નંબર ૧૧ પૂરતી જ સીમિત નથી પરંતુ વિવિધ વિસ્તારોમાં હાલ જે સ્થિતિનું નિર્માણ થયું છે તેનાથી વિદ્યાર્થીઓ સહિત રહેવાસીઓને ઘણી હાલાકી તથા મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે હાલ ઘણા ખરા નવા વિસ્તારો જે કોર્પોરેશનમાં જોડાયા હોય તેમાં પણ રોડ રસ્તાની સ્થિતિ ખૂબ ખરાબ છે. જાણકાર વર્તુળોના જણાવ્યા અનુસાર માત્રને માત્ર નવી યોજનાઓની અમલવારી કરી નવા રોડ રસ્તા બનાવવાની વાતો કરવાથી કામગીરી પૂર્ણ થતી નથી. ઘણા ખરા શહેરના વિસ્તાર એવા છે કે જ્યાં રોડ રસ્તાની યોગ્ય વ્યવસ્થાપન સ્થાનિકોને મળી નથી અને જીવના જોખમે તેઓએ અવારનવાર તે રસ્તા ઉપર થી પસાર થવું પડે છે. સ્થાનિક લોકોના જણાવ્યા અનુસાર આ બાબતે અધિકારીઓએ સર્વપ્રથમ આ પ્રકારના તમામ રોડ રસ્તા નો સર્વે કરવો જોઈએ અને તેને યોગ્ય કરવા માટે મહેનત કરવી જોઈએ જો તે કરવામાં આવશે તો જ આગામી સમયમાં નવા રોડ રસ્તા શક્ય બનશે.

હાલ જે પ્રશ્નો મહાનગરપાલિકાની કામગીરીને લઈ ઉઠી રહ્યા છે તેને જોતા એ વાત તો સ્પષ્ટ છે કે નવા રસ્તા નહીં પરંતુ જુના રસ્તાઓની ફરિયાદ ખૂબ વ્યાપક પ્રમાણમાં સામે આવી છે અને ક્યાંક ને ક્યાંક કામગીરીની ગુણવત્તા ઉપર પણ પ્રશ્નો ઉઠી રહ્યા છે. ન્યુ રાજકોટના મવડી વિસ્તારમાં આવેલ કોર્પો.ની શાળાનો રસ્તો ખુબ જ જર્જરીત અને ભાંગેલો હોવાથી દૈનિક સ્કુલે આવતા વિદ્યાર્થીઓ અને વાલીઓ પરેશાન થઇ રહ્યા છે. જે રસ્તાની હાલત સુધારવા મ્યુનિ. કમિશનરને રજુઆત કરવામાં આવી છે. કમિશનર અને સીટી ઈજનેરને પત્રમાં જણાવ્યું છે કે, વેસ્ટ ઝોનમાં વોર્ડ નં. ૧૧ ના લક્ષ્મણ ટાઉનશિપ પાસે સીતાજી ટાઉનશિપ પાછળ આવેલ કોર્પોરેશનની પ્રાથમિક સ્કૂલ નં. ૮૮ મધર ટેરેસામાં અભ્યાસ કરતા એકથી આઠ ધોરણના વિદ્યાર્થીઓને કાચા ધૂળ માટી ખાડા ખરબચરડાવાળા રોડ પરથી અવરજવર કરવી પડે છે.

છેલ્લા ચોમાસાના વરસાદથી કાદવ કિચળવાળા રોડ રસ્તા ઉપર પગપાળા અવર જવર કરતા વિદ્યાર્થીઓને તથા તેમના પરિવારજનોને સ્કૂલે આવવા જવામાં પારાવાર મુશ્કેલ પડે છે. આ અંગે કમિશનર અધિકારીઓ પાસે સ્થળ તપાસ કરાવે અને શાળા નં.૮૮વાળો રોડ ડામર પેવરથી મઢે તેવી રજુઆત કરવામાં આવી છે.

### ૬૬૫ મિલકત ધારકોને ચપટીની નોટિસ મોકલાતા વેરો ભરપાઈ કરવા દોડધામ

# ટેક્સના લક્ષ્યાંક માટે ૧૧,૦૦૦ને નોટિસ




રાજકોટ, તા. ૨૬

મહાનગરપાલિકાની વેરાવ વસુલાત શાખા દ્વારા વર્ષ ૨૦૨૪- ૨૫નો મિલકત વેરાનો લક્ષ્યાંક પૂરો કરવા હવે બાકીદારોને નોટિસ આપવાનુ શરૂ કરાયું છે જેમાં ૫૦,૦૦૦ થી વધુ રકમનો મિલકત વેરો બાકી છે તેવા ૧૧, ૧૭૧ મિલકત ધારકોને રૂબરૂ નોટિસ ની બજવણી કરવામાં આવી છે જ્યારે ૬૬૫ થી વધુ મિલકત ધારકોને જપ્તીની નોટિસ અપાતા વેરો ભરવા માટે દોડધામ બચી ગઈ છે .

વર્ષ ૨૦૨૪-૨૫માં વેરા વસુલાત શાખાને અપાયેલા લક્ષ્યાંક ને પૂરો કરવા માટે હવે ગણતરીના મહિનાઓ જ બાકી છે ત્યારે વેરા વસુલાત શાખાએ બાકીદારોની યાદી તૈયાર કરી છે જેમાં ૫૦,૦૦૦ થી વધુ રકમનો પહેલો બાકી છે તેવા ૧૧૧૭૧ મિલકત ધારકોને રૂબરૂ નોટીસની બજવણી કાઢવામાં આવી છે અત્યાર સુધીમાં એક લાખથી વધુ બાકીદારોને નોટિસ અપાય છે અને ૬૬૫ મિલકત ધારકોને ચપટીની નોટિસ આપવામાં આવી છે

નાણાકીય વર્ષના પ્રારંભમાં જ રા વસુલાલ શાખા દ્વારા વેરાવળતર યોજના શરૂ કરવામાં આવી હતી આ યોજના પૂરી થઈ ત્યાં સુધીમાં બે લાખ જેટલા પ્રમાણિક કરદાતાઓએ ભરપાઈ કરી વળતર યોજનાનો લાભ લીધો હતો .વેરા વસુલાત શાખાના સૂત્રોના કહેવા મુજબ રાજકોટમાં કુલ પાંચ લાખ ત્રીસ હજાર મિલકત ધારકો નોંધાયેલા છે જેની પાસેથી મિલકતનો વેરો ઉઘરાવી શકાય છે આમાંથી હજી અડધો અડધ મિલકત ધારકોએ વેરો નથી જે મિલકત ધારકોનો હજુ વેરો ભરપાઈ થયો નથી તેઓને નોટિસ આપવાની કામગીરી શરૂ કરવામાં આવી છે .

તારીખ ૧ એપ્રિલ થી નવું નાણાકીય વર્ષ શરૂ થયું ત્યારથી જ શાખા દ્વારા નોટિસ વેરાની વસુલાત અને મિલકત સીલ કરવાની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે જેમાં આજ સુધીમાં ૨૦૭ મિલકતો સિલ કરવામાં આવી હતી પણ આવી સીલ થયેલી મિલકતોના ધારકો દ્વારા પહેલો ભાગ કરવામાં આવતા ૪૦ મિલકતો ખોલી કાઢવામાં આવી હતી. નાણાકીય વર્ષનો વેરા નો લક્ષ્યાંક સિદ્ધ કરવા માટે હજી ૧૫૪ કરોડ ભેગા કરવાના બાકી છે ત્યારે મહાનગરપાલિકાએ આજ સુધીમાં ત્રણ કરોડ રૂપિયા ભેગા કરી લીધા છે અને બાકીની રકમ ભેગી કરવા માટે અને લક્ષ્યાંક પૂરો કરવા માટે બાકીદારોને રૂબરૂ નોટીસ આપવાની અને મિલકત જપ્તીની નોટિસ આપવાની કામગીરી ભૂતપાટ શરૂ કરવામાં આવી છે ઉલ્લેખનીય છે કે વેરા વસુલાત શાખામાં કેટલીક મિલકતો એવી છે કે જેના ભાડા સંબંધિત કે કોર્ટ સંબંધીત કોઈ વિવાદ ચાલુ છે . જેને કારણે આ મિલકતોનો વેરો મહાનગરપાલિકાએ ગુમાવવો પડે તેવી સ્થિતિ છે.

# મનપાએ ઝડપ્યુ ૧૪ કિલો પ્લાસ્ટિક

### ગંદકી ફેલાવતા ૧૧૪ શખ્સો દંડાયા : ૩૨,૯૫૦નો વહિવટી ચાર્જ વસૂલ



રાજકોટ , તા. ૨૬

મહાનગરપાલિકા દ્વારા પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ (એમેન્ડમેન્ટ) રૂલ્સ અન્વયે તારીખ ૨૫ના રોજ એક દિવસમાં ત્રણેય ઝોન વિસ્તારમાં અલગ અલગ મુખ્ય માર્ગો પર સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની ટીમ દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવાની તથા ગંદકી કરતા આસામી પાસેથી દંડ વસુલ કરવાની કામગીરી હાથ ધરવામાંઆવી હતી. જેમાં ત્રણેય ઝોનમાંથી ૧૪.૨૫ કિલો ગ્રામ પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવામાં આવ્યું હતું. જ્યારે જાહેરમાં ગંદકી ફેલાવતા ૧૧૪ આસામીઓ પાસેથી રૂ ૩૨૯૫૦નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો.

આ કામગીરી મ્યુનિસિપલ કમિશનરની સુચના અને નાયબ મ્યુનિસિપલ કમિશનરના માર્ગદર્શન હેઠળ પર્યાવરણ ઈજનેર તેમજ ત્રણેય ઝોનના નાયબ પર્યાવરણ ઈજનેરના સુપરવિઝનમાં આસી. પર્યાવરણ ઈજનેર/ સેનીટેશન ઓફિસર હાજરીમાં સેનેટરી ઈન્સ્પેક્ટર ,સેનેટરી સબ ઈન્સ્પેક્ટર દ્વારા કરવામાં આવી હતી.

# QR-કોડ બેઝડ સિટીઝન ફીડબેક સિસ્ટમનો પ્રારંભ

## હવે આંગળીનાં ટેરવે શહેરીજનો અને મુલાકાતીઓ અભિપ્રાય આપી શકશેઃ મહાનગરપાલિકાની નવતરપહેલ







રાજકોટ , તા. ૨૬

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરના નાગરિકોને અપાતી વિવિધ સેવાઓની ગુણવત્તા, પારદર્શિતા અને ઝડપ સુધારવા માટે નવતર પહેલ કરવામાં આવી છે. મુખ્યમંત્રીના હસ્તે ચછ કોડ આધારિત નાગરિક ફીડબેક સિસ્ટમ અમલમાં મૂકવામાં આવી છે. આ સિસ્ટમ દ્વારા લોકો રોડ-રસ્તા, સફાઈ, લાઈટ, સિટી બસ જેવી ૧૭ જેટલી મહત્ત્વની સેવાઓ અંગે પોતાનો સીધો અભિપ્રાય આપી શકશે, જેનાથી મહાપાલિકાને તેની કામગીરીનું ચોક્કસ મૂલ્યાંકન કરવામાં અને જરૂરી સુધારા કરવામાં મદદ મળશે.

મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરાના જણાવ્યા મુજબ, શહેર વિકાસ વર્ષ ૨૦૨૫ અંતર્ગત આ ફીડબેક સિસ્ટમ શરૂ કરાઈ છે, જેનો મુખ્ય ઉદ્દેશ લોકોને અપાતી સેવાઓમાં ઉત્તમ ગુણવત્તા લાવવાનો છે. નાગરિકોની નિયમિત ફરિયાદ નિવારણ સિસ્ટમ ઉપરાંત આ નવી વ્યવસ્થા ઊભી કરાઈ છે, જેમાં સેવાઓના વપરાશકર્તા તરફથી સીધો અને વાસ્તવિક પ્રતિભાવ મનપા મેળવશે. મનપાના જુદા જુદા વિભાગો અને સેવા સ્થળો પર કુલ ૧૭૪૭ યુનિક ચછ કોડ્સ સ્થાપિત કરાયા છે. આ ચછ કોડ્સ જે તે સેવાના સ્થળ માટે યુનિક રહેશે. આગામી સમયમાં સોસાયટીઓ, રહેણાંક વિસ્તારો અને વધુ જાહેર સ્થળો પર ચછ કોડ્સ મૂકવાની ગણતરી છે, જેથી વધુમાં વધુ નાગરિકો આ પ્રક્રિયામાં જોડાઈ શકે અને મહાનગર લોકોના અભિપ્રાયો પરથી સેવામાં સુધારો કરી શકે.

નાગરિક જ્યારે આ ચછ કોડને સ્કેન કરશે, ત્યારે તેમને ૨ થી ૧૦ પ્રશ્નો વચ્ચેના પ્રશ્નો પૂછવામાં આવશે, જેના જવાબો હા કે ના માં આપવાના રહેશે. ઉપરાંત, તેઓ પોતાના રિમાર્ક્સ પણ આપી શકશે. અંતે, નાગરિકોને તે સેવાને ૧૦ માંથી કેટલા સ્ટાર રેટ આપવો છે તે પૂછવામાં આવશે. આ પ્રક્રિયા અત્યંત સરળ અને ઝડપી રાખવામાં આવી છે, જેથી વ્યસ્ત નાગરિકો પણ થોડી જ સેકન્ડોમાં પોતાનો અભિપ્રાય આપી શકે. સંપૂર્ણ પ્રક્રિયા ગુણવત્તા નિયંત્રણનું એક અસરકારક માધ્યમ બનશે.

કમિશનરે જણાવ્યું હતું કે આ સિસ્ટમનો મુખ્ય હેતુ નાગરિકોના અનુભવને સીધા વર્ગીકૃત કરી સેવાઓ વધુ ઉત્તમ બનાવવાનો છે. તેમણે સિટી બસનું ઉદાહરણ આપતા સમજાવ્યું કે, જો કોઈ નાગરિક બસમાં બેઠા હોય, તો તે બસમાં મૂકેલા ચછ કોડ સ્કેન કરીને ડ્રાઈવિંગની રીત, બસની સ્વચ્છતા, ટિકિટ યોગ્ય રીતે મળી કે નહીં, અને યોગ્ય સ્ટોપ પર બસ ઊભી રહી કે નહીં જેવા મહત્ત્વના પ્રશ્નોના જવાબ આપી શકશે અને રેટિંગ આપી શકશે. આ જ રીતે, ગાર્ડનની મુલાકાત લેનાર વ્યક્તિ ગાર્ડનની જાળવણી, સફાઈ અને સુવિધાઓ વિશે ફીડબેક આપી શકશે.

જે સેવાઓનો ફીડબેક આ સિસ્ટમ દ્વારા મેળવી શકાશે તેમાં મુખ્યત્વે રોડ-રસ્તાની ગુણવત્તા, સફાઈ વ્યવસ્થા, સ્ટ્રીટ લાઇટની કામગીરી, મનપા સંચાલિત શાળાઓ અને આરોગ્ય કેન્દ્રોની સેવા, લાઈબ્રેરી, ડ્રેનેજ સિસ્ટમ, ગાર્ડનની જાળવણી, સિટી બસ સેવા, સાઇન બોર્ડની સ્થિતિ, દબાણ હટાવવાની કામગીરી, રખડતા પશુઓની સમસ્યા અને પાણી વિતરણની સેવાઓનો સમાવેશ થાય છે. આ તમામ સેવાઓના ફીડબેક જનરલ વિભાગમાં એકઠા થશે.

મનપા માટે આ સિસ્ટમ એક શક્તિશાળી મેનેજમેન્ટ ટૂલ તરીકે કામ કરશે. મ્યુ. કમિશ્નર સુમેરાના મતે, આ માત્ર ફરિયાદ નોંધવાની સિસ્ટમ નથી, સેવાના મૂલ્યાંકનનું માપદંડ છે. ઉદાહરણ તરીકે, જો ૧૦૦ સિટી બસમાંથી ૧૦ બસને ૧, ૨, ૩ કે ૪ સ્ટારનું નીચું રેટિંગ મળે, તો તેનો અર્થ એ થાય કે પ્રજા આટલી બસોની સેવાથી સંતુષ્ટ નથી. આનાથી મનપા તે ૧૦ બસો પર અથવા જે તે સેવા પર ચોક્કસપણે કામ કરી શકશે અને ખામીઓનું નિવારણ કરી શકાશે.

નવા પ્રોજેક્ટ્સની સફળતા માપવા માટે પણ આ સિસ્ટમ ઉપયોગી થશે. જો કોઈ નવું આરોગ્ય સેન્ટર બનાવવામાં આવ્યું હોય અને તેનું રેટિંગ પહેલા ૫ હોય, તો સુધારો કર્યા બાદ તે ૭ કે ૮ થવું જોઈએ, જે મનપાના કામની સફળતા દર્શાવશે. સૌથી મહત્ત્વનું પાસું એ છે કે આ રેટિંગ્સના આધારે હવે મનપાની મંથલી રિવ્યૂ મીટિંગ્સ માં પણ ચર્ચા કરવામાં આવશે. સેવાના નીચા રેટિંગ માટે જવાબદાર અધિકારીઓ અને વિભાગોની કામગીરીનું મૂલ્યાંકન પણ આ રેટિંગ્સના આધારે કરવામાં આવશે, જેનાથી અધિકારીઓમાં વધુ સારી સેવા પવાની જવાબદારીની ભાવના વધશે અને સમગ્ર વહીવટી પ્રક્રિયા વધુ કાર્યક્ષમ બનશે.

આવાસ યોજના, લાયબ્રેરી, સીટી બસ સ્ટોપ અને તેની સફાઇ, ડ્રાઇવર અને કંડકટરના શિસ્ત, કોમ્યુનિટી હોલ, ૧૮ વોર્ડ ઓફિસ, ૧૭૨ બગીચા, ૩૬૪ આંગણવાડી, ગાંધી મ્યુઝીયમ, રામવન, ૬ હાઇસ્કુલની સાથે જ ૫૬૩ ટીપરવાનમાં કચરા એકત્રીકરણ નિયમિતતા અંગે લોકો ફીડબેક આપી શકશે. એટલું જ નહીં રેસકોર્સ સહિત ૧૪ સ્પોર્ટ સંકુલમાં કોચની કામગીરી, સ્વચ્છતા, ૫ સ્વીમીંગ પુલ, ટ્રાફિક અને ટ્રાન્સપોર્ટ સેલ, સર્કલ, પે એન્ડ પાર્ક તથા કોન્ટ્રાકટરના વર્તન, ૩૧ આરોગ્ય કેન્દ્રમાં સેવામાં સુધારણા, ઝુમાં સ્વચ્છતા, કેન્ટીન, ટીકીટ વ્યવહાર અંગે લોકો સીધા પ્રતિભાવો આપી શકશે. જેનું વિશ્લેષણ કરી મનપા દ્વારા સેવાઓમાં સુધાર કરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે, દેખીતી રીતે તો આ સિસ્ટમ ખૂબ જ અસરકારક જણાય છે. અને આ સિસ્ટમનો ઉપયોગ કરી મનપા દ્વારા આપવામાં આવતી સેવાઓને લોકોની જરૂરિયાત મુજબ વધુ સારી કરવામાં મદદ મળે તેમ છે. જોકે વયસ્ક અને મોબાઈલનો ઉપયોગ તેમજ ચછ કોડ અંગે નહીં જાણતા લોકો પોતાના પ્રતિભાવ આપી શકશે નહીં. અને સૌથી મહત્વની વાત ફીડબેક મળ્યા બાદ પણ જે-તે સેવાઓમાં સુધારો કેટલા સમયમાં થશે તે અંગેની પણ કોઈ વ્યવસ્થા હજુ કરવામાં આવી નથી. ત્યારે આ સિસ્ટમ મનપાની સેવાઓને સુધારવા કેટલી અસરકારક રહેશે તે તો આવનારો સમય જ બતાવશે.

# સટ્ટાની કમાણી પર એક્શન

## દિલ્હી હાઈકોર્ટેનો મહત્વપૂર્ણ ચુકાદો : ED બુકમેકર અને ઓપરેટર બંને સામે કાર્યવાહી કરી શકશે

નવીદિલ્હી, તા. ૨૬
છેલ્લા કેટલાક મહિનાઓથી, ઓનલાઈન સટ્ટાબાજીને કાબૂમાં લેવા માટે દેશભરમાં પ્રયાસો ચાલી રહ્યા છે. ઘણી એપ્સ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે, અને ઘણા નવા નિયમો લાગુ કરવામાં આવ્યા છે. હવે, દિલ્હી હાઈકોર્ટે આ મુદ્દા પર એક મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે. કોર્ટે જણાવ્યું હતું કે ક્રિકેટ પર સટ્ટો લગાવવો એ PMLA હેઠળ સૂચિબદ્ધ ગુનો નથી, જો સટ્ટાબાજીમાં રોકાણ કરાયેલા પૈસા ગેરકાયદેસર રીતે મેળવેલી મિલકતમાંથી આવે છે, તો તેમાંથી થતા નફાને ગુનાની આવક ગણવામાં આવશે. દિલ્હી હાઈકોર્ટનો આ નિર્ણય યુકે વેબસાઇટ બેટફેર દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર આવ્યો હતો. આ નિર્ણય જસ્ટિસ અનિલની આગેવાની હેઠળની બેન્ચ દ્વારા આપવામાં આવ્યો હતો. કોર્ટનો નિર્ણય ખૂબ જ કડક માનવામાં આવે છે. આ નિર્ણય ઓનલાઈન સટ્ટાબાજીને કાબુમાં લેવા અને મની લોન્ડરિંગ અટકાવવા તરફ એક મોટું પગલું છે, જેનાથી ED બુકમેકર અને ઓપરેટર બંને સામે કાર્યવાહી કરી શકે છે.

ગેરકાયદેસર સટ્ટાબાજીમાંથી કમાયેલા પૈસાને POC (ગુનાની આવક) ગણવામાં આવશે. ED PMLA હેઠળ આવા કેસોની તપાસ કરવા માટે સ્વતંત્ર છે. ED સટ્ટાબાજી અને ઓપરેટર બંને સામે કાર્યવાહી કરી શકે છે. યુકે વેબસાઇટ બેટફેરનું પ્રતિનિધિત્વ કરતા છ વ્યક્તિઓએ દિલ્હી હાઈકોર્ટમાં EDની તપાસને પડકારી હતી. દિલ્હી હાઈકોર્ટે EDના પક્ષમાં ચુકાદો આપ્યો. સટ્ટાબાજીમાંથી કમાયેલા પૈસાને ગુનાની આવક ગણવામાં આવશે. દિલ્હી હાઈકોર્ટે અરજીમાં જણાવ્યું હતું કે ક્રિકેટ સટ્ટાબાજી PMLA હેઠળ સુનિશ્ચિત ગુનો નથી, તેથી જ તેની સંપત્તિને ગુનાની આવક ગણવી જોઈએ નહીં. જોકે, કોર્ટે સ્પષ્ટપણે જણાવ્યું હતું કે જો કોઈ પ્રવૃત્તિ સીધી રીતે સુનિશ્ચિત ગુનો ન હોય, તો પણ તે ગેરકાયદેસર મિલકત અથવા અગાઉ કરેલા ગુનાઓ સાથે જોડાયેલી છે. તેથી, તેમાંથી થતા નફાને PMLA હેઠળ ગુનો ગણવામાં આવશે. દિલ્હી હાઈકોર્ટે એક મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે કે ક્રિકેટ સટ્ટાબાજી સીધી PMLA ગુનો ન હોવા છતાં, જો તેમાંથી કમાયેલા પૈસા ગેરકાયદેસર મિલકત સાથે જોડાયેલા હોય, તો તેને ગુનાની આવક ગણવામાં આવશે. કોર્ટે EDને આવા કિસ્સાઓમાં PMLA હેઠળ કાર્યવાહી કરવાની સ્વતંત્રતા આપી છે.



રાજકોટ મિરર
તંત્રીની કલમે

# રાજકોટ હવે દિલ્હી બનશે!

## પ્રદૂષણનો વિકાસ શ્વાસ ખરીદવો પડશે



દિલ્હી અબ દૂર નહિ... આ કહેવત પ્રચલિત છે. રાજકોટવાસીઓ માટે તો પોતાનું શહેર જ દિલ્હી બનવા તરફ જઇ રહ્યું છે. વિકાસની લ્હાયમાં રાજકોટમાં સમસ્યાઓનો પણ વિકાસ થઇ રહ્યો છે. ભારતમાં દિલ્હી હવાના પ્રદૂષણમાં નંબર વન છે. રાજકોટ પણ દિલ્હી જેવું પ્રદૂષણ પ્રાપ્ત કરવાનો વિકાસ કરી રહ્યું છે.

પ્રદૂષણની માત્રામાં પીએમ ૨.૫ સ્તરનું પ્રદૂષણ વાતાવરણને ઝેરી બનાવે છે. આ માહોલ હૃદયરોગ, અસ્થમા, ફેફસાનું કેન્સર સર્જી શકે છે. રાજકોટના ઘણાં વિસ્તારોમાં પ્રદૂષણે આ સ્તર પ્રાપ્ત કરવાની સિદ્ધિ પ્રાપ્ત કરી લીધી છે.

રાજકોટના ધમધમતા વિસ્તારો રામાપીર ચોકડી, સોરઠિયાવાડી, નાનામવા સર્કલ, જામટાવર, પ્રદ્યુમન પાર્ક વગેરે સ્થાનો પર એક્યુઆઇ ૨૦૦થી ૩૫૦ સ્તરે પહોંચ્યુ છે. આ યાદીમાં તંત્રની સિદ્ધિ એ છે કે, મહાનગરપાલિકાની કચેરીની હવા પણ ઝેરી બની ગઇ છે.

પ્રતિવર્ષ પ્રદૂષિત એરિયાની સંખ્યા વધતી જાય છે. બે વર્ષ પૂર્વે રાજકોટના બે-ત્રણ વિસ્તારો જ ઝેરી થતા હતા. તંત્રની કૃપાથી આ જીવલેણ ઝેર વિકાસ કરી રહ્યું છે. પ્રદૂષણ સામે દિલ્હી ઝઝૂમી રહ્યું છે. આ સમસ્યા એક વખત ફેલાયા બાદ તેને અટકાવવી અતિ કઠીન છે. દિલ્હીમાં કેન્દ્ર સરકારના પ્રયાસો છતાં પ્રદૂષણની માત્રા અટકતી નથી. આ મામલો જીવલેણ બનવા લાગ્યો છે.

દિલ્હીની દશા જોઇને રાજકોટ સાવધાન બનવાનો આ સમય છે. જો કે, રાજકોટનું તંત્ર માત્ર પ્રદૂષણ સામે નાટક કર્યે રાખે છે અને આપણું શહેર દિલ્હી બનવા તરફ દોડી રહ્યું છે. પ્રદૂષણના નીતિ-નિયમોના ધજાગરા ઉડી રહ્યા છે. જવાબદારીની ફેંફાફેંકી થઇ રહી છે. વાસ્તવમાં પ્રદૂષણ રોકવા રાજકોટમાં ગંભીરતા હોય તો દરેક તંત્રએ સાથે મળીને નિર્ણાયક રણનીતિ ઘડવી પડે અને શેહ-શરમ-સેટિંગ વગર તેનો અમલ કરવો પડે.

હજુ સ્થિતિ કાબૂ થઇ શકે તેમ છે, પરંતુ તંત્રની અને સત્તાધીશોની તથા લોકોની દાનત શુદ્ધ હોવી જોઇએ. પ્રદૂષણના કારણે મોત થવા લાગશે. ઓડ-ઇવન જેવી સ્થિતિ આવશે, માસ્ક ફરજિયાત બનશે ત્યારે પ્રદૂષણ કાબૂ કરવું અઘરું થઇ જશે.

જાગ્યા ત્યારથી સવારની નીતિ પ્રમાણે લોકોએ જ જાગ્રત બનીને સત્તાધીશોને તથા તંત્રને પ્રદૂષણ સામે નિર્ણાયક બનવા ફરજ પાડવી જોઇએ. આવું લોકો નહિ કરે તો ઓક્સિજન વગર ગુંગળાઇ મરવા કે શ્વાસ વેચાતો લેવા તૈયારી કરવી પડશે. વિકલ્પ લોકો પાસે છે.

### સુપ્રીમ કોર્ટે ૧લી ડિસેમ્બર સુધીની આપી ડેડલાઇન : વિવિધ રાજ્યોમાં મતદાર સુધારણાની કામગીરીમાં થયેલ ઘટનાની અરજીઓ સુપ્રીમમાં દાખલ

# SIR કેસોમાં દાખલ કરવો પડશે રાજ્યોએ જવાબ




નવીદિલ્હી, તા. ૨૬
સુપ્રીમ કોર્ટે બુધવારે તમિલનાડુ, કેરળ, પશ્ચિમ બંગાળ, પુડુચેરી અને બિહારમાં ચાલી રહેલા SIRને પડકારતી તમામ અરજીઓ પર સંયુક્ત સુનાવણી બોલાવી હતી. મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતની આગેવાની હેઠળની બેન્ચે ચૂંટણી પંચને ૧ ડિસેમ્બર સુધીમાં પોતાનો જવાબ દાખલ કરવાનો કડક નિર્દેશ આપ્યો હતો. ચૂંટણી પંચે ૧ ડિસેમ્બર, ૨૦૨૫ સુધીમાં તમામ રાજ્ય SIR કેસોમાં પોતાનો જવાબ દાખલ કરવાનો રહેશે. કેરળ કેસમાં આગામી સુનાવણી ૨ ડિસેમ્બરે થશે અને અન્ય તમામ કેસોની સુનાવણી ૯ ડિસેમ્બરે થશે. પશ્ચિમ બંગાળ BLO મૃત્યુ કેસમાં પણ ૧ ડિસેમ્બર સુધીમાં જવાબ માંગવામાં આવ્યો છે. મુખ્ય ન્યાયાધીશે જણાવ્યું હતું કે તમિલનાડુ SIR કેસની સુનાવણી સોમવારે થશે. કેરળની અરજીમાં સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓને કારણે SIR મુલતવી રાખવાની માંગ કરવામાં આવી છે. વરિષ્ઠ વકીલ રાકેશ દ્વિવેદીએ જણાવ્યું હતું કે આ અરજી મદ્રાસ હાઇકોર્ટમાં પહેલાથી જ દાખલ કરવામાં આવી છે. કોર્ટે કેરળ માટે અલગ સ્ટેટસ રિપોર્ટ માંગ્યો છે. દરમિયાન, પશ્ચિમ બંગાળના અરજદારના વકીલે દાવો કર્યો હતો કે SIR દરમિયાન ૨૩ BLO (બૂથ લેવલ ઓફિસર્સ) મૃત્યુ પામ્યા છે. આ ગંભીર આરોપ પર કોર્ટે પશ્ચિમ બંગાળ રાજ્ય ચૂંટણી કાર્યાલય પાસેથી ૧ ડિસેમ્બર સુધીમાં જવાબ માંગ્યો છે.

આ અરજીઓમાં બિહારનો કેસ પણ સામેલ છે, અને તેની સુનાવણી બપોરે ૨ વાગ્યા પછી થવાની છે. વરિષ્ઠ વકીલ કપિલ સિબ્બલે દલીલ કરી હતી કે BLO ને એક સમયે ફક્ત ૫૦ ફોર્મ અપલોડ કરવાની મંજૂરી છે, જેના કારણે પ્રક્રિયા ધીમી પડી રહી છે. દરમિયાન, ચૂંટણી પંચનું પ્રતિનિધિત્વ કરતા વરિષ્ઠ વકીલ રાકેશ દ્વિવેદીએ કોર્ટને જણાવ્યું હતું કે રાજ્ય ચૂંટણી પંચ સાથે સંપૂર્ણ સંકલન છે અને કોઈ સમસ્યા નથી. તેમણે જણાવ્યું હતું કે ૯૯% મતદારોને ફોર્મનું વિતરણ કરવામાં આવ્યું છે. દ્વિવેદીએ જણાવ્યું હતું કે ૫૦% થી વધુ ફોર્મ ડિજિટાઇઝ કરવામાં આવ્યા છે. ચૂંટણી પંચના વકીલે એવી પણ દલીલ કરી હતી કે રાજકીય પક્ષો જાણી જોઈને ભય અને ગભરાટ ફેલાવી રહ્યા છે. તેમણે કહ્યું, ''આ તમારા (ચૂંટણી પંચના) પોતાના નિર્દેશો છે. તમે ૫૦ ફોર્મની મર્યાદા લાદી છે. આ કોઈ રાજકીય પક્ષ કે નેતાનો મુદ્દો નથી.'' બધા પક્ષોને સાંભળ્યા પછી, કોર્ટે સ્પષ્ટ કર્યું કે પ્રક્રિયામાં કોઈ અરાજકતા ન હોવી જોઈએ અને સમયસર જવાબ આપવો જરૂરી છે. આગામી બે સુનાવણી (૨ ડિસેમ્બર અને ૯ ડિસેમ્બર) નક્કી કરી શકે છે કે SIR વિવિધ રાજ્યોમાં ચાલુ રહેશે કે તેમાં કેટલાક ફેરફારો થશે.

# ભાગવત-યોગી વચ્ચે ગુપ્ત બેઠકથી અનેક તર્ક-વિતર્ક

### ૨૦૨૭ ની વિધાનસભા ચૂંટણી પહેલા એક મોટો રાજકીય સંકેત : બેઠકનું આયોજન હજુ નથી થયું સ્પષ્ટ



નવીદિલ્હી, તા. ૨૬
રામ મંદિરનું પવિત્ર શહેર અયોધ્યા ફરી એકવાર હેડલાઇન્સમાં છે, પરંતુ આ વખતે તેનું કારણ રામ લલ્લાના ધ્વજવંદન સમારોહ નથી, પરંતુ સોમવારે સાંજે થયેલી ગુપ્ત પણ અત્યંત મહત્વપૂર્ણ બેઠક છે. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (છજ્જ) ના વડા મોહન ભાગવત અને ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે અયોધ્યાના સાકેત નિલયમ સ્થિત છજ્જ કાર્યાલયમાં લગભગ દોઢ કલાક સુધી બંધ બારણે ચર્ચા કરી હતી. આ બેઠકની કોઈ સત્તાવાર વિગતો જાહેર કરવામાં આવી નથી, પરંતુ સૂત્રો પાસેથી મળેલા અહેવાલો સૂચવે છે કે તે ૨૦૨૭ ની વિધાનસભા ચૂંટણી પહેલા એક મોટો રાજકીય સંકેત છે. મોહન ભાગવત સોમવારે બપોરે અયોધ્યા પહોંચ્યા હતા. તેમણે ગુરુદ્વારા બ્રહ્મકુંડ સાહિબ ખાતે શીખ ગુરુ તેગ બહાદુરજીજીની ૩૫૦મી શહીદ જયંતીમાં હાજરી આપી હતી. ત્યારબાદ તેમણે રામ મંદિરમાં પ્રાર્થના કરી હતી. તેઓ સાંજે ૬ વાગ્યાની આસપાસ સાકેત નિલયમ (છજ્જનું અયોધ્યા કાર્યાલય) પહોંચ્યા હતા. બરાબર દોઢ કલાક પછી, લગભગ ૭:૩૦ વાગ્યે, મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ પણ તે જ સંકુલ પહોંચ્યા. બંને નેતાઓએ લગભગ ૯૦ મિનિટ સુધી ખાનગી ચર્ચા કરી હતી.

રાજકીય વર્તુળોમાં એક પ્રશ્ન ઉભો થઈ રહ્યો છે કે: જ્યારે બંને નેતાઓ રવિવારે લખનૌમાં એક જ મંચ પર હતા, ત્યારે અલગ બેઠકની જરૂર કેમ પડી? અને તે પણ લખનૌને બદલે અયોધ્યામાં? ''લખનૌમાં, પ્રોટોકોલ, કેમેરા અને મીડિયા છે. અયોધ્યામાં, સાકેત નિલયમ સંપૂર્ણપણે છજ્જનું પોતાનું કેમ્પસ છે. કોઈ બહારનો વ્યક્તિ તેમાં પ્રવેશ કરી શકતો નથી. આનો અર્થ એ છે કે જે પણ ચર્ચા થવાની હતી તે સંપૂર્ણપણે ગુપ્ત રાખવી પડશે.''

ઉત્તર પ્રદેશમાં ૨૦૨૭ ની વિધાનસભા ચૂંટણીઓ શરૂ થઈ ગઈ છે. છેલ્લા કેટલાક મહિનાઓથી, સંગઠન અને સરકાર વચ્ચે ચોક્કસ મુદ્દાઓ પર સંકલનની જરૂરિયાત અંગે ગરમાગરમ ચર્ચા થઈ રહી છે. જાતિ સમીકરણો, રામ મંદિર આંદોલન પછી હિન્દુત્વની નવી વ્યાખ્યા અને ભાજપ અને છજ્જ વચ્ચે ભવિષ્યની રણનીતિ આ બેઠક માટે મહત્વપૂર્ણ વિચારણાઓ છે.

સૂત્રોનો દાવો છે કે ચર્ચામાં નીચેના મુદ્દાઓ મુખ્ય હતાઃ ૨૦૨૭ ની ચૂંટણીમાં હિન્દુત્વની સાથે સામાજિક સુમેળનો સંદેશ કેવી રીતે પહોંચાડવો. રામ મંદિર આંદોલન બાદ કાર્યકરોમાં રહેલી સુસ્તીને દૂર કરવાની રણનીતિ પર ચર્ચા કરવામાં આવી હતી, સાથે જ રાજ્યમાં સંગઠન અને સરકાર વચ્ચેના કથિત તણાવ, આગામી કુંભ મેળા અને તેના રાજકીય પરિણામોનો ઉકેલ લાવવાનો પણ નિર્ણય લેવામાં આવ્યો હતો. એવું માનવામાં આવે છે કે ધર્મ પરિવર્તનની નવી પદ્ધતિઓ પર ચર્ચા કરવામાં આવી હતી. ઉત્તર પ્રદેશમાં જૂથવાદ જેવા મુદ્દાઓ ઉભા થઈ શકે છે.

રામ લલ્લા ધ્વજવંદન સમારોહ ઉપરાંત, મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ અને આરએસએસ વડા મોહન ભાગવત વચ્ચે અયોધ્યા અંગે બંધ બારણે થયેલી બેઠક પર પણ ચર્ચા થઈ રહી છે. આ બેઠક અયોધ્યાના સાકેત નિલયમ સ્થિત આરએસએસ કાર્યાલયમાં થઈ હતી. તે લગભગ દોઢ કલાક ચાલી હતી. પરિણામે, વિવિધ ચર્ચાઓ અંગે અટકળો લગાવવામાં આવી રહી છે.



પુ ભકિત સ્વામીજી (હિન્દુ રાષ્ટ્રહિત રક્ષક )
શ્રી સ્વામિનારાયણ સનાતન આશ્રમ-ખીરસરા

# અરૂણાચલ ભારતનો અભિન્ન ભાગ

### વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યું ચીન તરફથી ગમે તેટલો ઇનકાર કરે વાસ્તવિકતા બદલી શકશે નહીં

નવીદિલ્હી, તા. ૨૬
ભારતના વિદેશ મંત્રાલયે ચીનના વિદેશ મંત્રાલયના આ નિવેદન સામે સખત વાંધો ઉઠાવ્યો છે કે ભારત અરુણાચલ પ્રદેશ પર ગેરકાયદેસર રીતે કબજો કરી રહ્યું છે. ચીન તેને દક્ષિણ તિબેટ, ઝાંગનાન કહે છે અને અરુણાચલ પ્રદેશને ક્યારેય માન્યતા આપી નથી. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે અરુણાચલ પ્રદેશ ભારતનો અભિન્ન અને અવિભાજ્ય ભાગ છે, અને આ વાસ્તવિકતા બદલાશે નહીં. ચીને શાંઘાઈ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર અરુણાચલ પ્રદેશના એક ભારતીય નાગરિકને મનસ્વી રીતે અટકાયતમાં લીધો હતો, ભલે તે મહિલા પાસે માન્ય પાસપોર્ટ હતો અને તે જાપાનની આગળની મુસાફરી માટે શાંઘાઈ થઈને જઈ રહી હતી. આ વર્તન સામે ભારતના ડિમાર્ચ (ઔપચારિક રાજદ્વારી વિરોધ) અને નવી દિલ્હીના સ્પષ્ટ દાવા કે અરુણાચલ પ્રદેશ ભારતનો ભાગ છે, તેના સંદર્ભમાં, ચીનના વિદેશ મંત્રાલયે અરુણાચલ પ્રદેશ પર ચીનના દાવાઓનો પુનરોચ્ચાર કર્યો.

ચીનના વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે, ''ઝાંગનાન (અરુણાચલ) ચીનનો ભાગ છે. ચીને ક્યારેય ભારત દ્વારા ગેરકાયદેસર રીતે સ્થાપિત કહેવાતા અરુણાચલ પ્રદેશને માન્યતા આપી નથી.'' ઘટનાના એક જ દિવસે ભારતે બેઈજિંગ અને દિલ્હી બંનેમાં ચીન સામે ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો. ભારતે ચીની પક્ષને સ્પષ્ટપણે જણાવ્યું હતું કે અરુણાચલ પ્રદેશ ''નિઃશંકપણે'' ભારતીય ક્ષેત્ર છે અને તેના રહેવાસીઓને ભારતીય પાસપોર્ટ રાખવા અને તેની સાથે મુસાફરી કરવાનો સંપૂર્ણ અધિકાર છે. શાંઘાઈમાં ભારતીય કોન્સ્યુલેટે પણ સ્થાનિક રીતે આ બાબતનો ઉકેલ લાવ્યો હતો અને અસરગ્રસ્ત મુસાફરને સંપૂર્ણ સહાય પૂરી પાડી હતી. મંગળવારે ચીનના દાવા વિશે પૂછવામાં આવતા, રણધીર જયસ્વાલે કહ્યું હતું કે અરુણાચલ ભારતનો અભિન્ન ભાગ છે. ચીન તરફથી કોઈપણ ઇનકાર આ વાસ્તવિકતા બદલશે નહીં. જયસ્વાલે જણાવ્યું હતું કે અરુણાચલ પ્રદેશના ભારતીય નાગરિકની અટકાયતનો મુદ્દો ચીની પક્ષ સમક્ષ ભારપૂર્વક ઉઠાવવામાં આવ્યો હતો. ચીની અધિકારીઓએ હજુ સુધી તેમના પગલાં સમજાવ્યા નથી. આ આંતરરાષ્ટ્રીય હવાઈ મુસાફરીને નિયંત્રિત કરતા ઘણા નિયમોનું ઉલ્લંઘન કરે છે. આ નિયમો બધા દેશોના નાગરિકોને ૨૪ કલાક વિઝા-મુક્ત પરિવહનની મંજૂરી આપે છે.



એક વર્ષ પહેલા જે દિવસે ગંભીર ગુનાનો આરોપ મુકાયો હતો એ જ દિવસે અંતિમ પગલુ ભર્યુ

# ચેતેશ્વરના સાળાએ કંટાળીને ફાની દુનિયા છોડી

## ત્રીસ વર્ષનો જીત પાબારી બે બહેનનો એકનો એક ભાઇ હતોઃ ડીપ્રેશનમાં રહેતો હોવાનું પ્રાથમિક તપાસમાં ખુલ્યુંઃ કારણ જાણવા પોલીસની તપાસ યથાવત

રાજકોટ, તા. ૨૬

શહેરમાં ચકચાર જગાવતી એક આત્મહત્યાની ઘટના બની છે. જેમાં અમીન માર્ગ નજીક નૂતનનગરમાં રહેતાં યુવાને ગળાફાંસો ખાઇ આપઘાત કરી લીધો છે. આ યુવાન ભારતીય ટીમના ક્રિકેટર રહી ચુકેલા ચેતેશ્વર પુજારાના સાળા થાય છે. જોગાનુજોગ આપઘાત કરનાર યુવાન વિરૂધ્ધ એક વર્ષ પહેલા જે તારીખે ગંભીર કલમો હેઠળ એફઆઇઆર દાખલ થઇ હતી એ તારીખના દિવસે જ એટલે છવ્વીસ-અગીયારના દિવસે જ તેણે આત્મઘાતી પગલુ ભરી લીધુ છે. ડીપ્રેશનનું પ્રાથમિક કારણ પરિવારજનોએ પોલીસને જણાવ્યું હતું. ખરેખર કયા કારણે આ ઘટના બની? તેની તપાસ પોલીસે યથાવત રાખી હતી.

વિગતો પર નજર કરીએ તો રાજકોટના માલવિયાનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ અમીન માર્ગ પર રહેતા ક્રિકેટર ચેતેશ્વર પૂજારાના સાળા અઠ્ઠાવીસ વર્ષના જીત રસિકભાઈ પાબારીએ પોતાના ઘરે ગળાફાંસો ખાઇ લેતાં ગંભીર હાલતમાં વોકહર્ટ હોસ્પિટલમાં ખસેડાયેલ. પરંતુ સારવાર દરમિયાન તેણે અંતિમશ્વાસ લઇ લેતાં પરિવારજનોમાં શોકની કાલીમા છવાઇ





ગઇ હતી. તપાસમાં બહાર આવ્યા મુજબ સવારથી જ જીત ઘરે જ હતો. પરિવારજનો તેના રૂમમાં જોવા ગયા તો તે ગળાફાંસો ખાધેલી હાલતમાં મળી આવતાં તાત્કાલિક કાલાવડ રોડ પરની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, જ્યાં ડોક્ટરોએ તપાસ કરી તેને મૃત જાહેર કર્યો હતો.

આ બનાવની જાણ થતાં માલવિયાનગર પોલીસને થતાં આસી સબ ઇન્સ. હર્ષદભાઇ સહિતનો સ્ટાફ હોસ્પિટલ તેમજ ઘરે પહોંચી ગયો હતો અને તપાસ આરંભી હતી. આપઘાત પુર્વે સ્યુસાઇડ નોટ લખી છે કે કેમ? તેની તપાસ પોલીસે હાથ ધરી હતી. પ્રાથમિક પૂછપરછમાં સામે આવ્યું છે કે જીત પાબારી છેલ્લા ઘણા સમયથી ડિપ્રેશનમાં હતો. પોલીસે આકસ્મિક મૃત્યની નોંધ કરી હતી. ઉલ્લેખનિય છે કે ગત ૨૬ નવેમ્બર ૨૦૨૪ના રોજ માલવિયાનગર પોલીસ સ્ટેશન ખાતે જીત પાબારીની પૂર્વ મંગેતર દ્વારા જીત વિરૂધ્ધ દુષ્કર્મની પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી હતી. આમ, એક વર્ષ બાદ એટલે કે ૨૬ નવેમ્બર, ૨૦૨૫ના રોજ આત્મહત્યા કરી લીધી છે. આ જોગાનુજોગ છે કે પછી જીતે અગાઉના આ મામલાને કારણે જ પગલુ ભર્યુ? તેની તપાસ થઇ રહી છે.

જીત પાબારીએ અમીન માર્ગ સ્થિત પોતાના ઘરે જ ગળાફાંસો ખાઈ આપઘાત કરી લેતાં બેભાન હાલતમાં ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, જ્યાં તબીબે મૃત જાહેર કરી માલવિયાનગર પોલીસને જાણ કરી હતી. એક વર્ષ પહેલાં પૂર્વ મંગેતરે નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે જીત રસિક પાબારીનું નામ આપી જણાવ્યું હતું કે તે તેમનાં માતા-પિતા સાથે રહે છે. વર્ષ ૨૦૧૪માં ફેસબુકમાં જીત પાબારીની ફ્રેન્ડ રિકવેસ્ટ આવી અને વાતચીત ચાલુ કરી હતી. જીત પાબારીએ જણાવ્યું કે મને તું પસંદ છો. બાદમાં બંને પરિવારજનો લગ્ન બાબતે સહમત થયાં હતાં. ૮ ઓકટોબર ૨૦૨૧ના બંનેનાં પરિવારજનોના નકકી થયા મુજબ ગોળધાણાની વિધિ કરવામાં આવી હતી અને ૨૭ જાન્યુઆરી ૨૨ના રોજ બંનેની સગાઈ કરવામાં આવી હતી.

આ પછી મૃતક જીતની પૂર્વ મંગેતરે લગ્નની લાલચ આપી જીત પાબારી દ્વારા બળજબરીપૂર્વક શારીરિક સંબંધ બાંધવામાં આવ્યાના આક્ષેપ કર્યા હતા. સગાઈ કરી દુષ્કર્મ આચરવામાં આવ્યું હતું તેમજ ત્યાર બાદ સગાઈ તોડી નાખવામાં આવી હોવાનો ફરિયાદમાં આક્ષેપ કરવામાં આવ્યો હતો. એ કેસમાં જીતને જામીન મળી ગયા હતા. જીત એ ક્રિકેટર ચેતેશ્વર પૂજારાનો સગો સાળો થતો હતો. ચેતેશ્વર પુજારાના સાસરિયાં જામજોધપુરનાં છે, પરંતુ વીસેક વર્ષથી રાજકોટમાં જ રહે છે. તેના સસરાને જિનિંગ ફેકટરી છે. જીત બે બહેનનો એકનો એક ભાઇ હતો. આ ઘટનાએ પરિવારજનોમાં અરેરાટી ફેલાવી દીધી છે. તો શહેરમાં ચર્ચા પણ જગાવી દીધી છે.

નાના મવા વિસ્તારની ટાઉનશીપમાં રહેતાં યુવાને દિકરીના અપહરણની એ-ડિવીઝનમાં ફરિયાદ દાખલ કરાવી

# બંગડી બજાર ગયેલી તરૂણી ગાયબ




રાજકોટ, તા. ૨૬

શહેરમાંથી અવાર-નવાર સગીરાઓ ગૂમ થઇ જાય છે. નિયમ અનુસાર પોલીસને સગીર ગૂમ થવાના કિસ્સામાં તુરંત અપહરણની એફઆઇઆર દાખલ કરવાની હોય છે. આવો વધુ એક બનાવ એ-ડિવીઝન પોલીસમાં નોંધાયો છે. જેમાં બંગડી બજારમાં કટલેરીની દૂકાને કામ શીખવા આવતી સગીરા ગાયબ થઇ ગઇ છે.

વિગતો જોઇએ તો જીવરાજ પાર્ક પાસે ટાઉનશીપમાં રહેતાં ૧૬ વર્ષની દિકરી મહિલા કોલેજ પાસે માતા સાથે ઓફિસમાં સફાઇ કામ કર્યા બાદ બંગડી બજારમાં નોવેલ્ટી સ્ટોરમાં કટલેરીનું કામ કરવા જવા નીકળ્યા બાદ ત્યાં ન પહોંચતા અને ગૂમ થઇ જતાં પરિવારજનોમાં ચિંતા વ્યાપી ગઇ છે. આ બનાવમાં એ-ડિવીઝન પોલીસે નાના મવા રોડ વિસ્તારમાં રહેતાં યુવાનની ફરિયાદ પરથી અજાણ્યા શખ્સ વિરૂધ્ધ અપહરણનો ગુનો નોંધ્યો છે. યુવાને જણાવ્યું છે કે હું પરિવાર સાથે રહુ છું અને પ્રાઇવેટ નોકરી કરુ છું. મારે સંતાનમાં દિકરો, દિકરી છે જેમાં દિકરી સોળ વર્ષની છે.

ફરિયાદમાં યુવાને વધુમાં કહ્યું હતું કે મારા પત્નિ મહિલા કોલેજ નજીક ઓફિસમાં સાફસફાઇનું કામ કરે છે. મંગળવારે ૨૫મીએ સવારે નવેક વાગ્યે હું મારી પત્નિ અને દિકરીને મહિલા કોલેજ ચોક પાસે ઓફિસ ખાતે ઉતારીને મારા કામના સ્થળે જતો રહ્યો હતો. મારી પત્નિ ઓફિસમાં સફાઇ કામ કરતી હોઇ સાથે દિકરી પણ તેને કામમાં મદદ કરાવે છે. ત્યાંથી સાડા દસેક વાગ્યે દિકરી દરરોજ બંગડી બજારમાં નોવેલ્ટી સ્ટોરમાં કટલેરીનું કામ શીખવા જાય છે. ગઇકાલે પણ તે નોવેલ્ટી સ્ટોર જવા નીકળી હતી પરંતુ ત્યાં મોડે સુધી ન પહોંચતા મારા પત્નિને ત્યાંથી જાણ થતાં તેણીએ આ અંગે મને જાણ કરી હતી. બાળાને કોઇ પરિચીત આથી હું તુરત મારી દિકરી બંગડી બજારમાં જ્યાં કામ શીખવા જાય છે એ દુકાને પહોંચ્યો હતો અને આસપાસ તપાસ કરી હતી.

આ રીતે અલગ અલગ સ્થળે મેં તપાસ કરી હતી પરંતુ તે મળી આવી નહોતી. અંતે મેં પોલીસને જાણ કરી હતી. તેમ વધુમાં યુવાને કહેતાં એ-ડિવીઝન પોલીસ ઇન્સ. બી. વી. બોરીસાગરના માર્ગદર્શનમાં હેડકોન્સ. એન. બી. શિયાળે એફઆઇઆર દાખલ કરી તપાસ શરૂ કરી હતી. બાળાને કોઇ લલચાવી ફોસલાવી ફસાવીને ભગાડી ગયું કે જાતે કોઇ કારણોસર જતી રહી? કે પછી અજાણ્યા તેનું અપહરણ કરી ગયા? આ સહિતના મુદ્દે તપાઇ થઇ રહી છે.

# દારૂથી છલોછલ રીક્ષા સાથે નવાઝ ઝડપાયો

## ભગવતીપરાનો શખ્સ ઝડપાયોઃ નામચીન યાકુબ મોટાણીએ મોકલ્યો હતોઃ પીસીબીની ટીમની કામગીરી

રાજકોટ, તા. ૨૬

શહેરમાં દારૂની હેરફેરની પ્રવૃત્તિઓ પર સદંતર અંકુશ લાવવા માટે પી.સી.બી. દ્વારા સઘન ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે, જેના ભાગરૂપે મોટી ટાંકી ચોક નજીકથી વિદેશી દારૂનો મોટો જથ્થો ભરેલી રીક્ષા સાથે ભગવતીપરાના શખ્સને ઝડપી પાડવામાં આવ્યો છે. આ દારૂ નામચીન બુટલેગર યાકુબ મોટાણીએ મોકલ્યો હતો.

પી.સી.બી. ઇન્ચાર્જ પોલીસ ઇન્સ્પેકટર એમ.આર. ગોંડલીયાના માર્ગદર્શન હેઠળ પી.સી.બી.ની ટીમ પેટ્રોલીંગમાં હતી. આ દરમિયાન પો. હેડ. કોન્સ. કુલદીપસિંહ જાડેજા, વિજયભાઈ મેતા, અને પો. કોન્સ. યુવરાજસિંહ રાણાને મળેલી સંયુક્ત હકીકતના આધારે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

મોટી ટાંકી ચોક પાસે, અમર સ્ટેશનરી ઝેરોક્ષ નજીક રોડ ઉપરથી અતુલ શક્તિ માલવાહક રીક્ષા (નં. જી.જે.૦૧.સી.વી.૭૧૬૩) ની તલાશી લેતા તેમાંથી છુપાવેલો ઇંગ્લીશ દારૂનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે ઘટનાસ્થળેથી નવાજ દોસ્તમહમદભાઇ ભાડુલા (ઉ.વ.૨૪, રહે. ભગવતીપરા, રાજકોટ) ને પકડી પાડ્યો હતો. પોલીસે કુલ રૂ. ૩,૩૯,૭૭૬નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

વોન્ટેડ આરોપીનો ગુન્હાહિત ઇતિહાસ જોઈએ તો આ દારૂનો જથ્થો મોકલનાર આરોપી યાકુબ મુસાભાઇ મોટાણી (રહે. હાલ દમણ)ને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો છે. તપાસ દરમિયાન યાકુબ મોટાણીનો ગુન્હાહિત ઇતિહાસ જાણીને પોલીસ પણ ચોંકી ઉઠી





હતી. તેની વિરુદ્ધ અગાઉ રાજકોટ, મોરબી, સુરત ગ્રામ્ય, વલસાડ અને આણંદ જિલ્લાના વિવિધ પોલીસ સ્ટેશનોમાં પ્રોહીબીશનના અનેક ગુનાઓ નોંધાયેલા છે.નોંધનીય છે કે યાકુબ મોટાણી સામે માત્ર પ્રોહીબીશન જ નહીં, પરંતુ રાજકોટ શહેર/પ્રદ્યુમનનગર પોલીસમાં કલમ-૩૦૨ (હત્યા), ૩૨૪, ૩૨૩, ૫૦૪, ૧૪૪ તથા જી.પી. એક્ટ કલમ-૧૩૫ હેઠળ ગંભીર ગુનો પણ નોંધાયેલો છે, જે તેની ગુનાખોરીની મોટી જાળ સૂચવે છે. તેના પર પ્રોહીબીશન અને અન્ય ગંભીર કલમો સાથે કુલ ૨૧ ગુનાઓ નોંધાયેલા છે. પોલીસે તેને ઝડપી પાડવા માટે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

આ કામગીરી પી.સી.બી.ની ટીમમાં નીચે મુજબના અધિકારીઓ અને કર્મચારીઓ જોડાયેલા હતાઃ પોલીસ ઇન્સ્પેકટરઃ એમ.આર. ગોંડલીયા પીએસઆઇ એમ જે હૂણ, પીએસઆઇ પી.બી. ત્રાજિયા, એએસઆઇ સંતોષભાઇ મોરી, મયુરભાઇ પાલરીયા, મહીપાલસિંહ ઝાલા, હરદેવસિંહ રાઠોડ, ઘનશ્યામસિંહ ચૌહાણ, હેડકોન્સ. કિરતસિંહ ઝાલા, કરણભાઇ મારૂ, વિરેન્દ્રસિંહ જાડેજા, હરદેવસિંહ રાણા, કુલદીપસિંહ જાડેજા, વિજયભાઇ મેતા, રાહુલગીરી ગૌસ્વામી, કોન્સ. યુવરાજસિંહ રાણા, દેવરાજભાઇ કળોતરા, વાલજીભાઇ જાડા, નગીન ભાઇ ડાંગર, હિરેનભાઇ સોલંકી, હિરેન્દ્રસિંહ પરમાર સહિતે કરી હતી.

બીજા એક દરોડામાં એલસીબી ઝોન-૨ ની ટીમે નાના મવા મેઇન રોડ, દેવનગર શેરી નંબર-૩માં રહેતા પારસ ભોવાનને ૨૪૦૦ રૂપિયાની દારૂની ૮ બોટલો સાથે ઝડપી લઇ તેમની સામે કાર્યવાહી કરી છે. એલસીબી ઝોન - ૨ના હેડ કોન્સ્ટેબલ રાહુલભાઈ ગોહેલ તેમજ શક્તિસિંહ ગોહિલ સહિતનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો ત્યારે નાના મવા મેઇન રોડ, રાજનગર ચોકથી આગળ મંદિર પાસે પારસ ભોવાન પરમાર નામનો વિદેશી દારૂનું વેચાણ કરતો હોવાને બાતમી મળી હતી. બાતમીના આધારે પોલીસે પારસને દારૂ સાથે પકડી પાડી પકડી પાડ્યો હતો.

ત્રીજા દરોડામાં ભક્તિનગર પોલીસના હેડ કોન્સ્ટેબલ કીરતસિંહ વિક્રમસિંહ ઝાલા સહિતનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો ત્યારે મળેલી બાતમીના આધારે જંગલેશ્વર મેઇન રોડ, શાળા નંબર ૭૦, પાસેના એકતા કોલોની શેરી નંબર-૧ના ખૂણા પાસેથી અલીમઅલી અનીશ શેખ નામના શખ્સને ૩૬૦૦ રૂપિયાની પ્લાસ્ટિકની દારૂની ૩૬ બોટલ તેમજ બાઈક મળી એક લાખ છ હજારના મુદ્દામાલ સાથે ઝડપી પાડી ધોરણસરની કાર્યવાહી કરી છે.

### પ્રૌઢનું મોત

ચુનારાવાડ ચોકથી દૂધસાગર રોડ તરફ જતા જઈ રહેલા અનવરભાઈ અલ્લારખાભાઈ મકવાણા નામના પરોઢને અજાણી રીક્ષા ચાલકે હડફેટે લેતા તેમને ગંભીર હાલતમાં સારવાર માટે પ્રથમ સરકારી બાદ ખાનગી હોસ્પિટલમાં ખસેડ્યા હતા. જ્યાં તેમનું સારવાર દરમિયાન મોત થતા મૃતકના પુત્ર ભરત સોસાયટી શેરી નંબર એક મેહુલ નગર મેઈન ડોર કોઠારીયા રોડ પર રહેતા ફરીદભાઈ અનવરભાઈ મકવાણાની ફરિયાદ પરથી થોરાળા પોલીસે અજાણ્યા રિક્ષાચાલક સામે ગુનો નોંધ્યો છે.

### પાલતું શ્વાન બાબતે બે મહિલા બાખડી

કોઠારીયામાં આવેલા સુરભી પોસિબલ એપાર્ટમેન્ટ બ્લોક નંબર બી-૩૦૧, ત્રીજા માળે રોલેક્સ રોડ પર રહેતા કિરણબેન ગૌતમભાઈ વાઘેલા નામની મહિલાએ તે જ એપાર્ટમેન્ટમાં રહેતા પારુલબેન રાજેશભાઈ ગોસ્વામી નામની મહિલાએ એક બે લાફા ઝીંકી દીધા હતા. મહિલાએ પોલીસને જણાવ્યું હતું કે પારુલબેન ગોસ્વામીનો પાલતુ કૂતરો જોરથી ભસતો હોવાથી તો અને કરડવા દોડતા આ બાબતે તેમને ટપારવામાં આવ્યા હતા. પરંતુ આ સમયે પારૂલબેનએ લાજવાને બદલે ગાજીને તેમને લાફા ઝીંકી દઈને, ઝઘડો કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

ગમે તેની સાથે મિત્રતા-પ્રેમમાં આગળ વધી જતાં પહેલા ચેતોઃ વધુ એક લાલબત્તી સમાન કિસ્સો

# યુવતિને મારકુટ-બળાત્કાર કરી ખંડણી પડાવી!

## રાજકોટની ખળભળાટ મચાવતી ઘટનાઃ માધાપર ચોકડીના મુકેશે શારીરિક-આર્થિક શોષણ કર્યુ, માથે જતાં યુવતિના લગ્ન પણ અટકાવ્યાઃ પ્રીતિ નામની એક યુવતિની પણ ગુનાખોરીમાં સંડોવણી

રાજકોટ, તા. ૨૬

સગીરાઓ, યુવતિઓને કોઇપણ રીતે ફસાવીને તેની જિંદગી બગાડી નાખવાના કિસ્સા અવાર-નવાર બને છે. અનેક લેભાગુઓએ તો આવી યુવતિઓ, સગીરાઓનું શારીરિક ઉપરાંત આર્થિક શોષણ કર્યાની ઘટનાઓ પણ તાજી છે. તાજેતરમાં એક શખ્સે પુર્વ પ્રેમિકાને પૈસા મામલે ફટકારી હાથ પગ ભાંગી નાંખ્યા હતાં. દરમિયાન હવે શહેરમાં એક ખળભળાટ મચાવતી ઘટના સામે આવી છે. જેમાં રાજકોટ શહેરમાં એક યુવતિને ફસાવી તેની સાથે દૂષ્કર્મ આચરી ન્યુડ ફોટા વિડીયો ઉતારી આ બધુ વાયરલ કરવાની ધમકી દઇ યુવતિ પાસેથી લાખોની ખંડણી પડાવાઇ છે. એટલુ જ નહિ તેના લગ્ન થતાં પણ અટકાવી દેવાયા હતાં. આ ગુનામાં લેભાગુ શખ્સ સાથે એક યુવતિ પણ આરોપી તરીકે મદદગારીમાં છે.

ચોંકાવનારી આ ઘટનાની વિગતો પર નજર કરીએ તો યુવતિને ફસાવ્યા બાદ દૂષ્કર્મ આચરી તેના ફોટા વિડીયો લઇ લીધા હતાં. તેના આધારે લેભાગુ ઢગો વારંવાર બ્લેકમેઇલ કરી રૂપિયા પડાવતો હતો અને યુવતિને કારમાં ચાર્જીંગ વાયરથી માર મારી તેમજ હાથમાં પહેરેલા કડાથી માર પણ માર્યો હતો. એટલુ જ નહિ આ યુવતિના લગ્ન નક્કી થઇ જતાં યુવાને તેણીના લગ્ન પણ રોકાવી દીધાનો ચોંકાવનારો બનાવ સામે આવ્યો છે. આ ગુનામાં આરોપી શખ્સ સાથે એક યુવતિ પણ સામેલ હોઇ પોલીસે બંને સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી. આ કિસ્સામાં પોલીસે બ્લેકમેઇલિંગ, બળાત્કાર, ખંડણી, અને જાનથી મારી નાખવાની ધમકી આપવા બદલ બે આરોપીઓ વિરૂધ્ધ બીએનએસની ગંભીર કલમો હેઠળ એફઆઇઆર દાખલ કરી છે.

પોલીસ સુત્રોના કહેવા અનુસાર આરોપીઓએ ફરિયાદી પાસેથી ડિસેમ્બર ૨૦૨૨થી નવેમ્બર ૨૦૨૫ દરમિયાન કુલ રૂપિયા ૪,૨૫,૦૦૦ની ખંડણી પડાવી હોવાનું અને લગ્ન રોકાવ્યા હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. યુનિવર્સિટી પોલીસ



ન્યુડ ફોટા-વિડીયો વાયરલ કરવાની વારંવાર ધમકી આપી શોષણ કરતો
કારમાં પુરીને કેબલથી, કડાથી માર મારતોઃ યુનિવર્સિટી પોલીસે શરૂ કરી તપાસ

સ્ટેશનના હેડકોન્સ. જી.એસ.ઝાલા દ્વારા ઉચ્ચ અધિકારીઓની રાહબરીમાં આ ફરિયાદ દાખલ કરવામાં આવી છે જેમાં બે આરોપીઓએ એકસંપ થઈ ગુનાહિત કાવતરૂ રચ્યું હતું. ફરિયાદમાં આરોપી તરીકે માધાપર ચોકડી પાસે રહેતાં મુકેશ રવજીભાઈ સોલંકી અને સાધુ વાસવાણી રોડ પાટીદાર ચોકમાં રવિ એપાર્ટમેન્ટમાં રહેતી પ્રીતિબેન ઘેટીયાના નામ અપાયા છે.

શારીરિક શોષણ અને બ્લેકમેઇલિંગની ફરિયાદ મુજબ આરોપી મુકેશ સોલંકીએ ફરિયાદીની મરજી વિરૂધ્ધ અવારનવાર તેમની સાથે શરીર સંબંધ બાંધ્યો હતો. આ દરમિયાન તેણે ફરિયાદીના ન્યુડ ફોટા અને વિડીયો ઉતારી લીધા હતા. ત્યારબાદ આ ફોટા અને વિડીયો વાયરલ કરવાની ધમકી આપીને, આરોપીઓએ ફરિયાદી પાસેથી કટકે-કટકે રોકડા રૂપિયા ચાર લાખ પચ્ચીસ હજારની બળજબરીથી ખંડણી પડાવી લીધી હતી. આ ઉપરાંત મુકેશે પોતાની ફોરવ્હીલ ગાડીમાં ફરિયાદીને ચાર્જીંગ વાયર તેમજ કડા વડે માર મારી મુંઢ ઇજાઓ પણ ભોગ બનનાર યુવતિને પહોંચાડી હતી.

આ કિસ્સામાં ખુબ જ ચોંકાવનારી બાબત એ છે કે ફરિયાદીના લગ્ન સમયે આ બંન્ને આરોપીઓ સ્થળ પર પહોંચ્યા હતા અને યુવતિના સગાને જાનથી મારી નાખવાની ધમકી આપીને લગ્ન રોકાવી દીધા હતા. પોલીસે બીએએસની કલમો હેઠળ બળાત્કાર-શારીરિક શોષણ, ખંડણી, હુમલો, કાવત્રુ, દુષ્પ્રેરણા સહિતની કલમો હેઠળ કાર્યવાહી કરી આરોપીઓને ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યા છે. ડીસીપી રાકેશ દેસાઇ, એસીપી રાધીકા ભારાઇના માર્ગદર્શનમાં પોલીસ ઇન્સ. એચ. એન. પટેલ અને ટીમે વધુ તપાસ હાથ ધરી છે. આ કિસ્સો એવી તમામ યુવતિઓ, સગીરાઓ માટે લાલબત્તી સમાન છે જેઓ મિત્રતા અને પ્રેમના નામે ગમે તેની સાથે આગળ વધી જાય છે અને પછી પસ્તાય છે. આ કિસ્સામાં પણ યુવતિને ફસાવી શારીરિક ઉપરાંત આર્થિક શોષણ પણ કરાયું હતું.

### ગઠીયાગીરી અને ચોરીની ચોંકાવનારી બે ઘટનાઃ પરિચીતો જ ઘા કરી ગયા

# દૂકાનના નામે મહિલાને સાત લાખનો ચૂનો

## કંપનીમાંથી છુટા કરી દેવાયેલા કર્મચારીએ બદલો લેવા બીજા કર્મીઓ સાથે મળી પોણા કરોડનું કેમિકલ ચોરી લીધું

રાજકોટ, તા. ૨૬
ઠગાઇના અન્ય એક કિસ્સામાં ત્રણ બિલ્ડરે મળી એક મહિલા સાથે મોલમાં દૂકાન વેંચવાના નામે લાખોની ઠગાઇ કરી છે. મહિલાએ સોદો નક્કી થયા પછી ટુકડે ટુકડે સાત લાખ જેવી રકમ ચુકવી દીધી હતી. પરંતુ તેમને દુકાન પણ નહોતી મળી અને રૂપિયા પણ પાછા નહોતા મળ્યા. બીજી એક ઘટનામાં કંપનીમાંથી છુટા કરી દેવાયેલા કર્મચારીએ ખાર રાખી અન્ય કર્મચારીઓ સાથે મળીને કંપનીમાંથી અધધધ બોંતેર લાખનો કેમિકલ પાવડર ચોરી લેતાં ચકચાર જાગી છે. ચોરી કરી ભાગેલા તમામને પોલીસ શોધી રહી છે.

ફ્રોડની ઘટના જોઇએ તો વડોદરાના તરસાલીની ધ રાઇસ પ્લાઝા શોપિંગ મોલમાં દુકાન વેચવા ત્રણ બિલ્ડરે મહિલા પાસેથી રૂ.૭ લાખ લઈને દસ્તાવેજ ન આપતા છેતરપિંડી કરી હતી. મહિલાને બાનાખત પણ કરી આપ્યું નહોતું. ત્યારે કપુરાઈ પોલીસે ત્રણ સામે ગુનો નોંધીને કાર્યવાહી હાથ ધરી હતી. સુશેન તરસાલી રિંગ રોડ હિરાબાગ સોસાયટીમાં રહેતા કલ્પનાબેન ભરતભાઈ ત્રિવેદીના પતિ રેલવે વિભાગમાં નોકરી કરે છે. તેમને દુકાન લેવાની હતી. તે સમયે ધ રાઇસ પ્લાઝા શોપિંગ મોલ તરસાલી બાયપાસના દ્વારકેશ ઈન્ફ્રા પેઢીના ભાગીદાર મેહુલ ઘનશ્યામ પટેલ, સાગર જયંતિ અમીનની ઓફિસે ગયા હતા.

ત્યારે તેમને રૂ.૭ લાખમાં દુકાનનો દસ્તાવેજ બનાવી આપવાની સાથે નક્કી કર્યું હતું. ત્યારબાદ મહિલાએ ટુકડે-ટુકડે રૂ.૭ લાખ આપ્યા હતા. તેમને સામે પાવતી પણ આપવામાં આવી હતી. જોકે પછી મહિલાએ દુસ્તાવેજ કરી આપવાનું કહેતા હતા. ગત ફેબ્રુઆરીમાં મહિલાના પતિ ધ રાઇઝ પ્લાઝાની ઓફિસે ગયા હતા. મેહુલભાઈનો દીકરો હર્ષ મળ્યો હતો. જોકે ઓફિસ પર હર્ષે ઉશ્કેરાઈને ભરતભાઈને અપશબ્દો બોલ્યા હતા અને તેમને ઓફિસમાંથી બહાર કાઢી મુક્યા હતા. તેઓ જે-તે સમયે નક્કી




કરેલી રમક મુજબ દુકાન આપવાની ના પાડવા લાગ્યા હતા. કપુરાઈ પોલીસે ત્રણ બિલ્ડર સામે ઠગાઈનો ગુનો નોંધીને કાર્યવાહી હાથ ધરી હતી.

બીજી ઘટના પર નજર કરીએ તો વડોદરા જિલ્લામાં પાદરા તાલુકાના કરખડી ગામની સીમમાં આવેલી અમી લાઇફ સાયન્સ કંપનીમાંથી પાણા કરોડ રૂપિયાનું કિંમતી કેટાલિસ્ટ પદાર્થની ચોરી થઇ છે. કંપનીમાં કોન્ટ્રાક્ટ લેબર તરીકે કામ કરતા એક કર્મચારી દ્વારા આ કૃત્ય કરવામાં આવ્યું હોવાનું કંપની તપાસમાં બહાર આવ્યું છે. કંપનીમાં પ્લાન્ટ મેનેજર તરીકે ફરજ બજાવતા કિશોરભાઇ ગોવિંદભાઇ રામાણીએ વડુ પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે ક પ્લાન્ટમાં રાખેલા પ્રુ રોડિયમ ઓન કાર્બન પાવડરનું કુલ ૨૦ કિલો વજનનું ૧ ડ્રમ ગાયબ હોવાનું જણાયું હતું. આ મટિરિયલનું ડ્રાય વજન ૯.૨૨૧ કિલો છે, જેની બજાર કિંમત પ્રતિ કિલો રૂપિયા ૮.૦૫ લાખ મુજબ કુલ રૂપિયા ૭૪.૨૨ લાખ થાય છે. કંપનીના અધિકારીઓએ સીસીટીવી ફૂટેજ તપાસતાં જાણવા મળ્યું હતું કે કંપનીમાં કોન્ટ્રાક્ટમાં કામ કરતો લેબર રાહુલ સુરેશભાઇ રાજપુત, જેની સેવા કંપનીએ એક દિવસ પૂર્વે બંધ કરી હતી.

આ લોકોએ વહેલી સવારે કંપનીમાં ઘૂસ્યો હતો. તેણે પ્લાન્ટ-૬માંથી ડ્રમ ચકીને નાના દરવાજા દ્વારા બહાર કાઢ્યું હતું. સીસીટીવીમાં રાહુલને બહાર નીકળતી વખતે એક બીજા અજાણ્યા ઈસમ સાથે મળીને ડ્રમ લઈ જતો સ્પષ્ટ દેખાયો હતો. તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે રાહુલ ઉપરાંત તેની સાથે રહેતા વધુ સાત જેટલા લેબર ગંગારામ શિવરામ રાજપૂત, વિપીન રામમત રાજપૂત, રાહુલ ઉપેન્દ્ર રાજપૂત, દીપક બ્રીજગોપાલ રાજપૂત, અંકિત રામમુત રાજપૂત, અરવિંદ સુરેન્દ્ર રાજપૂત ઘટના બાદથી નોકરી પર આવતા બંધ થઈ ગયા છે. આ તમામ લેબર કરખડી ગામની સીમમાં ફિલોડીન કંપની સામે ગિરીશભાઇ પટેલની ઓરડીઓમાં રહેતા હતા. ઘટના બાદ તમામ લોકો અચાનક ગાયબ થઈ ગયા હોવાથી તેઓ પર શંકા દ્રઢ બની હોઇ તમામની શોધખોળ થઇ રહી છે.

### ભાણેજના દિકરા સાથે તુર્કી અકેડેમી સ્કૂલમાં મારામારી થઇ હોઇ તેની અરજી કરી હોઇ આ કારણે ડખ્ખે

# સમાજ સુરક્ષા વિભાગના નિવૃત અધિકારીને ખૂનની ધમકી

## ભૂંડી ગાળો દઇ અરજી પાછી ખેંચી લે નહિતર પતાવી દઇશ કહી આબીદ ચાવડાએ ખેલ નાંખ્યો : ક્રાઇમ બ્રાંચના પીએસઆઇને ખાસ તપાસ સોંપવામાં આવી



રાજકોટ, તા. ૨૬
જેને ડખ્ખા જ કરવા છે એને નવા જુના કારણોસર ઉત્પાત ઉપડતો હોય છે અને તેઓ માથાકુટ કર્યા રાખતા હોય છે. આવી વધુ એક ઘટના સામે આવી છે જેમાં સમાજ સુરક્ષા ખાતાના નિવૃત અધિકારીને મારી નાખવાની ધમકી અપાઇ હતી. શહેરના રામનાથપરા વિસ્તારમાં રહેતાં સમાજ સુરક્ષા ખાતાના નિવૃત અધિકારીને પોલીસ કમિશનરને કરેલી અરજી પાછી ખેંચવાનું કહીને તેમની સાથે ગુંડાગીરી આચરવામાં આવી હતી. આ મામલે એ-ડિવીઝન પોલીસે એફઆઇઆર દાખલ કરતાં તપાસ ક્રાઇમ બ્રાંચને સોંપાઇ હતી.

વિગતો પર નજર કરીએ તો આ બનાવમાં પોલીસે રામનાથ પરા જુમ્મા મસ્જીદ પાસે બાગે હૈદરી નામના મકાનમાં રહેતાં જાહીદભાઈ મહમદઇકબાલભાઈ કાદરી નાના ઓગણસાંઇઠ વર્ષના સિનીયર સિટીઝનની ફરિયાદ પરથી આબીદ ગુલામહુશેન ચાવડા અને તપાસમાં ખુલે તેની સામે ગુનો નોંધ્યો છે. ફરિયાદી અગાઉ સમાજ સુરક્ષા ખાતામાં નોકરી કરતા હતા અને હાલ નિવૃત્ત છે. જાહીદભાઈએ જણાવ્યું છે કે આજીડેમ ચોકડી પાસે આવેલી તુર્કી એકડેમી સ્કૂલમાં મારા ભાણેજના દીકરાને માર મારવામાં આવ્યો હતો. આ મામલે પોલીસ કમિશનરને એક અરજી કરી હતી. આ અરજી આપ્યા બાદ સમાધાન માટે ગત પહેલી ડિસેમ્બર ૨૦૨૪ના રોજ રાત્રે આશરે એક વાગ્યાની આસપાસ તેમને સમાજના કેટલાક લોકોએ વાત કરવા બોલાવ્યા હતાં.

જેમાં સરફરાજભાઈ, તોફીકભાઇ, અલીભાઇ ગોગદા, ઈમ્તિયાજભાઈ, અને મહમદભાઈ સહિતના દ્વારા જિલ્લા ગાર્ડન ખાતે બોલાવવામાં આવ્યા હતા. આથી પોતે ત્યાં ગયા હતાં. જ્યારે સમાધાનની વાતચીત ચાલી રહી હતી ત્યારે આબીદ ગુલામહુસેન ચાવડા નામનો શખ્સ કાળા કલરની થાર ગાડી લઈને ત્યાં આવ્યો હતો. આબીદે જાહીદભાઇને ધમકી આપતાં જણાવ્યું હતું કે-મારા ભાઈ મુસ્તાક ઉર્ફે ગુલામહુસેન ચાવડા વિરૂધ્ધ આપેલી અરજી પાછી ખેંચી લેજે, જો અરજી પાછી નહીં ખેંચે તો તને જાનથી મારી નાંખીશ.

આ રીતે બધાની વચ્ચે ધમકી આપી આબીદે બેફામ ગાળો બોલી એકદમ ઉશ્કેરાઈ જઇ માર મારવા દોડ્યો હતો. પરંતુ ત્યાં હાજર અન્ય લોકોએ તેને પકડી રાખ્યો હતો. જાહીદભાઈ કાદરીએ વધુમાં જણાવ્યું છે કે આબીદ માથાભારે તેમજ ઝનુની સ્વભાવનો હોવાથી કોઈ ઈજા કે નુકશાન પહોંચાડે તેવી બીક હોઇ તેથી આજ સુધી માત્ર અરજી જ આપી હતી અને ફરિયાદ દાખલ કરાવી નહોતી. અંતે ફરિયાદ દાખલ કરાવી હતી. ડીસીબી પોલીસ સ્ટેશનના પીએસઆઇ એ. એન. પરમારે આરોપીને પકડી લેવા તજવીજ હાથ ધરી છે.

# વૃધ્ધને દસ લાખમાં પડી ભુલ

## નિવૃત ફૌજી અને નિવૃત બેંક કર્મચારી વૃધ્ધ સાથે ઠગાઈની સાયબર ક્રાઇમ પોલીસે FIR નોંધીઃ પાંચ લાખથી વધુ ફ્રીઝ થઇ ગયાઃ ગઠીયાઓ સુધી પહોંચવા પોલીસની મહેનત

રાજકોટ, તા. ૨૬
ગઠીયાઓ કેવા કેવા નુસ્ખા અજમાવી લોકોને છેતરતા હોય છે તેની પ્રતીતી કરાવતો વધુ એક બનાવ સામે આવ્યો છે. જેમાં રાજકોટ શહેરના નિવૃત ફૌજીના દસ લાખ બે ટ્રાન્જેક્શનથી સાયબર ગઠીયાઓએ ઉપાડી લીધા હતાં. ભારતીય સેનામાંથી નિવૃત થયા પછી પંજાબ નેશનલ બેંકમાં ઓફિસર તરીકે નોકરી કરી હાલ નિવૃત જીવન જીવતાં વૃધ્ધ બેંકના નિવૃત કર્મચારીઓના વ્હોટ્સએપ ગ્રુપમાં હોઇ આ ગ્રુપમાં એક સદસ્યએ પીએનબી-પંજાબ નેશનલ બેંકના નામે એક મોબાઇલ નંબર દ્વારા ફ્રોડ થાય છે, આ નંબરથી બચજો તેવો મેસેજ કર્યો હતો. પણ ભુલથી નિવૃત ફૌજીએ હયાતીનો દાખલો રજુ કરવા માટે જે નંબર ચેતવણી માટે અપાયા હતાં તેમાં જ કોલ જોડી દીધો હતો અને સાયબર ગઠીયાનો ભોગ બની ગયા હતાં.

વિગતો પર નજર કરીએ તો રૈયા હીલ્સ શાંતીનગર મેઇન રોડ ડ્રીમ સીટી ફ્લેટ નં. એ-૧-૬૦૪માં રહેતાં અને નાના મવા સર્કલ પાસે મિલેનીયમ કોમ્પલેક્ષમાં એસ.કુમાર એડીબલ ઓઇલ નામની ઓફિસમાં લોજીસ્ટીક મેનેજર તરીકે નોકરી કરતાં સુધીરભાઇ ગિરીશભાઇ મોનાણી નામના સાડત્રીસ વર્ષના યુવાનની ફરિયાદ પરથી શહેર



નિવૃત બેંક કર્મીઓના ગ્રુપમાં મેસેજ આવ્યો કે-આ નંબરનો ધારક ફ્રોડ કરે છે, તેનાથી ચેતવુંઃ વૃધ્ધે પેન્શન હયાતીના દાખલા માટે ભુલથી આ નંબરમાં જ ફોન જોડ્યો અને શિકાર બની ગયા

સાયબર ક્રાઇમ પોલીસે એક મોબાઇલ નંબરના ધારક અને યુનિયન બેંક ઓફ ઇન્ડિયા તથા ઇન્ડિયા બેંકના બે એકાઉન્ટ ધારકો સામે એફઆઇઆર દાખલ કરી મોબાઇલ નંબરને આધારે આરોપી સુધી પહોંચવા કવાયત આદરી છે.

વિશેષ માહિતી જોઇએ તો પોતાની ફરિયાદમાં સુધીરભાઇએ જણાવ્યું છે કે મારી સાથે પરિવારમાં મારા માતા, પત્નિ, દિકરો અને પિતા રહે છે. પિતા ગિરીશભાઇ રામજીભાઇ મોનાણી જેઓ અડસઠ વર્ષના છે અને નિવૃત ફૌજી છે. ફૌજમાંથી નિવૃતિ બાદ પંજાબ નેશનલ બેંકમાં ઓફિસર તરીકે પણ ફરજ બજાવી હતી. ૨૦૧૮થી તેઓ નિવૃત જીવન જીવે છે. તેઓ આંખની નબળાઈને કારણે વાંચવામાં તકલીફ અનુભવે છે, તેઓ આ ફ્રોડનો ભોગ બન્યા છે. નિવૃત્ત બેંક કર્મચારીઓનાં એક વોટ્સએપ ગ્રુપમાં ફ્રોડથી સાવધાન રહેવા માટે એક પોસ્ટ શેર કરવામાં આવી હતી, જેમાં એક શંકાસ્પદ મોબાઇલ નંબર ૬૨૮૯૧ ૯૩૮૧૪નો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. પોસ્ટમાં સ્પષ્ટતા હતી કે આ નંબર પંજાબ નેશનલ બેંક (પીએનબી)ના નામે ફ્રોડ કરે છે, જેથી આ મોબાઇલ નંબરથી સાવધ રહેવું.

પરંતુ મારા પિતા ગીરીશકુમાર મોનાણીએ વાંચવામાં ભૂલ કરતાં આ નંબરને પીએબીનો સત્તાવાર સંપર્ક નંબર સમજી લીધો હતો. તેમનું પેન્શન પીએનબીમાં આવતું હોવાથી અને નવેમ્બર મહિનામાં પેન્શનરોએ હયાતીનો દાખલો જમા કરાવવાનો હોવાથી, તેમણે આ સાવધાન રહેવા માટેનો નંબર જ બેંકનો ઓફિશિયલ નંબર માની તેના પર કોલ કર્યો હતો. કોલ પર વાતચીત બાદ, સામાવાળા ઠગે તેમને એક એપ્લિકેશનની લિંક મોકલી હતી અને એટીએમના ફોટા પણ વોટ્સએપ પર આપવા જણાવ્યું હતું. આથી મારા પિતાએ આ લિંક પરથી અજાણી એપીકે ફાઇલ ડાઉનલોડ કરી અને એટીએમના ફોટા પણ મોકલ્યા હતાં.

આ એપ્લિકેશન ડાઉનલોડ થતાની સાથે જ તેમનો મોબાઇલ ફોન હેક થઈ ગયો હતો. બાદમાં ઠગોએ તુરંત જ મારા પિતાના બેંક એકાઉન્ટમાંથી તેમની જાણ બહાર ઇન્ટરનેટના માધ્યમથી ઓનલાઈન બે ટ્રાન્ઝેક્શનમાં પાંચ-પાંચ લાખના બે મળી ૧૦,૦૦,૦૦૦ ટ્રાન્જેક્શન કરી ટ્રાન્સફર કરી લીધા હતા. આ રકમ યુનિયન બેંક ઓફ ઈન્ડિયા અનેબેંક ઓફ ઈન્ડિયાના બે જુદા-જુદા ખાતાઓમાં જમા કરાઈ હતી. આ પછી અમે બેંક ખાતે જઇ તપાસ કરતાં ફ્રોડ થયાની ખબર પડી હતી.

ત્યારબાદ અમે સીઆઇડી ક્રાઇમની હેલ્પલાઈન નં. ૧૯૩૦ પર કોલ કરીને અરજી દાખલ કરી હતી. પોલીસની તાત્કાલિક કાર્યવાહીના ભાગરૂપે ફ્રોડમાં ગયેલા કુલ નાણાં પૈકી રૂપિયા ૫,૮૨,૪૬૬ની રકમ બીએનએસએસ ૫૦૩ બેંકિંગ સિસ્ટમ અનુસાર ફ્રીઝ કરવામાં આવી છે અને તેને પાછી મેળવવા માટે કોર્ટમાં અરજી કરવામાં આવી છે. સાયબર ક્રાઇમ પોલીસે મોબાઇલ નંબર ૬૨૮૯૧ ૯૩૮૧૪નો ઉપયોગ કરનાર તેમજ નાણાં જમા કરાયેલ બેંક ખાતાના ધારકો વિરૂધ્ધ એફઆઇઆર દાખલ કરી ફોન નંબર અને ખાતા ધારકોને શોધી કાઢવા તપાસ શરૂ કરી હતી. વધુ એક વખત પોલીસે નાગરિકોને ચેતવણી આપી છે કે વૃદ્ધોને ખાસ કરીને પેન્શન સંબંધિત માહિતી માટે ફક્ત બેંકની અધિકૃત શાખાનો જ સંપર્ક કરવો જોઈએ. ક્યારેય પણ કોઈ અજાણ્યા વ્યક્તિને એટીએમના કાર્ડના ફોટા, ઓટીપી, પીન કે અન્ય ગુપ્ત માહિતી આપવી નહીં, અને અજાણી લિંક્સ કે એપીકે ફાઇલો ડાઉનલોડ કરવાનું ટાળવું જોઇએ. આ બનાવમાં વધુ તપાસ એસીપી ચિંતન પટેલ, પોલીસ ઇન્સ. જે. એમ. કૈલાના માર્ગદર્શનમાં ઇન્સ. પી.આર. ડોબરીયા અને ટીમે આરોપીઓ સુધી પહોંચવા મહેનત શરૂ કરી છે.

# નાસતા ફરતા ચાર ઝડપાયા

## જેતપુર ઉદ્યોગનગર પોલીસની કાર્યવાહીઃ દારૂ, સહિતના ગુનાઓમાં રાજકોટ, રાજસથાન, યુપી, જુનાગઢના શખ્સો હતાં ફરાર

રાજકોટ, તા. ૨૬
ગુનાઓ કરીને ભાગી જતાં આરોપીઓને શોધવા પોલીસ ભારે મહેનત કરતી હોય છે. અમુક તો દસ કે પંદર કે પછી બાવીસ વર્ષે પણ ઝડપાતા હોય છે. દરમિયાન રાજકોટ જીલ્લાના જેતપુર ઉદ્યોગનગર પોલીસે અલગ-અલગ ગુન્હામાં વોન્ટેડ ૪ આરોપીઓને ઝડપી લીધા હતા. પોલીસ અધિક્ષક વિજયસિંહ ગુર્જર દ્વારા નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા સુચના આપેલ હોઇ જેતપુર વિભાગના ઇન્ચાર્જ મદદનીશ પોલીસ અધિક્ષક સીમરન ભારદ્વાજના માર્ગદર્શન હેઠળ ઉદ્યોગનગર પોલીસ ઇન્સ્પેક્ટર ડો. એમ.એમ. ઠાકોર દ્વારા સર્વેલન્સ સ્ટાફની અલગ અલગ ટીમો બનાવી જેતપુર ઉદ્યોગનગર પોલીસે આ કામગીરી કરી હતી.

જેમાં દારૂના ગુનામાં નાસતા ફરતા આરોપી જગમાલ ઉર્ફે પીરારામ મેવારામ વીભારામ દેવાંશી, રહે પાંચલા, રાજપુત વાસ, તા.સાંચોર, જી.ઝાલોર (રાજસ્થાન), ઇમરાન અમીરમિયા ઉર્ફે અમીનમીયા બુખારી, રહે. ડુંગરપુર, કોળી સમાજની વાડી સામે, તા.જી.જુનાગઢ, ફેનીલ ઉર્ફે લાલો મુકેશભાઇ શામજીભાઇ દાફડા, રહે. રાજકોટ, આંબેડકર નગર, શેરી નં.-૩,જડુસ હોટલ પાસે, કાલાવડ રોડ, રાજકોટ તથા અન્ય એક ગુન્હામાં વોન્ટેડ આરોપી રાજેશકુમાર ઉર્ફે સુમારૂ રામબ્રીચ બિંદ, રહે. નરહાગામ, પોસ્ટ-મદરા, જી.મિરજાપુર-યુપીને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

આ કાર્યવાહી ઉદ્યોગનગરના પીએસઆઇ એલ.ડી.મેતા, એએસઆઇ સંજયભાઇ પરમાર, એચસી રીઝવાનભાઇ સિંજાત, એચસી હિતેષભાઇ વરૂ, એચસી અજયભાઇ રાઠોડ, એચસી વાસુદેવસિંહ જાડેજા તથા પીસી ચેતનભાઇ ઠાકોર દ્વારા કરવામાં આવી હતી. તેમજ પોલીસ ઇન્સ્પેક્ટર એ.એમ. હેરમાં જેતપુર તાલુકા પોલીસ સ્ટેશનના સર્વેલન્સ સ્ટાફ સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમા નાસતા ફરતા આરોપીઓની શોધખોળમાં હાઇ જે દરમ્યાન સર્વેલન્સ સ્ટાફને મળેલ હકિકત આધારે જેતપુર તાલુકા પોલીસ સ્ટેશન પ્રોહીબીશનના ગુન્હામાં વોન્ટેડ આરોપી રમેશ ઉર્ફે રામો ચીકુભાઇ હિમરાજભાઇ મિંઢોળીયા-રહે. સુતાવળીનો ઢોરો, કાલાવડ રોડ, મોટામીવા, રાજકોટને જૂનાગઢના ચોકી ગામથી ઝડપી લીધો હતો.

### જેટ એરવેઝના માલિકને ત્યાં દરોડા પડ્યા તેમાં તમારુ આધારકાર્ડ નીકળ્યું છે, મનીલોન્ડરીંગનો કેસ છે

# નિવૃત ઓફિસર સાથે ૨૧ લાખની છેતરપિંડી

## નેવુ દિવસ ડીજીટઅલ એરેસ્ટ રાખવા પડશે કહી ક્રાઇમ બ્રાંચના નામે ડરાવી ખરાઇ કરવાના નામે રૂપિયા લઇ લીધાઃ ઓફિસરના દિકરાને રૂપિયા ટ્રાન્સફરનો મેસેજ જતાં ફ્રોડ થયાની ખબર પડી

રાજકોટ, તા. ૨૬
સાયબર ક્રાઇમની દુનિયામાં સતત અવાર-નવાર ગઠીયાઓ એકના એક નુસ્ખાનો ઉપયોગ કરી લોકોને છેતરી લેતાં હોય છે. વધુ એક વખત ડિજીટલ એરેસ્ટ કરી વૃધ્ધ પાસેથી એકવીસ લાખ પડાવી લેવાયા છે. આ વખતે નિવૃત ચીફ ફાયર ઓફિસર ગઠીયાગીરીનો ભોગ બન્યા છે. તેમને ડીજીટલ એરેસ્ટ કરી ફ્રોડના કેસમાં થર્ડ ડીગ્રી ટોર્ચર કરવાની ધમકી દઇ ડરાવી તમારા પર મનીલોન્ડરીંગનો કેસ છે, સ્પાઇસ જેટના માલિકના ઘરે પડેલા દરોડામાં તમારા આધાર કાર્ડ મળ્યા છે, હવે અલગ અલગ એજન્સી મારફત તમારી પુછતાછ થશે, ધરપકડ થશે તેમ કહી રોકડ પડાવી લેવામાં આવી હતી.

વિગતો પર નજર કરીએ તો આ વખતે ભોગ બનનાર અમદાવાદના રહેવાસી છે. અમદાવાદ ફાયર બ્રિગેડના નિવૃત ઇન્ચાર્જ ચીફ ફાયર ઓફિસરને ફોન કરીને તેમના પર મની લોન્ડરીંગનો કેસ થયાનું કહીને અલગ અલગ એજન્સીના નામે ધમકી આપીને તપાસનું કહી ડીજીટલ એરેસ્ટ કરીને એકવીસ લાખ રૂપિયા પડાવવામાં આવ્યાની ફરિયાદ સાયબર ક્રાઇમમાં નોંધવામાં આવી છે. પોલીસ સુત્રોએ જણાવ્યા મુજબ મણિનગર હરીહર સોસાયટીમાં આવેલા વ્રજભુમી એપાર્ટમેન્ટમાં રહેતા અઠયોતેર વર્ષીય બળદેવભાઇ પટેલ અમદાવાદ ફાયર બ્રિગેડમાં ઇન્ચાર્જ ચીફ ફાયર ઓફિસર તરીકે ફરજ બજાવતા હતા અને હાલ નિવૃત જીવન પસાર કરે છે. તેમને અજાણ્યા નંબરથી વોટ્સએપ પર વિડીયો કોલ આવ્યો




હતો. કોલ કરનારે પોતાની ઓળખ પોતાની ઓળખ મુંબઇ ક્રાઇમબ્રાંચના પીઆઇની આપી હતી.

આ પ્રકારનો ફોન આવતાં નિવૃત ચીફ ફાયર ઓફિસર વિચારમાં પડી ગયા હતાં. ફોન કરનારે બાદમા કહ્યું હતુ કે સ્પાઇસ જેટના માલિકના ઘરેથી દરોડામાં તમારા આધાર કાર્ડ મળી આવ્યા છે અને મની લોન્ડરીંગનો કેસ થયો છે. જેથી તમને નેવુ દિવસ સુધી એરેસ્ટ રાખવાના છે. ત્યારબાદ ઇડીનો બનાવટી લેટર મોકલીને બે કરોડના મનીલોન્ડરીંગની વાત કરીને ડીજીટલ એરેસ્ટ કરીને મિલકતની વિગતો મેળવીને ચકાસણી માટે તમામ નાણાં મોકલી આપવાનું કહ્યું હતું. જેથી ડરી ગયેલા બળદેવભાઇએ પોતાની પાસેના કુલ વીસ લાખ નેવુ હજાર ટ્રાન્સફર કરી દીધા હતાં.

ગઠીયાઓએ કહ્યું હતું કે તમારા નાણાની ચકાસણી થઇ જાય પછી તે તમને પરત આપી દેવામાં આવશે. જો તમે નાણા નહિ મોકલો તો ફીઝીકલ એરેસ્ટ કરવામાં આવશે અને તેના માટે મુંબઇ આવવાનું રહેશે. આવી વાતોથી તેઓ ખુબ ડરી ગયા હતાં અને કુલ વીસ લાખ નેવુ રૂપિયા મોકલી આપ્યા હતા. પરંતુ નાણાં ટ્રાન્સફરનો મેસેજ બળદેવભાઇના પુત્રના મોબાઇલમાં આવતા પુત્રએ તેમને છેતરપિંડી થયાની જાણ કરી હતી. આ અંગે સાયબર ક્રાઇમ સેલ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે.

આ પ્રકારના સાયબર ફ્રોડની ઘટનાઓ સતત બનતી રહે છે. સાયબર ક્રાઇમ પોલીસ સતત લોકોને આવા ફ્રોડ સામે જાગૃત થવા પ્રયાસ કરે છે પરંતુ આમ છતાં ગઠીયાઓ ફાવી જાય છે. તાજેતરમાં રાજકોટમાં એક વૃધ્ધના એક કરોડથી વધુ આ રીતે પડાવી લેવાયા હતાં. શિક્ષક વૃધ્ધે પોતાના અને પત્નિના એકાઉન્ટમાંથી રકમ ઉસેડી ગઠીયાઓને ધરી દીધી હતી. વધુ રકમ માટે વિદેશ રહેતી દિકરી પાસે મદદ માંગી ત્યારે ફ્રોડ થયાની ખબર પડી હતી. આ ઘટનામાં પોલીસના હાથમાં પોતાના બેંક એકાઉન્ટનો ઉપયોગ કરવા દેનારા શખ્સો જ હાથમાં આવ્યા હતાં. મુળ મુખ્ય સુત્રધાર કોણ છે? તેની હજુ ખબર પડી નથી. અગાઉ પણ રાજકોટમાં એક એક કરોડથી વધુના આ પ્રકારના બે ડીજીટલ ફ્રોડ થયા હતાં. તેમાં પણ સુત્રધાર સુધી પહોંચી શકાયું નહોતું.

### વૃધ્ધાઓને છેતરતી ટોળકીઓ ઉતરી પડી છેઃ ચેતતા રહેજો, ગઠીયાઓથી બચતા રહેજો

# પાખંડી ભુવાથી ચાર વૃદ્ધા છેતરાઈ

## એક ટોળકીના ત્રણ સાગ્રીતો ઝડપાઈ ગયા : બીજી ઠગાઈ કરનારાની શોધખોળ : માતાજી અને સહાયના નામે ઠગાઈ

રાજકોટ, તા. ૨૬

અલગ અલગ પ્રકારની સહાય સહિતના ગતકડા વહેતા મુકી ગઠીયાઓ છેતરી જતાં હોય છે. આવી વધુ એક ઘટના બની છે. જેમાં સરકારી સહાયના નામે વૃધ્ધાઓ સાથે ફ્રોડ આચરનારી ટોળકીના ત્રણ ગઠીયાને પકડી લેવામાં સફળતા મળી છે. બીજી તરફ અમદાવાદમાં મહિલાઓને એડ્રેસી પુછતવાના બહાને બાદમાં પોતે માતાજીના ભુવા છે તેમ કહી વાતોમાં ફસાવી સોનાની બંગડી ઉતરાવી જવામાં આવી છે. આ ગઠીયાને પોલીસ શોધી રહી છે.

બીજી એક ગઠીયાગીરી જોઇએ તો આ બનાવ અમદાવાદમાં બન્યો છે. મહિલાઓને એડ્રેસ પૂછવાના બહાને ચોરી કરતી ગેંગ સક્રિય થઈ છે, ત્યારે વેજલપુરમાં ખોડીયાર માતાજીના ભુવા હોવાનો ઢોંગ કરીને આવેલા બે અજાણ્યા શખ્સોએ છોંતેર વર્ષીય વૃદ્ધાને વાતોમાં નાખી તેમની પાસેની આશરે રૂપિયા એક લાખની કિંમતની સોનાની બંગડીની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. આ અંગે વૃદ્ધાએ વેજલપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. વેજલપુરમાં રહેતા છોંતેર વર્ષીય ચંદ્રીકાબેન મકાણી ઘરેથી મંદિરે દર્શન કરવા જઈ રહ્યા હતા. ચંદ્રીકાબેન આર.આર. દ્વિવેદી સ્કૂલ પાસે પહોંચ્યા ત્યારે એક ટુ-વ્હીલર પર સવાર બે અજાણ્યા ઇસમોએ તેમને રોક્યા હતા.

બાદ બંને શખ્સોએ ચંદ્રીકાબેનને ખોડીયાર માતાના મંદિરનું સરનામું પૂછ્યું હતું. જ્યારે ચંદ્રીકાબેને જણાવ્યું કે અહીં કોઈ મંદિર નથી, ત્યારે ટુ-વ્હીલરના ચાલક શખ્સે તરત જ પોતાને ખોડીયાર માતાજી અને કાળકા માતાજીનો ભુવો હોવાનો દાવો કર્યો હતો. વિશ્વાસ કેળવવા માટે પહેલા ચંદ્રીકાબેન પાસેથી એક રૂપિયો માંગ્યો જે તેમને આપ્યો. ત્યારબાદ આ શખ્સે વૃદ્ધાને સો રૂપિયા પણ પાછા આપ્યા. પૈસાની આ આપ-લે બાદ બંને શખ્સોએ વૃદ્ધાને મીઠી વાતોમાં રાખી દીધા.વાતચીતમાં મગ્ન રહેલા ચંદ્રીકાબેન કંઈ પણ સમજી શકે તે પહેલાં બંને શખ્સોએ તેમને છેતરીને હાથની સોનાની બંગડી ઉતારીને આપી દેવાનું કહ્યું. અજાણ્યા શખ્સોની વાતોમાં આવી જઈને ચંદ્રીકાબેને પોતાની એક સોનાની બંગડી ઉતારીને તેમને આપી દીધી હતી. બંગડી લઈને



અજાણ્યા ઇસમો ત્યાંથી નાસી ગયા હતા. આ અંગે વેજલપુર પોલીસે ગુનો નોધી તપાસ હાથ ધરી હતી. આમ એક ટોળકી ઝડપાઈ હતી ત્યાં બીજી આવી ઠગાઈ થઈ ગઈ હતી.

વિગતો જોઈએ તો ફ્રોડની પ્રથમ ઘટના વડોદરામાં બની છે. સરકારી લાભો અપાવવાના બહાને સાવલીમાં બે વૃધ્ધાઓ પાસેથી રોકડ તેમજ દાગીના તફડાવી ગઠિયાઓ ફરાર થઇ ગયા હતા. પોલીસે વૃધ્ધાને ટાર્ગેટ કરતા ત્રણ ગઠિયાની ધરપકડ કરી છે. સાવલી તાલુકાના સામંતપુરા ગામમાં રહેતા કાંતાબેન રસિકભાઇ ગોહિલે સાવલી પોલીસમાં બે અજાણ્યા યુવાનો સામે નોધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે તા.૫ જુલાઈના રોજ હું શાકભાજી લેવા માટે ગોઠડા તરફ ચાલતી જતી હતી ત્યારે બાઇક પર આવેલા બે યુવાનોએ વિશ્વાસમાં લઇ બાઇક પર બેસાડી હતી અને અમો બેન્કોમાં સરકારી કામો કરીએ છીએ, ઉંમરલાયક માણસોને સરકારી લાભો અપાવીએ છીએ તેમ કહી સાવલી સેવાસદન પાસે લઇ ગયા હતાં.

ત્યાં એક છાપરા નીચે બેસાડી અંગુઠો તેમજ ફોટો લીધા બાદ એક ગઠિયાએ ફોન પર મારા પુત્ર સાથે વાત કરાવી હતી તે મુજબ મેં પાયલ, બુટ્ટી અને રોકડ મળી કુલ રૂપિયા૧૪૫૦૦ની મતા આપી દીધા હતાં. બાદમાં ગઠિયાઓ તમારા બાબાને પૈસા લેવા મોકલી આપજો તેમ કહી તેઓ જતા રહ્યા હતાં. જો કે બાદમાં ખબર પડી હતી કે ફોન પર મારા બાબાની સાથે નહી પરંતુ અન્ય સાથે વાત કરી હતી.

અન્ય બનાવમાં રૂપણકુઇ ગામના સાઇઠ વર્ષના સૂરજબેન ભગવાનભાઇ ભોઇ જાન્યુઆરી માસના-ારંભમાં સાવલીની બેન્ક ઓફ ઇન્ડિયામાંથી રૃપિયા ઉપાડી બહાર નીકળ્યા હતા ત્યારે એક શખ્સે આવીને હું તાલુકા પંચાયતનો સાહેબ છું, તમારા જેવી ઉંમરલાયક મહિલાઓને સરકારી લાભો અપાવવાનું કામ કરું છું તેમ કહી વિશ્વાસ કેળવ્યો હતા.

બાદમાં બેંકમાંથી ઉપાડેલી રકમ રૂપિયા સત્તર હજારના ડબલ કરી આપવા માટે બેંકના એટીએમ પાસે લઇ ગયો હતો. વૃધ્ધા પાસેથી પૈસા લીધા બાદ એટીએમ મશીન પાસે જઇને પરત આવીને એક પાવતી આપી બેંકમાંથી તમને ડબલ રૃપિયા મળશે તેમ કહ્યું હતું. વૃધ્ધા બેંકમાં ગઇ તો પાવતી બોગસ હોવાનું જણાયું હતું. દરમિયાન સાવલી પોલીસે ફિરોઝ ઇસુબ મલેક અને સલીમ ઇબ્રાહિમ મલેક તેમજ આશીફખાન મહેબુબખાન પઠાણની ધરપકડ કરી તેઓની પાસેથી સોના-ચાંદીના દાગીના સહિત કુલ રૂપિયા એક લાખ ત્રાણુ હજારનો મુદ્દામાલ કબ્જે કરાયો છે.

---

### જમવા માટે ચાલીને જતો હતો ત્યારે બૂમ પાડી ઉભો રાખ્યો અને શરૂ કર્યો ડખ્ખો

# નશેડીએ યુવાનને પતાવી દેવાની આપી ધમકી

## ઉદ્યોગનગરની ઘટનાઃ સાથે બેસવાની ના પાડનારા યુવાનને ગડદાપાટા મારી ધમકાવ્યો, તેણે પોતાના શેઠને બોલાવતાં નશાખોરે શેઠને પણ લઇ લીધા આડેહાથ અને દીધી ધમકીઃ એ-ડિવીઝન પોલીસે કરી કાર્યવાહી

રાજકોટ, તા. ૨૬

શાંત શહેર રાજકોટમાં કોણ ક્યારે કેવા કારણોસર બાખડી પડે તેની જ ખબર પડતી નથી. હવે એક કિસ્સો એવો સામે આવ્યો છે જેમાં એક યુવાન ચાલીને જતો હતો ત્યારે બીજા શખ્સે તેને ઉભો રાખી તું મારી પાસે બેસી જા તેમ કહેતાં આ યુવાને પોતે જમવા જતો હોઈ મોડુ થાય છે, પાસે બેસવું નથી તેમ કહેતાં આ યુવાન પર એ શખ્સે હુમલો કરી દીધો હતો અને ડોકી પકડી માર મારી માથે જતાં મારી નાખવાની ધમકી આપી હતી. આથી ગભરાયેલા યુવાને મદદ માટે પોતે જ્યાં નોકરી કરે છે એ શેઠને બોલાવતાં શેઠ વચ્ચે પડતાં ડખ્ખો કરનારે શેઠને પણ આડે હાથ લઇ ગાળો દઇ તેમને પણ પતાવી દેવાની ધમકી આપી દીધી હતી. આ ડખ્ખાની વાત અંતે પોલીસ સુધી પહોંચી હતી.

વિગતો પર નજર કરીએ તો શહેરના ગોંડલ રોડ પર આવેલી ઉદ્યોગનગર કોલોનીમાં રહેતા એક શ્રમિક યુવક પર તેના પડોશીએ હુમલો કરી ઈજા પહોંચાડતાં સારવાર લેવી પડી હતી. નશાની હાલતમાં રહેલા પાડોશીએ આ યુવાનને ઉભો રાખી પોતાની બાજુમાં બેસવાનું કહેતાં યુવાને ના પાડતાં તેની ડોક પકડી પાટું માર્યું હતું અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. એટલુ જ નહિ આ યુવાનને તેના શેઠ બચાવવા વચ્ચે પડતાં તેને પણ મારી નાખવાની ધમકી આપી હતી અને પોલીસથી પણ



પોતે બીતો નથી તેવું કહીને પણ ખેલ કર્યા હતાં. આ મામલે એ-ડિવીઝન પોલીસે ગોંડલ રોડ ઉદ્યોગનગર કોલોની ક્વાર્ટર નં. ૧૦૪ પાસપોર્ટ ઓફિસવાળી શેરીમાં રહેતાં રામબાલક સેતુભાઇ ચૌરસીયા નામના પચ્ચીસ વર્ષના યુવાનની ફરિયાદ પરથી તેના જ પડોશમાં રહેતાં ગજેન્દ્ર બહાદુરભાઇ જાદવ વિરૂધ્ધ ગુનો નોધી તેને ઝડપી લેવા તજવીજ કરી હતી.

વધુ માહિતી અનુસાર રામબાલક મુળ યુપીના ગંગાપુર સિધ્ધાથનગરનો વતની છે. તે કારખાનામાં મજૂરી કરી ગુજરાન ચલાવે છે. તેણે જણાવ્યું હતું કે રાતે નવેક વાગ્યે હું રહેણાંક વિસ્તારમાં જમવા માટે જતો હતો ત્યારે તેના ઘરના ચોક પાસે રહેતો ગજેન્દ્ર બહાદુરભાઈ જાદવ નશાની હાલતમાં બેઠો હતો. તેણે રામબાલકને રોકીને પોતાની બાજુમાં બેસવા કહ્યું હતું. રામબાલકે જમવાનું બાકી હોવાનું જણાવી ના પાડતાં ગજેન્દ્ર એકદમ ઉશ્કેરાઈ ગયો હતો અને રામબાલકની ડોક પકડી લઇ ઢીકો પાટું મારી ઢોર માર માર્યો હતો. માર મારતી વખતે તેણે 'અહીં બેસ મારી પાસે નકર તને હું જાનથી મારી નાખીશ' તેમ કહીને બેફામ ગાળો પણ દીધી હતી. બાદમાં રામબાલકે પોતાના શેઠ રજનીકાંત પ્રેમજીભાઈને ફોન કરીને મદદ માટે બોલાવ્યા હતા.

જાણ થતાં જ તમેણે તુરંત પહોંચીને રામબાલકને ગજેન્દ્રના વધુ મારથી બચાવ્યો હતો. જો કે ગજેન્દ્ર જાદવે બચાવવા આવેલા રામબાલકના શેઠને પણ જેમફાવે તેમ ગાળો આપી અને 'તું અહીંથી જતો રહે, નકર તને પણ જાનથી મારી નાખીશ' તેવી ધમકી આપી હતી. આ ઉપરાંત તેણે પોલીસને પડકાર ફેંકતા કહ્યું હતુ ક-તારે પોલીસ બોલાવવી હોય તો બોલાવી લે, હું પોલીસથી બીતો નથી. આ ઘટનાને પગલે વિસ્તારના લોકો ભેગા થઈ ગયા હતા.

આ દરમિયાન કોઇને જાણ કરી દેતાં પોલીસની ગાડી ઘટનાસ્થળે પહોંચતા જ આરોપી ગજેન્દ્ર ત્યાંથી ભાગી ગયો હતો. રામબાલક ચૌરસિયા અને તેના શેઠે એ-ડિવીઝન પોલીસ સ્ટેશને પહોંચી ગજેન્દ્ર વિરૂધ્ધ જાનથી મારી નાખવાની ધમકી, માર મારવા અને અપશબ્દો બોલવા બદલ ફરિયાદ કરતાં એ-ડિવીઝનના ઈન્સ. બી. વી. બોરીસાગરના માર્ગદર્શનમાં એએસઆઇ આર.જી. ચૌહાણે એફઆઈઆર દાખલ કરી હતી. આમ બાજુમાં બેસવાની ના પાડવા મામલે પણ બટાઝટી બોલી ગઈ હતી.

---

# છાત્રા સાથે ટપોરીનું બ્લેકમેઈલીંગ

## ફોટા વાયરલ કરવાની, પિતાને મોકલી દેવાની ધમકી દઇ રોકડા પડાવ્યા : વિડીયો કોલ કરી હલકી હરકતો કરી અઘટીત માગણીઓ કરીઃ ઈન્સ્ટાગ્રામ દ્વારા યુવતીને ફસાવી

રાજકોટ, તા. ૨૬

દૂષ્કર્મ, પજવણી, છેડતીની ઘટના એક ભુલાય ન ભુલાય ત્યાં બીજી નોંધાઇ જાય છે. વધુ આવી એક ઘટનામાં બીસીએની વિદ્યાર્થીનીને પ્રેમજાળમાં ફસાવી ફોટા વાયરલ કરવાની ધમકી આપી લાખો રૂપિયા પડાવી લેવાયા છે. માથે જતાં વિડીયો કોલ કરી અશ્લીલ હરકતો પણ કરવામાં આવતી હતી અને છાત્રા પાસે અઘટીત માંગણી કરવામાં આવતી હતી. સોશિયલ મિડીયાનો અનેક લેભાગુઓ દુરૂપયોગ કરતાં હોય છે. આ ઘટનામાં પણ ઈન્સ્ટાગ્રામના માધ્યમથી છાત્રાને ફસાવી લેવાઈ હતી.

આ ઘટનાની વિગતો જોઇએ તો અમદાવાદની એક યુનિવર્સિટીમાં બીસીએના બીજા વર્ષમાં અભ્યાસ કરતી એક એકવીસ વર્ષીય વિદ્યાર્થિની બ્લેકમેઈલિંગનો ભોગ બની હોવાની ઘટના સામે આવી છે. ઈન્સ્ટાગ્રામ પર મિત્રતા કેળવીને કરણ શાહ નામના યુવકે હોટલમાં સાથે પાડેલા અંગત ફોટા અને સંબંધો જાહેર કરવાની ધમકી આપીને વિદ્યાર્થિની પાસેથી ટુકડે-ટુકડે બે લાખથી વધુની રકમ પડાવી લીધા હતા. આ ઉપરાંત, શખસે વીડિયો કોલ પર અશ્લીલ હરકતો કરીને વિદ્યાર્થિની પાસેથી જાતીય માંગણી પણ કરી હતી. પોલીસ સુત્રોના જણાવ્યા અનુસાર પીડિત વિદ્યાર્થિની હાલમાં પી.જી.માં રહીને અભ્યાસ કરે છે. તેણે પોલીસ ફરિયાદમાં જણાવ્યું છે કે, લગભગ છ મહિના પહેલાં તેના ઈન્સ્ટાગ્રામ આઈડી પર કરણ શાહ નામના શખસની ફ્રેન્ડ રિક્વેસ્ટ આવી હતી, જે તેણે સ્વીકારી હતી.

બાદમાં કરણ શાહે પોતાની ઓળખમાં પાલ ગામ, સુરતનો રહેવાસી અને અદાણી પોર્ટમાં ચા પગારની નોકરી કરતા હોવાનું કહ્યું હતું. પોતે જૂનાગઢનો હોવાનું જણાવી વિદ્યાર્થિનીનો વિશ્વાસ કેળવ્યો હતો.



**સોશિયલ મિડીયાથી ગમે તેની સાથે દોસ્તી કરી આગળ વધતાં પહેલા ચેતવતો વધુ એક કિસ્સો**

શરૂઆતમાં તેમની વચ્ચે મેસેજ અને પછી ટેલિફોનિક વાતચીત શરૂ થઈ હતી. મે મહિનામાં તેઓ અમદાવાદના એક મોલ ખાતે રૂબરૂ મળ્યા હતા. બાદમાં કરણે તેને લગ્ન માટે -પોઝ પણ કર્યું હતુ અને તેની માતા સાથે પણ વાત કરાવી હતી. વિશ્વાસ કેળવાયા બાદ કરણે પૈસાની માંગણી કરવાનું શરૂ કર્યું. તેણે પોતાનું બેન્ક એકાઉન્ટ ફ્રીઝ થઈ ગયું હોવાનું જણાવી હપ્તો ભરવા માટે મદદ માંગી, જેથી વિદ્યાર્થિનીએ સૌપ્રથમ પોતાના બેન્ક એકાઉન્ટમાંથી રૂપિયા દસ હજાર ટ્રાન્સફર કર્યાં હતા.

આ પછી તેઓ નવરંગપુરા સ્વસ્તિક ચાર રસ્તા પાસે આવેલી હોટલમાં મળ્યા હતા. આ મુલાકાત દરમિયાન કરણ શાહે તેના મોબાઈલમાં બંનેના સાથેના અંગત ફોટા પાડ્યા હતા. આ જ ફોટાનો ઉપયોગ કરીને કરણે બ્લેકમેઈલિંગ શરૂ કર્યું હતું. બાદમાં જૂન માસમાં કરણે વિદ્યાર્થિનીને ધમકી આપી કે, જો તે તેના એકાઉન્ટમાં પૈસા ટ્રાન્સફર નહીં કરે, તો તેઓએ સાથે પાડેલા ફોટોગ્રાસ વાઈરલ કરી દેશે. આ ડરના કારણે વિદ્યાર્થિનીએ પોતાની બહેનપણીઓ પાસેથી ઉછીના લઈને અને પોતાની બેંક એફ.ડી. તોડીને ટુકડે-ટુકડે કરણ શાહને પૈસા મોકલ્યા હતા. જ્યારે પૈસા આપવાનું બંધ કર્યું, ત્યારે કરણે તેને બ્લેકમેઈલ કરીને ધમકી આપી હતી.

તેણે કહ્યું કે તે તેમના હોટલમાં મળ્યાની હકીકત તેના પિતાને જણાવી દેશે. જેને લીધે વિદ્યાર્થિનીએ છેવટે પોતાની સોનાની વીંટી અને બુટ્ટી વેચીને પણ આશરે પચ્ચીસ રૂપિયા કરણને આપ્યા હતા. આમ, કરણે ટુકડે-ટુકડે કુલ બે લાખ છ્યાંસી હજાર રૂપિયા પડાવી લીધા હતા. આર્થિક શોષણ ઉપરાંત, કરણે વિદ્યાર્થિનીને વોટ્સએપ પર વીડિયો કોલ કર્યો હતો અને તેને પોતાના કપડાં ઉતારીને જાતીય સંબંધની માંગણી કરી હતી. આ સમયે પણ તેણે વધુ પૈસા નાખવા માટે દબાણ કર્યું હતું અને ફોટા વાઈરલ કરવાની ધમકી આપી હતી. આખરે, પૈસાની માંગણી હદ વટાવી દેતા, પીડિતાએ તેના માતા-પિતાને સમગ્ર વિગત જણાવી હતી. આ પછી વિદ્યાર્થિનીએ તેના પિતા સાથે પોલીસ સ્ટેશને આવીને કરણ શાહ સામે ફરિયાદ નોંધાવી છે. પોલીસે આરોપી કરણ શાહ સામે ગુનો નોંધીને તેને ઝડપી લેવાની તજવીજ હાથ ધરવામાં આવી હતી.

### અપહરણ બળાત્કારના ગુનામાં આઠ વર્ષથી ફરાર શખ્સને ઝડપી લેવાયો

અન્ય એક કિસ્સો જોઇએ તો ભરૂચ પેરોલ-ફર્લો સ્કવોડે બળાત્કાર અને અપહરણના ગુનામાં છેલ્લા આઠ વર્ષથી ફરાર આરોપીને રાજસ્થાનના અજમેર બસ સ્ટેન્ડ પરથી ઝડપી પાડ્યો છે. આરોપી સજા ભોગવી રહ્યો હતો અને પેરોલ જમ્પ કરીને ભાગી ગયો હતો. યુનુશ અલી ઉસ્માનગની વ્હોરા ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુનામાં દોષિત હતો. અમદાવાદની અધિક સત્ર ન્યાયાલય, કોર્ટ નંબર પંદર દ્વારા ૨૦૧૪માં સાત વર્ષની સખ્ત કેદની સજા ફટકારવામાં આવી હતી. તે અમદાવાદ મધ્યસ્થ જેલમાં સજા ભોગવી રહ્યો હતો. આરોપી ૨૦૧૭માં દસ દિવસની પેરોલ રજા પર છૂટ્યો હતો. જોકે, પેરોલ અવધિ પૂરી થયા બાદ તે જેલમાં હાજર ન થઈને ફરાર થઈ ગયો હતો. તેના વિરુદ્ધ ભરૂચ શહેર 'બી' ડિવિઝન પોલીસ સ્ટેશનમાં પ્રિઝન એક્ટ હેઠળ ગુનો નોંધાયો હતો.

દરમિયાન પોલીસ સબ ઈન્સ્પેક્ટર આર.એસ. ચાવડાના માર્ગદર્શન હેઠળ ભરૂચ પેરોલ-ફર્લો સ્કવોડની ટીમ આરોપીની શોધખોળ કરી રહી હતી. એ.એસ.આઈ. મગન દોલાભાઈને મળેલી બાતમીના આધારે જાણવા મળ્યું કે આરોપી રાજસ્થાન આવી રહ્યો છે. આ માહિતીના આધારે, ટીમે હ્યુમન ઈન્ટેલિજન્સ અને ટેકનિકલ સર્વેલન્સનો ઉપયોગ કરીને અજમેર બસ સ્ટેન્ડ પર સફળતાપૂર્વક કોર્ડન ગોઠવી આરોપીને પકડી પાડ્યો હતો.

---

### પહેલો સગો પાડોશી કહેવાય પણ અહિ તો પાડોશીએ ભૂંડા બોલ્યા ને ખૂનની ધમકી'ય દીધી

# પાડોશી સાથે દંગલ કરી દંપતિની ધમકી

## ગોપાલ ચોક ત્રિલોક પાર્કમાં અરજીનો ખાર રાખી દરજી પ્રૌઢના દિકરાના ટાંટીયા ભાંગવાની અને આખા પરિવારને છરીના ઘા મારી દેવાની પાડોશી દંપતિની ધમકીઃ છાસવારે થતી હેરાનગતિથી પરેશાન પરિવારે નોંધાવી યુનિવર્સિટી પોલીસમાં ફરિયાદ

રાજકોટ, તા. ૨૬

શહેરમાં નાની મોટી વાતે બોલાચાલી મારામારીની ઘટનાઓ રોજીંદી થઇ પડી છે. એવી કહેવત છે કે પહેલો સગો પાડોશી. કોઇપણ સુખ-દુઃખના પ્રસંગ હોય કે બીજી જરૂરીયાત હોય તો જે તે લોકોને તેના પાડોશી સૌથી પહેલા મદદ કરવા પહોંચતા હોય છે. પરંતુ ઘણીવાર આ કહેવત ખોટી ઠરતી હોય છે. પાડોશીઓ જ ગૂંડાગીરી પર ઉતરી આવતાં હોય છે. શહેરના ગોપાલ ચોકમાં આવેલા ત્રિલોક પાર્કમાં રહેતો પરિવાર પાડોશી દંપતિની દાદાગીરી, ગૂંડાગીરીથી ત્રાહીમામ થઇ જતાં પોલીસની મદદ લેવી પડી છે. દરજી પરિવારનો દિકરો પોતાના દાદાએ જમી લીધુ હોઇ તેમને ફળીયામાં લઇ જઇ હાથ ધોવાનું કહેતો હતો ત્યારે પાડોશી દંપતિએ તારા બાપના હાથ પણ ધોવડાવી લેજે તેવા વેણ કરી ગાળો દઇ ટાંટીયા ભાંગવાની ધમકી આપી હતી. પછી દિકરાને બચાવવા આવેલા માતા-પિતાને પણ પતાવી દેવાની ધમકીઓ અપાઇ હતી.

સમગ્ર ઘટનાની વિગતો પર નજર કરીએ તો ત્રિલોક પાર્ક વિસ્તારમાં પડોશીઓ વચ્ચે નજીવી બાબતે શરૂ થયેલો બોલાચાલીનો બનાવ ગંભીર ધમકીમાં પરિણમ્યો છે. હાથ ધોવા જેવી સામાન્ય વાત પરથી વિવાદ વકરતા પાડોશી દંપતીએ ફરિયાદીના દીકરાને ટાંટિયા ભાંગી નાખવાની અને બાદમાં ફરિયાદી તથા તેમના પરિવારને છરીના ઘા મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાની પોલીસ ફરિયાદ નોંધાઈ છે. ત્રિલોક પાર્ક શેરી નં. ૧, અશર સ્કૂલ પાસે રહેતા હિનેશભાઈ ચંદુભાઈ પરમાર નામના ચોપન વર્ષના દરજી પ્રૌઢ દ્વારા ગાંધીગ્રામ-૨ પોલીસ સ્ટેશનમાં આ અંગે ફરિયાદ નોંધાવવામાં આવી છે. ફરિયાદ મુજબ હિતેષભાઇનો દિકરો ભવ્ય તેના દાદા ચંદુભાઈને જમી લીધા બાદ ફળીયામાં હાથ ધોઈ લેવાનું કહેતો હતો ત્યારે પાડોશી



**હવે અરજી કરી તો ખેર નથી, હું કોર્પોરેશનમાં છું તારુ મકાન પણ ભાડે નહિ અપાવા દઉ, સમયસર આખા પરિવાર સાથે અહિથી ભાગી નહિ જા તો બધાયને છરીના ઘા મારી દઇશ તેવી ધમકી પણ દીધી**

મનોજભાઈ પરમાર અને તેની પત્નિ મીનાબેને આ સાંભળી ભવ્યને-તારા બાપના હાથ પણ ધોવડાવી લેજે તેમ કહી ગાળો દીધી હતી અને તું બહાર નીકળ એટલે તારા ટાંટીયા ભાંગી નાખવા છે તેવી ધમકી આપી હતી.

આ સાંભળીને મનોજભાઈ અને મીનાબેન ઉશ્કેરાઈ ગયા હતા અને ભવ્યને જેમ ફાવે તેમ ગાળો આપવા લાગ્યા હતા. મનોજભાઈએ ભવ્યને જૂની અદાવતનો ઉલ્લેખ કરતા કહ્યું હતું કે તારા બાપએ અમારા વિરુદ્ધ અરજી કરેલ છે અને હવે અરજી કરી તો તમારી ખેર નથી. સાથે જ ભવ્યને ઘરની બહાર નીકળ એટલે ટાંટિયા ભાંગી નાખવા છે તેવી ધમકી પણ આપી હતી. દીકરાને ધમકી મળતા હિતેશભાઈ અને તેમના પત્ની વચ્ચે પડવા ગયા ત્યારે મનોજભાઈએ તેમની સાથે પણ ગાળાગાળી કરી. મનોજભાઈએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરીને હિતેશભાઈને ગંભીર ધમકી આપી હતી કે તું સમયસર તારા પરિવાર સાથે અહીંથી જતો રહે નહીંતર મારો મગજ ગયો ને તો તને તારા પરિવારને છરીના ઘા મારી જાનથી મારી નાખીશ.

દરજી કામ કરી ગુજરાન ચલાવતાં ફરિયાદી હિતેશભાઈએ જણાવ્યું હતું કે આ દંપતી વારંવાર નાની નાની વાતોમાં બોલાચાલી અને ઝઘડો કરી હેરાન-પરેશાન કરે છે. તેઓ કોર્પોરેશનમાં નોકરી કરતા હોવાની અને 'અમારું બધેય ચાલે છે, અમારે વગ છે' તેમ કહી ધમકીઓ આપે છે. આ ઉપરાંત, તેઓ મકાન ભાડે નહીં આપવા દેવાની પણ ધમકી આપીને ડરાવતા હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. ફરિયાદના આધારે ગાંધીગ્રામ-૨ પોલીસ સ્ટેશનના ઇન્સ. એચ. એન. પટેલના માર્ગદર્શનમાં હેડકોન્સ. જી. એસ. ઝાલાએ મનોજભાઈ પરમાર અને તેમના પત્નિ મીનાબેન સામે કાયદેસરની એફઆઇઆર દાખલ કરી વિશેષ તપાસ હાથ ધરી હતી. પાડોશીઓ વચ્ચેના આ ડખ્ખાએ ત્રિલોક પાર્કમાં ચકચાર જગાવી દીધી છે.

રાજકોટ શહેરના અર્થતંત્ર, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને આધુનિક શહેરી આયોજનમાં એક નવા અધ્યાયની શરૂઆત

# રાજકોટમાં ૩૮ માળની ગગનચુંબી ઈમારતને મંજુરી

## ટોલ બિલ્ડિંગ પોલિસી હેઠળ મનપાની મંજૂરી : ૧૫૦ ફૂટ રિંગ રોડ પરસાણા ચોક પાસે નિર્માણ : મ્યુનિસિપલ કમિશનરએ આપી વિગતો

રાજકોટ

રાજકોટ શહેરના અર્થતંત્ર, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને આધુનિક શહેરી આયોજનમાં એક નવા અધ્યાયની શરૂઆત કરતાં રાજકોટ મહાનગરપાલિકા (RMC) દ્વારા સૌરાષ્ટ્ર વિસ્તારમાં અત્યાર સુધીની સૌથી ઊંચી ૧૪૫ મીટરની ગગનચુંબી ઈમારતના પ્લાનને મંજૂરી આપવામાં આવી છે. ગુજરાત સરકારની Tall Building Policyને અનુરૂપ અને નવા વિકાસલક્ષી દ્રષ્ટિકોણને આગળ વધારતા આ નિર્ણય શહેરના અર્બન લેન્ડસ્કેપને મેટ્રોપોલિટન સ્તરે પહોંચાડશે. તેમ કમિશનર તુષાર સુમેરાએ વિગતો આપતા જણાવ્યું હતું.

૧૪૫ મીટર ઊંચી આ ઈમારત ન માત્ર સૌરાષ્ટ્રની પ્રથમ ગગનચુંબી ઈમારત બનશે, પરંતુ ભવિષ્યમાં શહેરમાં ઊભરતા આકાશી વિકાસ માટે પ્રેરક તબક્કો પણ સાબિત થશે. ઈમારતમાં આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર, સસ્ટેનેબલ ડિઝાઇન, ફાયર સેફ્ટી નોર્મ્સ, ગ્રીન બિલ્ડિંગ સિસ્ટમ્સ, પુષ્કળ પાર્કિંગ, તેમજ આરામદાયક સુવિધાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. અત્યાર સુધી રાજકોટ મહાનગરપાલિકા વિસ્તારમાં ૨૪ માળની ઈમારતોને મંજૂરી મળતી હતી. કમિશનરના જણાવ્યા મુજબ, Tall Building Policy અંતર્ગત પ્રાપ્ત થતી નવી તક હેઠળ ઉંચાઈ વાળા વિકાસને પ્રોત્સાહન મળશે, જેમાં શહેરની જમીનની કાર્યક્ષમતા વધશે, વધારે ઓપન સ્પેસ અને આયોજનબદ્ધ ટ્રાફિક સુગમતા મળશે, આધુનિક વ્યાપારી અને રહેણાંક પ્રોજેક્ટ્સનો માર્ગ મોકળો થશે, શહેરમાં આંતરરાષ્ટ્રીય સ્તરનો અર્બન ડેવલપમેન્ટ મોડેલ વિકસશે.

તેમણે ઉમેર્યું હતું કે જણાવ્યું હતુ કે, Tall Building Policyને અનુસરતા શહેરમાં આધુનિક, સસ્ટેનેબલ અને આયોજનબદ્ધ વિકાસને વધુ વેગ મળશે. રાજકોટને મેટ્રો લેવલના વિકાસ તરફ લઈ જવું એ RMCનું મુખ્ય ધ્યેય છે, અને આ પ્રોજેક્ટ શહેરને નવી ઊંચાઈઓ પર પહોંચાડશે.

આ ગગનચુંબી ઈમારત રહેઠાણ, બિઝનેસ અને શહેરી જીવનસુવિધાઓ all-in-one મોડેલ તરીકે શહેરના વિકાસને નવી દિશા આપશે. તે સાથે રોજગાર તકોમાં વધારો અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં ગુણાત્મક સુધારો થશે. શહેરના હોરાઈઝનમાં વિશ્વસ્તરીય ઓળખ જેવા વિસ્તૃત ફાયદાઓ પ્રાપ્ત થશે. મહાનગરપાલિકા દ્વારા લેવામાં આવેલ આ નિર્ણય સાથે રાજકોટનું ભવિષ્ય વધુ આત્મનિર્ભર, આધુનિક અને દ્રઢ બની રહ્યું છે. શહેરની skyline હવે વધુ ઊંચી, વધુ મજબૂત અને વધુ આયોજનબદ્ધ બનવા જઇ રહી છે. કમિશનરે આ પ્રોજેક્ટની જાહેરાત કરતા ઉમેર્યું હતું કે, આ સીમાચિહ્નરૂપ પ્રોજેક્ટના ડેવલપર્સ Sat Developers પાર્ટનર મનસુખભાઈ ભીમાણી છે તથા ઈમારતની આર્કિટેક્ચરલ ડિઝાઇન એન્જીનીયર ભાવેશ પટેલ દ્વારા કરવામાં આવી છે.

### સ્કાયલાઇનની અદ્યતન એમિનિટીસ

**બિલ્ડર ભીમાણીની રાજકોટ મિરર સાથે વાતચીત**



વસંત બિલ્ડર તરીકે જાણીતા મનસુખભાઇ ભીમાણીએ રાજકોટ મિરર સાથે તેના અદ્યતન અને સૌરાષ્ટ્રમાં પ્રથમવાર નિર્માણ પામનાર ૩૮ માળના હાઈરાઈઝ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે, તેમના આ પ્રોજેક્ટમાં ૩૯ અદ્યતન એમિનિટીસ આપવામાં આવી છે. જેમાં પીકઅપ તથા ડ્રોપ ઝોન અને સાથે ગ્રાન્ડ એન્ટ્રન્સ ગેઈટ, વિઝિટર લોન્જ, વોટર ફિચર વોલ, એડમિનિસ્ટ્રેશન ઓફિસ, હાઉસ કિપિંગ રૂમ તથા ટોઈલેટ, ડ્રાઈવર્સ રૂમ, સર્વન્ટ તથા ડ્રાઈવર ટોઈલેટ, ઈન્ડોર ગેમઝોન, લાઈબ્રેરી, ઈન્ડોર ક્રિકેટ પીચ, યોગા તથા ઝૂમ્બા રૂમ, થિયેટર, જનરલ ટોઈલેટ બ્લોક, એન્ટ્રેન્સ ફોયર, બે જીમ, ડિસ્કો થેક, વેલનેસ ફોર વુમન, ઈન્ડોર ટોડલર ઝોન, સોનારૂમ વીથ ચેન્જિંગ રૂમ, બેન્કવેટ હોલ, કેફેટેરીયા, કેફેટેરીયા કિચન એન્ડ વોશ એરિયા, શેડેડ વોક–વે, બેડમિન્ટન કોર્ટ, ગઝિબો, સિટિંગ એરિયા, સિટિંગ ડેક, એમ્પિથીયેટર, વૂડન ડેક, જોગિંગ ટ્રેક, ચિલ્ડ્રન પ્લે એરિયા, રોક ક્લાઈમ્બિંગ વોલ, ફન્કશનલ લોન, ઓપન કિચન, સ્વિમિંગ પુલ, પુલ સાઈડ ડેક, શાવર એરિયા, વોટર સોફ્ટનર પ્લાન્ટ અને ઈલેક્ટ્રિક કાર ચાર્જિંગ સ્ટેશન સહિત અનેક સુવિધાઓ આપવામાં આવી છે. આ અદ્યતન પ્રોજેક્ટ માઈવન ટેક્નોલોજી એટલે કે, સંપૂર્ણ આરસીસી બાંધકામથી સજ્જ હશે અને આગામી ચાર વર્ષમાં પૂર્ણ થઇ જશે.



### જૂર કરાયેલ આ ઈમારતની ઊંચાઈ ૧૪૫.૧૫ મીટર રહેશે

પ્રોજેક્ટનું નામ સ્કાયલાઈન (Skyline) છે જે પરસાણા ચોક બીજા રિંગ રોડ મવડી ખાતે કુલ ૩૮ માળનો બનશે જેમાં ૧૩૬ રહેણાંક યુનિટ અને ૧૨ પ્રીમિયમ વાણિજ્યિક એકમો (Commercial Units) નો સમાવેશ થાય છે. બીજા માળના સ્તરે એક વિશાળ પોડિયમ (Podium) ની પણ જોગવાઈ ઉભી કરવામાં આવશે. કમિશનરે એવો દાવો કર્યો છે કે, આ ઈમારતની મંજૂરી અન્વયે ફાયર સેફ્ટી, ભૂકંપ પ્રતિરોધક ડિઝાઈન તથા વિન્ડ લોડ કેપેસિટીના તમામ સલામતી ધોરણોનું સઘન પરીક્ષણ કરવામાં આવ્યું છે. સત ડેવલપર્સના પાર્ટનર મન્સુખભાઈ એલ. ભીમાણી તથા ભાવેશ પટેલ સહિતની ટીમ અને મ્યુનિસિપલ કોર્પોરેશનના સહયોગથી આ પ્રોજેક્ટ શહેરમાં વિકાસના નવા માઈલસ્ટોન તરીકે ઉભરી આવશે.

# સાંઢીયા પુલને લાગ્યું બન્ને તંત્રની આડોડાઈનું ગ્રહણ

## ગોકળગાય ગતિએ થતું કામ : મંજુરી માટે મનપા તંત્રની બેદરકારી અને રેલ્વે તંત્રની અવળચંડાઈના કારણે માર્ચ ૨૦૨૬માં કામગીરી પૂર્ણ થવા પર પ્રશ્નાર્થ



રાજકોટ, તા. ૨૬

મહાનગરપાલિકા દ્વારા જે પ્રોજેક્ટ અમલી બનાવવામાં આવ્યો હોય તે કોઈ દિવસ નિર્ધારિત સમયમાં પૂર્ણ થયો નથી કારણ કે કોઈકને કોઈક કારણોસર કામગીરી પૂર્ણ થતી નથી અને કામગીરી માં ઘણા પ્રશ્નો ઊભા થાય છે. આ વાતની ગંભીરતાને ધ્યાને લઈ આજ દિન સુધી હજુ સુધી કોઈ નકર યોજના અથવા તો પગલું લેવામાં આવ્યું નથી જેથી જે યોજનાની અમલવારી કરવામાં આવે તે સમયસર પૂર્ણ થાય. હાલ સાંઢીયા પુલનો પ્રશ્ન સળગતો છે ત્યારે અધ્યતન ફોર ટ્રેક બ્રિજનું કામ જે રીતે ચાલી રહ્યું છે તેને જોતાં લોકોમાં હાશકારો છે કે હવે ટ્રાફિકનો પ્રશ્ન નહીં સતાવે પરંતુ હાલ જે સ્થિતિમાં કામગીરી ચાલી રહી છે તેને લઈ હજુ પણ ઘણા ખરા પ્રશ્નો ઊભા થાય તેવું જણાઈ રહ્યું છે. મળતી માહિતી મુજબ હજુ રેલ્વે દ્વારા મધ્ય ભાગની કામગીરી કરવા માટેની પરવાનગી આપી નથી જેના કારણે આ કામમાં હજુ પણ વિલંબ થાય તેવું સૂત્રો જણાવી રહ્યા છે.

રાજકોટમાં સાડા પાંચ દાયકા પહેલા આ ટુ લેન્ડ પુલ બનેલો હતો જે મોરબી ઝુલતા પુલ દુર્ઘટના બાદ અસલામત જાહેર થતા ૭૪.૩૨ કરોડના ખર્ચે ફોરટ્રેક પુલનું કામ શરૂ કરાયું છે પરંતુ પુલના કામે સેન્ટ્રલ પોર્શનમાં મતલબ કે રેલવે ટ્રેકની બરાબર ઉપરના ભાગે સ્ટીલ ગર્ડર લોન્ચ કરવા ત્રણ મહિના પૂર્વે માંગેલી મંજુરી હજુ સુધી મળી નથી જેથી મહાપાલિકાની ચૂંટણી પૂર્વે આ પુલનું લોકાર્પણ થાય તેવી શક્યતા નહિવત બની ગઈ છે, હવે મે-૨૦૨૬ આજુબાજુ ખુલો મુકાય તેવી શક્યતા છે. પશ્ચિમ રેલવે કયા કારણોસર મંજૂરી આપતું નથી તેનો કોઈ અંદાજો હજુ સુધી સામે આવ્યો નથી ત્યારે ખરી વાસ્તવિકતા સામે આવે તો માલુમ પડે કે શું પ્રશ્નો ઊભા થયા છે.

હવે જ્યાં સુધી ઉપરોક્ત કામ માટે રેલવે વિભાગ તરફથી મંજૂરી ન મળે ત્યાં સુધી તે કામ આગળ ધપી શકે તેમ નથી અને આ કામ એ પુલ પ્રોજેક્ટનું મુખ્ય હિસ્સાનું કામ છે. અંદાજે ૯૦ દિવસ પૂર્વે આ કામ માટે મંજૂરી માંગવાની પ્રક્રિયા કર્યા બાદ અવારનવાર લેખિત, મૌખિક અને ટેલિફોનીક ફોલો અપ લેવામાં આવ્યા બાદ પણ હજુ સુધી મંજૂરી નહીં મળ્યાનું સુત્રોએ જણાવ્યું હતું. આ કામ માટે રેલવે તંત્રએ બ્લોક લેવો પડે મતલબ કે જ્યારે કોઈ ટ્રેન પસાર થવાની ન હોય તેવો સમય મળે ત્યારે જ સ્ટીલના તોતિંગ ગર્ડરના લોન્ચિંગની કામગીરી થઈ શકે છે.

આ પ્રોજેક્ટની મુદ્દત માર્ચ ૨૦૨૬માં પૂર્ણ થાય છે પરંતુ બે મહિનામાં કામ પૂર્ણ થઈ જાય તેમ હોવાથી મહાપાલિકાની ચૂંટણી પૂર્વે લોકાર્પણનો વિચાર હતો પરંતુ હવે કામ લંબાતા હજુ પાંચ-છ મહિના નીકળી જાય તેમ છે. મહાપાલિકા દ્વારા જામનગર રોડ ઉપરના ૫૦ વર્ષથી વધુ જુનો સાંઢિયા પૂલ ડીસમેન્ટલ કરીને નવો ફલાયઓવર બ્રિજ બનાવવા માટે રૂ.૭૪.૩૨ કરોડના ખર્ચે એજન્સી ચેતન કન્સ્ટ્રકશન કંપનીને તા.૧૪-૩-૨૦૨૪થી સોંપવામાં આવ્યો હતો, આ પ્રોજેક્ટની સમયમર્યાદા બે વર્ષ છે. હવે આ કામ કેટલું લંબાય છે તે જોવાનું રહ્યું. ચૂંટણી પૂર્વે આચારસંહિતાનો પ્રશ્ન પણ આ કિસ્સામાં મુખ્ય કારણ ભજવે તો નવાઈ નહીં. ત્યારે અનેક વખત મહાનગરપાલિકા દ્વારા પશ્ચિમ રેલવેને યોગ્ય વ્યવસ્થા કરવા અને મંજૂરી આપવા માટે લેખિત તથા મૌખિક રજૂઆતો કરવામાં આવી પરંતુ હજુ સુધી તે અંગે કોઈ પણ નિર્ણય લેવામાં આવ્યો નથી. જો આ અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવે તો આ બ્રિજનું કાર્ય શરૂ થયું તે સમયથી જ ઘણી વિકટ પરિસ્થિતિનો સામનો કરવો પડ્યો છે મહાનગરપાલિકા માટે પણ સાંઢીયા પુલનું નવનિર્માણ લોઢાના ચણા ચાવવા સમાન જોવા મળ્યું છે.

સરકારી કચેરીની કામગીરીથી હાલ સ્થાનિક લોકો જ નહીં પરંતુ રાજકીય આગેવાનો પણ ત્રાહિમામ

# DILR કચેરીમાં ભ્રષ્ટાચારનો ભોરિંગ

## અર્જુન ખાટરિયાએ મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી, મહેસુલ વિભાગને લખ્યો સળગતો પ્રશ્ન : ખેડૂતોને પડતી મુશ્કેલીનુ નિવારણ લાવવા માંગ



રાજકોટ, તા. ૨૬

સરકારી કચેરીની કામગીરીથી હાલ સ્થાનિક લોકો જ નહીં પરંતુ રાજકીય આગેવાનો પણ ત્રાહિમામ પોકારી ઊઠ્યા છે મળતી માહિતી મુજબ ડીઆઈએલઆર કચેરીમાં ભ્રષ્ટાચાર ઘર કરી ગયો હોય તેવા ઉદાહરણો સામે આવી રહ્યા છે અને તેની સામે ભાજપના જ નેતા દ્વારા બાયો ચડાવવામાં આવી હોવાનું પણ માલુમ પડ્યું છે. આ અંગે ભાજપના આગેવાન અર્જુનભાઈ ખાતરીયાએ કચેરીમાં થતા ભ્રષ્ટાચાર અંગે મુખ્યમંત્રી સહિત નાયબ મુખ્યમંત્રી અને મહેસુલ વિભાગની સાથો સાથ રાજકોટ કલેક્ટરને પણ પત્ર લખ્યો છે અને કહેવામાં આવ્યું છે કે અહીં કોઈ કામ ભ્રષ્ટાચાર વગર થતા નથી. આ લેટર બોમ્બ ના કારણે હાલ સંબંધિત કચેરીમાં પણ ઉહાપો મચી ગયો છે. મળતી માહિતી મુજબ અર્જુનભાઈ ખાટરીયાએ રાજકોટ મિરર સાથે ટેલીફોનિક વાતચીત કરતા જણાવ્યું હતું કે હાલ રી સર્વેના કેસમાં જે ભ્રષ્ટાચાર થઈ રહ્યો છે તેનાથી ખેડૂત ત્રાહિમામ પોકારી ઊઠ્યા છે. અને આ કચેરીના કર્મચારીઓ તથા અધિકારીઓ ઊંધા ચશ્મા પહેરાવવામાં ખૂબ મહેર છે હાલ રાજકોટ જિલ્લાની વાત કરવામાં આવે તો ૮૦% જમીનોના રી સર્વેમાં ઇસ્યુ ઉભા થયા છે.

જમીન રિ-સર્વે, બીનખેતી પ્રક્રિયા સહીતના કામોમાં આ કચેરીના નિયામક, નાયબ નિયામક તથા સરકારી જરીફો વિરુદ્ધ તપાસ કરી ને ભ્રષ્ટાચાર વિરોધી કાયદા હેઠળ કાર્યવાહીની પણ માંગ કરી છે.

રાજકોટ જીલ્લા પંચાયતના સભ્ય અને પુર્વ કારોબારી ચેરમેન અર્જુન ખાટરીયાએ પત્રમાં કહ્યું છે કે, પ્રજાના પ્રતિનિધિ અને સામાજીક અગ્રણી હોવાના નાતે ગામડાના ખેડુતો જમીન રીસર્વેથી માંડીને જમીન માપણી સહિતના મહેસુલી પ્રશ્નો લઈને આવતા હોય છે અને તે અનુસંધાને સંબંધીત અરજદારોને સાથે રાખીને જામનગર રોડ સ્થિત કચેરીમાં રૂબરૂ રજુઆત કરવા ગયા હતા ત્યારે અધિકારીઓએ એવુ કહી દીધુ હતું કે 'રાજકીય વ્યક્તિઓ કે વકીલોએ અન્યોના કામ લઈને નહીં આવવાનું અને સંબંધીત ખેડુતોએ જ આવવાનું રહે છે.'

આ તો કે અર્જુનભાઈએ જણાવ્યું હતું કે જમીન રીસર્વે કે માપણીની ફરિયાદ લઈને ખેડુતો જાય તો ખુલ્લેઆમ નાણાં માંગવામાં આવે છે અને તે આપવામાં ન આવે તો ઈરાદાપૂર્વક રીસર્વે માપણીમાં ક્ષેત્રફળ ઘટાડો કે આકૃતિમાં ફેરફાર અથવા કબ્જા ફેરફાર જેવી ક્ષતિઓ રાખીને હુકમો કરી નાખવામાં આવે છે. તેઓ પાસે જ સુધારાની સતા હોવા છતાં કલેકટર સમક્ષ અપીલમાં જવા કહી દેવામાં આવે છે. તાજેતરના જ એક કેસમાં કલેકટરે ફેરનિર્ણયનો હુકમ કર્યો હોવા છતાં તેની પણ અવગણના કરવામાં આવી છે.

તેઓએ વધુમાં જણાવ્યું હતું કે ૨૦૧૮ થી ૧૯ વાળા ખેડૂતો અરજી કરી રહ્યા હોય તો તેમની અરજીનો નિકાલ આવતો નથી પરંતુ જે ખેડૂતો સર્વેયર ને રૂપિયા આપી કામ કરાવી શકે તો તેમની અરજી વર્ષો જૂની હોય તો પણ લીસ્ટમાં સર્વ પ્રથમ ક્રમમાં આવી જાય છે અને તેના ઓર્ડર પણ થઈ જાય છે. ત્યારે ભ્રષ્ટાચાર સામે અવાજ ઉઠાવવાના બદલે હાલની જે પ્રણાલી છે તેને અનુસરવા માટે ખેડૂતો મજબૂર થઈ ચૂક્યા છે. જો કોઈપણ આ બાબતે અવાજ ઉઠાવે તો તેમના વિરોધ એવા પગલાં લેવામાં આવે છે કે જરૂરી ઓડરો થઈ શકતા નથી. અત્યારે ખેડૂતોને આ જટિલ પ્રક્રિયામાંથી બહાર લાવવા માટે અને પ્રશ્ન વધુ વિકરાળ ન બને તે માટે મુખ્યમંત્રી નાયબ મુખ્યમંત્રી સહિત સર્વેને પત્ર લખવામાં આવ્યો છે અને વિવિધ મુદ્દાઓનો ઉલ્લેખ કરાયો છે.

અધિકારીઓ વિરુદ્ધ અગાઉ પણ ખેડુતોથી માંડીને વકિલ મંડળ સુધીના વર્ગોએ રજુઆત કરી હતી છતાં કોઈ પગલા લેવામાં આવ્યા નથી. રાજયના મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી, મહેસુલમંત્રી, મહેસુલ અગ્ર સચીવ તથા જીલ્લા કલેકટર તથા એન્ટી કરપ્શન બ્યુરોને પાઠવેલા આ પત્રમાં અર્જુન ખાટરીયાએ ભ્રષ્ટ અધિકારીઓ વિરુદ્ધ ભ્રષ્ટાચાર વિરોધી કાયદા હેઠળ ફરિયાદ દાખલ કરીને નોકરીમાંથી બરતરફ કરવા તથા રી-સર્વે, જમીન માપણીના પ્રશ્નોનું વ્હેલીતકે નિરાકરણ લાવવાની માંગ કરી છે.



શ્રી અર્જુનભાઈ ધનશ્યામભાઈ ખાટરીયા
૧૭-કોટડાસાંગાણી
સદસ્યશ્રી

જિલ્લા પંચાયત - રાજકોટ
મો.૯૭૧૪૦ ૫૫૫૫૫

નિવાસ સ્થાન: મુ.પો.રામોદ તા.કોટડાસાંગાણી જિ.રાજકોટ

પ્રતિશ્રી,

(૧) અગ્ર સચિવશ્રી
મહેસુલ વિભાગ (વિવાદ)
સરદાર વલ્લભભાઈ પટેલ
મહેસુલી અપીલ અને રીવીઝન ભવન,
ફાયનલ પ્લોટ નં. ૧૩, સોલા, ઘાટલોડીયા રોડ,
સરખેજ–ગાંધીનગર હાઈવે, ગોતા, અમદાવાદ.

(૨) મહેસુલ મંત્રીશ્રી,
સચિવાલય ગાંધીનગર.

(૩) નાયબ મુખ્યમંત્રીશ્રી
સચિવાલય, ગાંધીનગર.

(૪) મુખ્યમંત્રીશ્રી,
સચિવાલય, ગાંધીનગર.

(૫) કલેકટર સાહેબશ્રી,
કલેકટર કચેરી, રાજકોટ.

(૬) પોલીસ ઈન્સ્પેકટર સાહેબશ્રી,
એન્ટી કરપ્શન બ્યુરો (એ.સી.બી.)
રાજકોટ.

બાબત :– **ડી.આઈ.એલ.આર. શ્રી એન.કે. પટેલ તથા નાયબ નિયામકશ્રી એમ.પી. પટેલ તેમજ રી–સર્વે માપણી કરતા સર્વેયરો વિરુધ્ધ ભ્રષ્ટાચાર અન્વયેની ફરીયાદ અરજી.**

જય ભારત સાથ ઉપરોક્ત બાબતે નમ્ર અરજ કે, અમારી આ અરજીની હકીકત ટુંકમાં નીચે મુજબ છે. જે લક્ષમાં લેવા નમ્ર અરજ છે.

(૧) અમો અરજદાર ભારતીય જનતા પાર્ટીના હોદેદાર અને સામાજીક અગ્રણી છીએ અને હાલમાં અમો જીલ્લા પંચાયત કચેરી રાજકોટના સભ્ય છીએ અને ભુતકાળમાં અમો જીલ્લા પંચાયત કચેરી રાજકોટના પુર્વ કારોબારી ચેરમેન તરીકે સેવા આપેલ છે, અમો અરજદાર પાસે અવાર–નવાર રાજકોટ જીલ્લાના તમામ તાલુકાના ગામડાઓના ખેડુતોના પ્રશ્નો આવતા હોય છે અને પ્રજાના પ્રતિનિધી તરીકે પ્રજાના પ્રશ્નોનું નિવારણ લાવવાની અમારી નૈતિક જવાબદારી છે.

–૨–